☐ ભગવાન મહાવીર : ઉપદેશ અને આચાર માર્ગ

લેખક :
રિષભદાસ રાંકા

અનુવાદક :
ધીરેન્દ્ર દોશી

ચિત્રકાર : (મુખપૃષ્ઠ)
બલિ

☐ પ્રકાશક :
મંત્રી
ભારત જૈન મહામંડળ
૧૫ એ, હોર્નિમન સર્કલ,
કોટ, મુંબઈ ૧.

☐ પ્રથમાવૃત્તિ
સપ્ટેમ્બર '૭૫.
પ્રત :
૨૦૦૦

☐ કિંમત :
ચાર રુપિયા

☐ મુદ્રક :
પ્રભાત પ્રિંટિંગ વર્ક્સ
૪૨૭, ગુલટેકડી,
પૂના-૯.

બે શબ્દ

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આમુખ

ભગવાન મહાવીરને થયા અઢી હજાર વર્ષ થઈ ગયા. સમગ્ર જૈન સમાજ તો શું, ભારતના બધા ધર્મ-પરાયણ લોકો આ વર્ષે એમનું પુણ્ય-પર્વ ઉજવે તો એ બધી દૃષ્ટિએ યોગ્ય જ હશે.

આશ્ચર્ય છે કે અઢી હજાર વર્ષ પૂર્વે થયેલા ભગવાન મહાવીર આપણા માટે અને આ યુગ માટે એટલા જ તાજા છે, જેટલા એમના જીવનકાળમાં હતા. આપણા યુગને ગાંધી યુગ કહેવાનો રિવાજ ચાલુ છે. હું પોતે માનું છું કે સાચો ગાંધીયુગ હજી કાયદેસર શરૂ જ થયો નથી. પરંતુ આ અભિપ્રાયને આપણે બાજુ પર રાખીએ અને ચાલુ રિવાજને માન્ય રાખીને હું કહી શકું છું કે ગાંધીયુગ માટે ખાસ રીતે ભગવાન મહાવીર વિશેષ રૂપે તાજા અને પ્રેરક છે. એમના જમાનામાં એમણે સનાતનીઓની વેદાંત પરંપરા અને સામાન્ય હિંદુ પરંપરાનો ખ્યાલ મનમાં રાખીને સત્ય, અહિંસા, સંયમ અને અનેકાન્તવાદ દ્વારા જે ભારતીય સંસ્કૃતિની સેવા કરી છે એનું આજ આપણે વિશેષ અધ્યયન કરવું જોઈએ.

આ દૃષ્ટિથી જ્યારે વિચારી રહ્યો હતો ત્યારે રિષભદાસજી રાંકાનું તાજું પુસ્તક મારા હાથમાં આવ્યું : ' મહાવીર : વ્યકિતત્વ, ઉપદેશ અને આચાર-માર્ગ '. મેં એને ખૂબ ધ્યાનથી જોયું, અને મને કહેતા આનંદ થાય છે કે આ પુસ્તક મને દરેક રીતે પસંદ આવ્યું. પુસ્તક એટલું નાનું અને વ્યવસ્થિત છે કે એનો સાર, એના આ આમુખમાં દેવાની આવશ્યકતા નથી. હું તો એટલું જ કહીશ કે ભગવાન મહાવીરે અહિંસાનો જે ઉદાર, વ્યાપક અને શુદ્ધ અર્થ કર્યો છે, એજ સાચે ગાંધીયુગના લોકો હરેક રીતે પસંદ કરતા આવ્યા છીએ. અને મહાવીરે સ્યાદ્વાદ અથવા 'અનેકાંતવાદ'નું જે વિવરણ કર્યું છે, એ સર્વધર્મ-સમભાવને માનવાવાળા અમને લોકોને પ્રત્યેક રીતે પુષ્ટિદાયક છે.

ગાંધીજીએ આશ્રમના વ્રતો દ્વારા 'સર્વધર્મ-સમભાવ'નો સંદેશ [illegible]ધાને આપ્યો. એમનો ઉપદેશ સાંભળતા અમે 'સમભાવ'ની જગ્યાએ [illegible]વ'નો શબ્દ ચલાવ્યો. અને ભારતમાતાના મિશનની વાત

વિચારના–વિચારના એ પ્રશ્નોને હવે આપણે બધા ધર્મોનું એક કુટુંબ-પરિવાર બનાવી રહ્યા છીએ.

'ભારતનું મિશન' આજની દુનિયાને [illegible] માં કહ્યું છે કે, 'જગદ્ગુરુ, [illegible], [illegible]', આ દેશનું મિશન એક જ છે કે હવે દુનિયાના [illegible], અને [illegible] એક પરિવાર બનાવીએ. બધા ધર્મોનો એક પરિવાર બનાવવાનું ભારતનું મિશન છે જ. હવે આપણે પૂર્વ અને પશ્ચિમના [illegible] 'સર્વધર્મસમન્વય'નું મિશન દુનિયાની સામે રાખવા રહ્યા છીએ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

રીતે શ્રમણ-સંસ્કૃતિ કેવળ જૈન કે બૌધ્ધો સુધી જ મર્યાદિત નથી, પરંતુ એને પ્રભાવ સાર્વભૌમિક પડ્યો."

હવે જોવાનું એ છે કે આ સંસ્કૃતિએ કઈ મૂળ વાતો પર વધા ભાર મૂકયો છે અને શું એ સંસારની સમસ્યાઓ ઉકેલવામાં સમર્થ છે?

રિષભદાસજી રાંકાએ એ વિશે, મમતા, અહંતા, મતાગ્રહ આ સાંસ્કૃતિક દોષોની સુંદર ચર્ચા, ટૂંકાણમાં કરી છે. અને અંતમાં સાધુએ તથા ગૃહસ્થની જીવનચર્યાનું એક સુંદર વિવરણ, શ્રી. ગોપાલદાસ જીવા ભાઈ પટેલના શબ્દોમાં આપીને આ ગ્રંથ પૂર્ણ કર્યો છે.

"જીવનવ્યાપી આધ્યાત્મની" ની ભૂમિકા સંભાળીને, ગૃહસ્થાશ્ર દ્વારા સમાજ સેવા અને માનવતાની સેવા કરવામાં આવે છે, અને સંત મહાત્મા અને સંન્યાસી આમાં કેવી મદદ આપી શકે છે, એનું વર્ણન પણ આ સુંદર ગ્રંથમાં મળશે.

આમાં જે મહત્ત્વના પ્રાકૃત સુભાષિત આપ્યાં છે એની પસંદગી રિષભદાસજીની વિદ્વત્તા અને સેવા ચાતુર્ય, બંને તરફ આપણું ધ્યાન ખેંચે છે.

હું ઈચ્છું છું કે આ નાના ગ્રંથનો અનુવાદ આ વર્ષે ભારતની અન્ય ભાષાઓમાં થઈ જાય. પછી તો ઉત્સાહી લોક એનો અંગ્રેજી અનુવાદ પણ કરી જ આપશે. ભગવાન મહાવીરનું જો જીવંત શ્રાદ્ધ કરવું હોય તો આ ગ્રંથ દ્વારા ઉત્તમ રીતે થઈ શકે છે આપણા સનાતની, બૌદ્ધ, જૈન, શીખ, બ્રહ્મસમાજી, ભારતવાસી તો આ ગ્રંથનું અભિનંદન કરશે જ, પરંતુ દુનિયાના બધા ધર્મોનો વિશાળ અને પ્રાણવાન પરિવાર બનાવવો હોય તો આ ગ્રંથને બહોળો પ્રચાર પણ થવો જોઈએ.

—કાકા કાલેલકર

ન હતી, શ્રુત કે શ્રવણની પ્રથા હતી. અહીં ગાથાઓનું જે સંકલન કરવામાં આવ્યું છે. એમાં મતભેદને અવકાશ ન રહે એવી રીતે કરવામાં આવ્યું છે. કોઇ પ્રકારની ક્ષતિ ન રહી જાય એની સાવચેતી રાખવામાં આવી છે. મુનિશ્રી બુદ્ધમલજીએ કૃપાપૂર્વક આ સાહિત્ય જોઇ જવાની તકલીફ લીધી છે. એમના સૂચન અનેક દૃષ્ટિએ મહત્વના છે. ભાઈ પ્રતાપસિંહજી વૈદનો આ કામમાં હાર્દિક સહકાર મળ્યો છે.

ત્રીજા ભાગનું આચાર વિષયક સાહિત્ય જોઈને મુનિશ્રી રૂપચંદજીએ કેટલાંય ઉપયોગી સૂચનો આપ્યાં છે. ભાઈ હર્ષચંદ્રજીએ આ કાર્યમાં જે સહકાર આપ્યો છે, એ માટે હું એમનો આભારી છું.

આ પુસ્તકને તૈયાર કરવામાં તથા પ્રકાશનમાં ઈન્દોરના જે. એલ. જૈની ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મિત્રવર્ય જૌહરીલાલજીનો ભારે મોટો હાથ છે. હું એમનો અંતઃકરણપૂર્વક આભારી છું. હસ્તપ્રત તૈયાર કરવામાં ભાઇ ચંદનમલજી 'ચાંદ' નો તથા ટાઈપ વગેરે કરવામાં ચિ અક્ષયકુમાર રાંકાનો સ્નેહાળ સહકાર મળ્યો છે.

સમય કાઢીને આચાર્ય પ્રવર તુલસીજીએ આ વાંચવામાં તકલીફ લીધી અને 'બે શબ્દ' લખીને આશીર્વાદ આપ્યા, એને હું મારા શ્રમની સાર્થકતા માનું છું.

આ પુસ્તકનું પ્રકાશન મારા જુના સહકારી તથા આત્મીય ભાઈ જમનાલાલજી જૈનની દેખરેખમાં થયું છે, એ કારણે જ આનું ક્ષતિ રહિત તથા સ્વચ્છ પ્રકાશન થઈ શક્યું છે. પોતાના કામોમાં રોકાયેલા હોવા છતાં પણ તેઓ મુંબઈ આવ્યા અને મારા પાસેથી આ પુસ્તક તૈયાર કરાવી લીધું. એમનો અને મારો સંબંધ એવો છે કે આભાર જેવી ઔપચારિકતા બિનજરૂરી જ નહિ, પરંતુ અનુચિત પણ છે.

આ પુસ્તક ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવ નિમિત્તે જન સામાન્યના ઉપયોગ માટે પ્રગટ થઈ રહ્યું છે. આશા છે કે એનું યોગ્ય સ્વાગત થશે. મહાવીરના શબ્દોથી નહિ, સાધનાથી જ, સાધનામય જીવનથી જ સમજી શકાશે. એમની મહાન સાધનાના પથ પર, એમની ચરણરજનું એક કણ પણ જો મારા જેવા અલ્પપ્રમાણને ઉપલબ્ધ થઈ શકે તો જીવન ધન્ય બની જાય.

—રિષભદાસ રાંકા

દ્વિતિય આવૃત્તિના સંદર્ભમાં

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ વેચાઈ જતાં અનિવાર્ય સમયમાં આ બીજી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે. પ્રથમ આવૃત્તિને [illegible] જે સૂચનો આવ્યા હતાં એ પ્રમાણે આમાં સુધારાઓ કરવામાં આવ્યાં છે તથા નવું લખાણ પણ ઉમેરવામાં આવ્યું છે. હવે આ સુધારેલી આવૃત્તિ વાચકોના હાથમાં છે.

મુનિશ્રી સંતબાલજીએ સૂચન કર્યું હતું કે ભગવાન મહાવીરે જે, [illegible] ની સાધના કરી તથા તીર્થ [illegible] પ્રાપ્ત કર્યું, તેને [illegible] એટલા માટે જરૂરી છે કે પ્રત્યેક જીવ સદ્ગુણોની ઉપાસના કરી [illegible] તીર્થંકર બને. મનુષ્યમાં જ શક્તિ છે કે એ ભગવાન બની શકે. એ પોતાના ભાગ્યનો એ વિધાતા છે એ સ્પષ્ટ સમજવા માટે સાધના [illegible] પ્રારંભ થાય છે, આગમગ્રંથો [illegible] આવી છે.

બીજું સૂચન [illegible] એ બન્યું કે, [illegible]

[illegible]

[illegible]

[illegible]

અ નુ ક્ર મ

પ્રાગૈતિહાસિક
શ્રમણ-સંસ્કૃતિ

જૈનોની માન્યતા છે કે અતિ પ્રાચીનકાળથી [illegible] આરંભથી જૈન ધર્મ ચાલ્યો આવે છે. [illegible] છે. જૈન સંસ્કૃતિની પ્રાચીનતા [illegible] આધુનિક [illegible] પણ સ્વીકારતા થયા છે. [illegible] વર્ષો પૂર્વે તો જૈન ધર્મને [illegible] ધર્મની શાખા હોવાનું માનવામાં આવતું હતું [illegible] છે. જૈન સંસ્કૃતિ [illegible] આધુનિક [illegible] માન્યતા છે. [illegible] જૈન સંસ્કૃતિ [illegible] છે ।

ભારતની પ્રાચીન સંસ્કૃતિ [illegible] પણ [illegible] છે. [illegible] છે [illegible]

[illegible]

પ્રાચીન સંસ્કૃતિઓથી અર્વાચીન મનાવા લાગી હતી. એમ માનવા
પણ કારણ હોય કે પ્રાચીન ઇતિહાસની શોધ વધારે પ્રમાણમાં ભારત
પ્રત્યે ઉપેક્ષા-ભાવ રાખતા વિદેશીઓએ જ કરી હતી. તેઓ પ્રાચીન
તીય સંસ્કૃતિનો પ્રારંભ વેદ-કાળ પછીનો માનતા હતા કારણ કે વે
પ્રાચીનતાની અવગણના કરી શકાય એમ નહોતું. પરંતુ થોડાં
પહેલાં પણ બધા ઇતિહાસજ્ઞ, ભારતીય સંસ્કૃતિનો પ્રારંભ આર
આગમન પછી અને વેદોના સર્જન પછીનો જ માનતા હતા. અ
મોહન-જો-દડો, હડપ્પા તથા અન્ય સ્થાનોના ખોદકામે ઇતિહાસ
ફરી વિચાર કરતા કરી મૂકયા અને હવે એમ મનાવા લાગ્યું
આર્યોના આગમન પહેલાં ભારતમાં ઉન્નત સંસ્કૃતિ હતી અને
સુસંસ્કૃત લોકો વસતા હતા.

વેદપૂર્વ ભારતીય સંસ્કૃતિ

આર્યોના આગમન પૂર્વે ભારતમાં જે સંસ્કૃતિ હતી એનું હવે વૈજ્ઞ
દષ્ટિએ સંશોધન થવા લાગ્યું છે અને અનેક વિદ્વાનો માનતા થયા
એ શ્રમણ અથવા અર્હત્-સંસ્કૃતિ હોવી જોઇએ. અને એ યજ્ઞ-પ્ર
વૈદિક સંસ્કૃતિથી ભિન્ન હતી. ડૉ. રામધારીસિંહ દિનકરે 'સંસ્કૃ
ચાર અધ્યાય'માં લખ્યું છે કે, "એમ માનવું યોગ્ય લાગે છે કે શ્ર
સંસ્થા ભારતમાં આર્યોના આગમન પહેલા હતી અને બ્રાહ્મણ આ સંસ
હેય માનતા હતા. આ શ્રમણ-બ્રાહ્મણ સંઘર્ષ બૌદ્ધોની પૂર્વે પણ
કારણ કે પાણિનીએ, જેનો સમય ઈસાથી ૭૦૦ વર્ષ પૂર્વેનો માન
આવે છે, શ્રમણ-બ્રાહ્મણ સંઘર્ષનો ઉલ્લેખ 'શાશ્વતિક વિરો
ઉદાહરણ રૂપે કર્યો છે." આગળ જતાં લખ્યું છે કે, "પૌરાણિક
ધર્મ નિગમ અને આગમ, બંને પર આધારિત માનવામાં આવે
નિગમ છે વૈદિકપ્રધાન અને આગમ શ્રમણપ્રધાન છે. આગમ
પ્રાગ્વૈદિક કાળથી ચાલી આવતી વૈદિકેતર ધાર્મિક પરંપરાનો વાચ
જૈનોના મુખ્ય ધાર્મિક ગ્રંથ કહેવાય છે આગમ. બૌદ્ધ ધર્મની સ્થ
ભગવાન બુદ્ધે આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે કરી. આમ બૌદ્ધોની પહેલાં ભ
...તિ હતી અને એ જૈન હોવાની જ સંભવિતતા વધા

જૈન ધર્મ એટલે કે ભગવાન બુદ્ધના ૨૫૦ વર્ષ પૂર્વે તીર્થંકર પાર્શ્વનાથ થયા હતા. એમનો તથા એમનાથી પણ પ્રાચીન કાળમાં તીર્થંકરોનો ઉલ્લેખ મળે છે એ અરિષ્ટનેમિ તથા ઋષભદેવ જૈનોના ઉપાસ્ય તીર્થંકર હતાં. આ છે એટલે વધારે સબળ તો એ જ છે કે પ્રાગૈતિહાસિક કાળમાં આર્ય [illegible] શ્રમણ-સંસ્કૃતિ હતી એ જૈન-સંસ્કૃતિને માનતી આવતી. [illegible] જૈન સંસ્કૃતિ જ હતી. જૈન-અનુશ્રુતિઓમાંથી પણ [illegible] છે કે જૈન ધર્મ અતિ પ્રાચીન કાળથી છે. [illegible] [illegible] ભાષા, ધાર્મિક વિચાર, [illegible] અને [illegible] સાધનોનો પણ [illegible] [illegible] [illegible] પર આવ્યા કે વૈદિક સંસ્કૃતિ પૂર્વે [illegible] [illegible] [illegible] હતી એમના ધાર્મિક [illegible] અને [illegible] હતા અને એમના [illegible] અને [illegible] [illegible] [illegible] સમયકાલીનોમાં હતા [illegible] સાથે એવી પ્રગતિ કરી હતી."

પ્રાગ્વૈદિક અને વૈદિક સંસ્કૃતિ

[illegible]

બેસીને સંપૂર્ણ બ્રહ્માંડનો સાક્ષાત્કાર કર્યો હતો.' ડૉ. દેવેન્દ્ર કુમારે લખ્યું છે કે, 'આર્હતોનો કર્મમાં વિશ્વાસ, ઈશ્વરને સૃષ્ટિકર્તા ન માનવાનું મૂળ કારણ હતું. આ આર્હત્ મુખ્યત્વે ક્ષત્રિય હતા. રાજનીતિની સાથે સાથે ધાર્મિક કામોમાં પણ તેઓ રુચિ ધરાવતા હતા. અવસર મળ્યે તેઓ ધાર્મિક વાદ-વિવાદમાં પણ ભાગ લેતા હતા. તેઓ 'અર્હત'ના ઉપાસક હતા. એમના દેવસ્થાન પૃથક હતા અને પૂજાવિધિ અવૈદિક હતી. આર્હત પરંપરાની પુષ્ટિ શ્રીમદ્ ભાગવત, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, સ્કંદપુરાણ અને શિવપુરાણ વિગેરે ગ્રંથોથી પણ થાય છે. આમાં જૈન ધર્મની ઉત્પત્તિ વિશે પણ અનેક આખ્યાન ઉપલબ્ધ છે. ખરેખર તો આર્હત-ધર્મ જે પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે એ જ વેદો, ઉપનિષદો, જૈનાગમ, મહાભારત અને પુરાણ સાહિત્યમાં થોડા એવા ફેરફાર સાથે સ્પષ્ટ રૂપે જોવામાં આવે છે. તીર્થંકર પાર્શ્વનાથના સમય સુધી જૈન ધર્મ માટે 'આર્હત્' શબ્દ જ પ્રચલિત હતો.

'આમ તો જૈન શાસ્ત્રોમાં પણ એવો ઉલ્લેખ મળે છે કે ધર્મનું પ્રત્યેક તીર્થંકરના તીર્થમાં દેશ-કાળ-પરિસ્થિતિ અનુરુપ પરિવર્તન થઈ જાય છે. જેમકે તીર્થંકર પાર્શ્વનાથના સમયમાં ચાર યામવાળો ધર્મ હતો, એને ભગવાન મહાવીરે પંચવ્રતના રુપમાં વિકસિત કર્યો. મૂળભૂત રીતે આર્હત્-સંસ્કૃતિ અહિંસા, સમતામૂલક તથા કર્મ પ્રધાન હતી, જ્યારે આર્ય ભૌતિક સુખો મેળવી વર્તમાન જીવનને સુખી બનાવનાર પ્રવૃત્તિ મૂલક વિચારોના તથા યજ્ઞોના ઉપાસક હતા. એના પર નિવૃત્તિ પરાયણ અને અહિંસક સંસ્કૃતિનો પ્રભાવ પડયો અને શ્રમણ સંસ્કૃતિએ પણ વૈદિક સંસ્કૃતિમાંથી કેટલીક બાબતો ગ્રહણ કરી. યજ્ઞોમાં પશુ હિંસા બંધ થઈ અને બંને સંસ્કૃતિઓનો સમન્વય થયો. આ સમન્વય ઉપનિષદ તથા મહાભારત કાળમાં દેખાય છે. શ્રમણ-સંસ્કૃતિ પુનર્જન્મમાં માનતી હતી અને એ આધ્યાત્મ-પ્રધાન હતી"

આર્હતોના ઉપાસ્ય ઋષભદેવને આર્યોએ પૂજનીય પુરુષોમાં સ્થાન આપ્યું. વેદમાં એનો ઉલ્લેખ મળે છે, પરંતુ જ્યારે બંને સંસ્કૃતિઓનો સમન્વય થયો ત્યારે બ્રાહ્મણોના ૨૪ અવતારોમાં ઋષભદેવનો સમાવેશ

કરી દેવામાં આવ્યાં. અપકારીને ક્ષમાદાનની તેમ શત્રુઓમાં પણ પુણ્ય અને આત્મદૃષ્ટિ માનવામાં આવતા. આમ તો અપકારીને આપેલાં [illegible] ના ઘણાં કાળ પૂર્વે થયા હોય એમ લાગે છે, [illegible] તેમાં આપેલાં [illegible] [illegible] છે, જેમાં [illegible] [illegible] લેવામાં આવે છે. અપકારીની તેમ [illegible] પણ [illegible] છે. અને સાધનામાં [illegible] પ્રાધાન્ય આપતા હતા. [illegible] [illegible] [illegible] [illegible] પ્રબળ કર્યો છે. તેમાં [illegible] હોય કે [illegible], પણ [illegible] [illegible] [illegible] પ્રાધાન્ય આપતા હતા. આપ્તાત્મ, [illegible] [illegible] માનનારા તથા યજ્ઞ યજ્ઞોના વિરોધી હતા. [illegible]"

[illegible] [illegible] [illegible]

અભિભૂત છે. પરંતુ ભારતીય આધ્યાત્મશાસ્ત્ર અને દર્શન પર જેટલો પ્રભાવ સંન્યાસ અને નિવૃતિનો છે એટલો કર્મ અને પ્રવૃતિના સિધ્ધાંતનો નથી. આમાં આશ્ચર્યની કોઈ વાત નથી. ઋગ્વેદના આધારે એ માનવું ઉચિત છે કે આર્યજન પરાક્રમી હતા. પરાક્રમી મનુષ્ય સંન્યાસથી કર્મને વધારે મહત્વ આપે છે. દુઃખોથી ભાગવાને બદલે, દઢતાપૂર્વક એનો સામનો કરે છે. આર્યોનો આ સ્વભાવ કેટલાય દેશોમાં અક્ષુણ્ણ રહી ગયો છે. ખાસ કરીને યુરોપમાં એમની પરાક્રમશીલતાને અધિક આંચ નથી આવી. પરંતુ કેટલાય દેશોમાં સ્થાનિક સંસ્કૃતિ અને પરિસ્થિતિઓએ આર્યોને પ્રભાવમાં લઈ એમને નિવૃતિ-માર્ગી બનાવી દીધા. ભારતની પ્રાગ્-વૈદિક સંસ્કૃતિએ આર્યોની વૈદિક સંસ્કૃતિની ચોતરફ પોતાની વિશાળ જાળ ફેલાવી દીધી. એને જોતાં આ સુક્તિ સારી એવી સમયોચિત લાગે છે કે, 'ભારતીય સંસ્કૃતિની વચ્ચે વૈદિક સંસ્કૃતિ સમુદ્રમાં ટાપુ સમાન છે.'

વદિક પ્રાર્થનાઓમાંથી પણ એ વાત સ્પષ્ટ થાય છે. વૈદિક માનતા હતા કે, 'સારી સૃષ્ટિ કોઈ એક જ ગુપ્ત શક્તિથી સંચાલિત અને સ્થિર છે. એ શક્તિની આરાધના કરી મનુષ્ય જે ઈચ્છે તે પ્રાપ્ત કરી શકે.' એમની પ્રાર્થનાઓ દીર્ઘાયુષ્ય, સ્વસ્થ શરીર, વિજય, આનંદ અને સમૃદ્ધિ માટે કરવામાં આવતી હતી. કેટલીક પ્રાર્થનાઓ આ પ્રકારની છે:

અમે સો વર્ષ સુધી જીવીએ.
અમે સો વર્ષ સુધી અમારા જ્ઞાનને વધારતા રહીએ.
અમે સો વર્ષ સુધી સ્વસ્થતા અને દઢતા પ્રાપ્ત કરીએ.
અમે સો વર્ષ સુધી આનંદમય જીવન વ્યતીત કરીએ.
અમે સો વર્ષ સુધી અદીન બનીને રહીએ.
જે પોતે ઉદ્યમ કરે છે, ઈન્દ્ર એને સહાય કરે છે.
જે શ્રમ નથી કરતો, દેવતા એની સાથે મિત્રતા નથી રાખતા.
અમે સદા પ્રસન્ન ચિત્તે ઊગતા સૂર્યના દર્શન કરીએ.
અને મારા આરાધ્યદેવ,
આપ તેજ સ્વરૂપ છો, મારામાં તેજને ધારણ કરો.
આપ વીર્યરૂપ છો, મને વીર્યવાન બનાવો.

આપ જ્ઞાનસ્વરૂપ છો, મને જ્ઞાનવાન બનાવો.
આપ ઓજસ્વરૂપ છો, મને ઓજસ્વી બનાવો.

વૈદિક તથા આગમ-સંબંધ

વૈદિક અને આગમની માન્યતાઓ તથા સિદ્ધાંતોનો [illegible] ઘણા સમય પણ ચાલતો હતો. જેમાં [illegible] સ્થાન નથી. [illegible] વિરુદ્ધ હતા અને યજ્ઞમાં હિંસા થતી હતી. [illegible] ઓમાં સમન્વય થયો અને અહિંસા પર ભાર [illegible] આગમ તથા ઉપનિષદોમાં બંને સંસ્કૃતિઓનો સમન્વય [illegible] છે. બંને સંસ્કૃતિઓના સમન્વયમાં [illegible] મહત્ત્વપૂર્ણ ફાળો છે.

[illegible]

સમન્વયનો સૂત્રપાત

[illegible]

મળે છે-મહાભારત કે ઉપનિષદકાળમાં. વૃષભ અને ઋષભ શબ્દ જુદા જુદા અર્થોમાં વપરાયા છે. મેઘ, બળદ, સાંઢ અને અગ્નિ રૂપે એનો ઉલ્લેખ મળે છે. તો કેટલાય સ્થળોમાં કામનાઓ પૂર્ણ કરનારા કે કામના" ઓની વર્ષા કરવાવાળા. પરંતુ ઋગ્વેદમાં બે જગ્યાએ પરમાત્મા રૂપે ઉલ્લેખ છે. એને રુદ્રરૂપે પણ વર્ણવામાં આવ્યા છે. એટલે વિશ્વ કે રૂદ્રના રૂપમાં ઋષભને માનવા અને શિવ તથા ઋષભ એક જ છે. એ વાતનું પણ સમર્થન મળે છે. અર્હત ઋષભને વૈદિક સાહિત્યમાં પ્રશસ્ત પણ કહેવામાં આવ્યા છે. જૈનાગમોમાં ઋષભદેવને ધર્મના આદિ-પ્રવર્તક કહેવામાં આવ્યા છે, તો ભાગવતમાં ઋષભદેવના અવતારનો ઉદ્દેશ વાતરશના, શ્રમણ, ઋષિઓના ધર્મને પ્રગટ કરવાનું કહેવામાં આવ્યો છે.

શ્રમણ અને બ્રાહ્મણ, બંનેમાં જેમનો સમાન આદર છે- એ છે ઋષભદેવ. બંને પક્ષમાં એમને પૂજ્ય માનવામાં આવ્યા છે. જૈનોના તેઓ આદિ તીર્થંકર છે. તો વૈદિકોના વિષ્ણુના અવતાર. શિવપુરાણોમાં પણ અઠ્ઠાવીસ યોગાવતારોમાં એમની ગણના છે.

અર્હત્‌ના ઉપાસક

આર્હત ધર્મના ઉપાસક વ્રાત્ય અને પણિ હતા, એમ સાહિત્યનું અધ્યયન કરતા લાગે છે. પણિ ભારતના અતિ સમૃદ્ધ અને સંપન્ન વેપારી હતા. તેઓ કેવળ ધનવાન જ ન હતા, જ્ઞાન-વિજ્ઞાનમાં પણ સારા પ્રમાણમાં ઉન્નત હતા. તેઓ દેશ-વિદેશમાં વ્યાપાર કરતા હતા તથા અરબ-આફ્રિકા સુધી પણ જતા હતા. તેઓ યજ્ઞ-પ્રધાન સંસ્કૃતિને માનતા ન હતા અને બ્રાહ્મણોને દક્ષિણા પણ દેતા ન હતા. એ પણ સંભવિત છે કે 'પણિ'થી 'પણિક' અને સમય જતાં 'વણિક' બની ગયા હોય —જે આજ વાણિયા તરીકે ઓળખાય છે. પણિ વૈશ્ય કે વ્યવસાયી હતા.

આર્હત, સંતો કે અર્હતોના ઉપાસક હતા. વ્રાત્યને પરિભ્રમણ કરનારા સાધુ પણ કહેવામાં આવ્યા છે. તેઓ આધ્યાત્મ પરંપરામાં- જેમાં બ્રહ્મ કે ઇશ્વરને નહિ પરંતુ આત્માને જ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે – માનતા હતા. એમની માન્યતા હતી કે આત્મા જ પુરુષાર્થથી પરમાત્મા બની શકે છે.

બંને સંસ્કૃતિના સમન્વય સાધક : ઋષભદેવ

આ ઉલ્લેખો પરથી ઋષભદેવના વાતરશના મુનિ અને ભાગવતના વાતરશના ઋષિની સહજે તુલના કરી શકાય છે. એમના અધિનાયક ઋષભદેવનું જૈન સાહિત્યમાં જેવું વર્ણન કરવામાં આવ્યું છે, લગભગ તેવું જ ભાગવતમાં પણ છે. આથી કેટલાયે વિદ્વાનોએ એવું અનુમાન તારવ્યું છે કે, જૈન સમાજમાં ઋષભના મૂળ ઊંડા ઊતર્યા બાદ જૈન કથાનકને ભાગવતમાં અપનાવવામાં આવ્યું છે. પરંતુ પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીનો મત આ વિષયમાં કંઈક જુદો છે. તેઓ કહે છે કે, ઋષભદેવની માન્યતા, પૂજા, ઉપાસનાની યશોગાથા જૈન પરંપરાની જેમ જૈનેતર પરંપરામાં પણ ઓછા-વત્તા પ્રમાણમાં, એક કે બીજી રીતે અવશ્ય ચાલુ હતી. એટલે એ પણ સંભવ છે કે જિન સંસ્કૃત-પ્રાકૃત પુરાણોમાં ઋષભદેવનાં સંબંધમાં પણ કંઈને કંઈ લખાયું છે એ પણ વર્તમાન ભાગવતમાંથી લેવામાં આવ્યું છે. સારીયે આર્ય જાતિમાં સમાન રૂપે ઋષભદેવની ન્યૂનાધિક માન્યતા અતિ પ્રાચીનકાળથી ચાલી આવે છે. ઋષભ સમસ્ત આર્ય પ્રજાના દેવ છે, એ વિશે મને લેશમાત્ર પણ શંકા નથી.

ભગવાન ઋષભદેવના કુટિલ કેશોની પરંપરા વેદ-ઋચાઓમાં કેશી નામથી વાતરશના મુનિઓનાં અને ભાગવતના વર્ણન સાથે મળતી આવે છે. કારણ કે જૈન-પરંપરાના ઋષભદેવની મૂર્તિઓ પર કુટિલ કેશોની પરંપરા પ્રાચીનકાળથી ચાલી આવે છે, જે આજ પણ છે. બધાં તીર્થંકરોની મૂર્તિઓમાં માત્ર ઋષભદેવની મૂર્તિ પર જ કુટિલ કેશોનું રૂપ દેખાડવામાં આવે છે અને એ એનું વિશેષ લક્ષણ છે. ઋષભદેવને કેસરિયાનાથ પણ કહે છે. કેસર, કેશ અને જટા એક જ અર્થના વાચક છે. સિંહ પણ પોતાના કેશોના કારણે કેસરી કહેવાય છે. કેસરિયાનાથના શબ્દ સામ્યના કારણે એમના પર કેસર ચઢાવવાની પ્રથા ભલે પડી ગઈ હોય, પરંતુ ઋષભદેવનું 'કેસરિયાનાથ' નામ કેશોના કારણે પ્રચલિત થયું હોવાનું વધારે માનવા યોગ્ય લાગે છે.

જૈનોના સાહિત્યમાં ઋષભદેવની જટાઓનું વર્ણન મળે છે. આમ ઋષભદેવના કેશી અને વાતરશના મુનિ, ભાગવતના ઋષભ અને વાતરશના

અમુક ઋષિ અને કેવલિ પાર્શ્વનાથ, ઋષભ તીર્થંકર અને [illegible] નિગ્રં-
થ સંપ્રદાય એક જ સિદ્ધ થાય છે, કારણ કે ઋષભ અને [illegible] એક જ
[illegible], વૈદિક ગ્રંથોમાં ઉલ્લેખ છે. આના પરથી એ અનુમાન થાય છે કે
[illegible] મુનિઓના નિગ્રંથ સાધુઓ તથા મુનિઓના [illegible]
[illegible] છે. આથી જૈન-ધર્મની પ્રાચીન પરંપરા પર પ્રકાશ પડે
છે.

કેટલાક વિદ્વાનો વેદોનો રચના-કાળ ઈસુથી પાંચ હજાર વર્ષ
પૂર્વેથી પણ પહેલાંનો માને છે, તો કેટલાકનું કહેવું છે કે વર્તમાન વેદોની
રચના ઈસુથી ૧૫૦૦ વર્ષ પૂર્વેની છે. આટલું તો માનવું પડે છે કે
જૈન ધર્મ તેનાથી પ્રાચીન છે, કારણ કે વેદોની રચના [illegible]
થયા હશે, ત્યારે જ તો તેમનો ઉલ્લેખ વેદોમાં છે.

મોહન-જો-દડોના ખોદકામે ભારતવર્ષની પ્રાચીનતા [illegible]
[illegible]

[illegible]

હતો. એમણે નવી શોધની પાર્શ્વભૂમિમાં હિંદુઓના ભૌગોલિક વિસ્તારની તપાસની અત્યંત આવશ્યકતા હોવાનું જણાવ્યું છે.

પ્રાચીન જૈન-સંસ્કૃતિનું સ્વરૂપ

પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જૈન-ધર્મનું આજ જે સ્વરૂપ છે એવું જ પ્રાચીન કાળમાં હતું કે એમાં કંઈ તફાવત હતો? ભારત કે આસપાસના દેશો પર જે સંસ્કૃતિનો પ્રભાવ પડ્યો હતો, એનું સ્વરૂપ કેવું હતું? ભારતવર્ષમાં પ્રચલિત પ્રાચીન ધર્મ બે વિભાગોમાં વેચી શકાય છે — એક નિવૃત્તિપ્રધાન, બીજો પ્રવૃત્તિપ્રધાન. પ્રવૃત્તિધર્મમાં ચાર આશ્રમ હતા અને નિવૃત્તિધર્મ એક આશ્રમ પર અધિક ભાર મૂકે છે. એમાં આત્મ-કલ્યાણ માટે કેવળ સંન્યાસને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. એમાં બ્રહ્મચર્ય અને ગૃહસ્થ-આશ્રમને પણ સ્થાન છે, પરંતુ નિવૃત્તિધર્મમાં જાતિ, આયુષ્ય વિગેરેનો વિશેષ વિચાર ન કરતાં, કોઈ પણ જાતિ અને કોઈ પણ ઉંમરના સ્ત્રી-પુરુષ માટે, સમાન ભાવે ત્યાગ અને સંન્યાસનું વિધાન છે. નિવૃત્તિ ધર્મ પ્રમાણે લાચારી જ હોય, પરંતુ પ્રવૃત્તિ ધર્મ અનુસાર આશ્રમના ક્રમ પ્રમાણે પ્રવૃત્તિ અને નિવૃત્તિને સ્વીકારવાનું ઇષ્ટ માનવામાં આવે છે. બ્રહ્મચર્યાશ્રમથી સીધો સંન્યાસ પ્રવેશ પ્રવૃત્તિ ધર્મમાં વર્જ્ય માનવામાં આવે છે. પરંતુ નિવૃત્તિપ્રધાન ધર્મમાં કોઈ બાળ કે કુમાર વયે પણ સંન્યાસ લે તો એ ધર્મ્ય માનવામાં આવશે.

જૈનોની ત્રણ હજાર વર્ષની પરંપરા, જૈન સાહિત્ય તથા જૈન-માનસનું અવલોકન કરતાં જણાય છે કે ધર્મ તો નિવૃત્તિપ્રધાન છે. પરંતુ પંડિત સુખલાલજીનું માનવું છે કે જૈન-ધર્મના મૂળ ઉદ્‌ભવમાં નિવૃત્તિપ્રધાન નહિ પરંતુ પ્રવૃત્તિપ્રધાન સ્વરૂપને જ સ્થાન હતું.

સંપૂર્ણ જૈન પરંપરા ઋષભદેવને વર્તમાન યુગના નિર્માતા, આદ્ય પુરુષ રૂપે જાણે છે. એમને માર્ગદર્શક, કર્મયોગી અને પૂર્ણ પુરુષ રૂપે માને છે, પૂજે છે. એમનું ચરિત્ર જૈન પરંપરાની જેમ બ્રાહ્મણ પરંપરામાં પણ મળે છે. જૈન પરંપરાની માન્યતા બ્રાહ્મણ પરંપરાનું સમર્થન કરે છે. ...દેવના જીવનની, જૈનો દ્વારા વર્ણવાયેલી અનેકાનેક ઘટનાઓ પરથી

અનુમાન થાય છે કે પ્રાચીનકાળમાં જૈન ધર્મનું રૂપ [illegible] ક્ષેત્રમાં અને એ જ [illegible] પ્રતિમાપ્રધાન વૈદિક પરંપરા [illegible] પરંપરાએ અપનાવી વૈદિક સંસ્કૃતિમાં જે વિચાર [illegible] આચરણ, સંયમ, ત્યાગ, પુનર્જન્મ, કૈવલ્ય વિગેરે વાતોના પ્રભાવ શ્રમણ-સંસ્કૃતિનો થયો અને તેમની [illegible] શ્રમણ સંસ્કૃતિના વિચારોને અપનાવવા આવશ્યક પણ [illegible] મુખ્ય અને આરાધ્ય બન્યા છે. આ બધું કરીને પ્રાચીન શ્રમણ સંસ્કૃતિ અને વૈદિક સંસ્કૃતિના સમન્વયકાળની રચના છે. ઉપનિષદકાળમાં વૈદિક અને શ્રમણ સંસ્કૃતિઓનો સમન્વય દેખાય છે.

આ સમન્વયાત્મક સંસ્કૃતિમાં [illegible] કરવાનું કામ પાર્શ્વ, મહાવીર, [illegible] અને [illegible] મુખ્ય રૂપે નિવૃત્તિપ્રધાન બની ગયાં. [illegible] થઈ ગયા. પ્રાગૈતિહાસિક કાળમાં શ્રમણ સંસ્કૃતિના [illegible] સ્પષ્ટ દર્શન થાય છે.

ભગવાન મહાવીરે પોતાના [illegible] આચરણમાં આ પ્રમાણે છે:

[illegible]

છે, ત્યાંસુધી મનુષ્ય આત્મતત્ત્વ જાણવાની ઈચ્છા નથી રાખતો. અવિદ્યાથી આત્મસ્વરૂપ ઢંકાઈ જવાથી કર્મ મનને વશ કરે છે અને ફરીથી કર્મ કરવા માટે આસક્તિ પેદા કરે છે. એટલે જ્યાંસુધી આત્મસ્વરુપમાં એની પ્રીતિ નથી હોતી, ત્યાંસુધી પુરૂષ, દેહ-સંબંધથી મુક્ત નથી થતો અને બધાં બંધનોના કારણભૂત અહંકારના ત્યાગથી મુક્ત થઇ શકે છે.

'હે પુત્રો! મનુષ્ય ભલે ગમે તેટલો વિદ્વાન કે વિવેકી હોય, પરંતુ જ્યાંસુધી પ્રમાદવશ ઇંદ્રિયોને આધીન થઈને એને અનુસરે છે ત્યાંસુધી મૈથુન-સુખ જેમાં મુખ્ય છે એવા ગૃહસંસ્કારમાં ફસાઈને એ ત્રિવિધ તાપમાં તપ્યા કરે છે. વિદ્વાન કહે છે કે, જ્યારે સ્ત્રી-પુરૂષ દાંપત્યભાવથી મળે છે ત્યારે તેમનો એ દંપતિભાવ બીજી હૃદય-ગ્રંથીના રુપમાં બની જાય છે. એનું ઘર, ક્ષેત્ર, પુત્ર, ધન વિગેરેમાં 'હું-મારૂં'- ભાવ ઉત્પન્ન થઈ જાય છે. એટલે હૃદયની આ ગ્રંથી જે જે કર્મો સાથે બંધાયેલી- દૃઢ થઇ, એ કર્મોને શિથિલ કરવામાં આવે ત્યારે દંપતિભાવથી નિવૃતિ થશે અને બધાં બંધનોના કારણભૂત અહંકારના ત્યાગથી મુક્ત થઈ શકે છે.

"હે પુત્રો! આ અહંકારનો ત્યાગ નીચે પ્રમાણેના પચીસ સાધનો દ્વારા થઈ શકે છે. વિવેકી ગુરુ તથા પરમાત્માના વિષયમાં ભક્તિ અને તત્પરતા, તૃષ્ણાનો ત્યાગ, સુખ-દુઃખ વિગેરે દ્વન્દ્વોને સહેવા. આ લોક તથા પરલોકમાં સર્વત્ર દુઃખ જ છે એવું જ્ઞાન, તત્ત્વ અને અતત્ત્વની જિજ્ઞાસા, તપ, કામ્યકર્મનો ત્યાગ, ઈશ્વરને કર્મોનું સમર્પણ, ભગવત-કથા, ભક્તોનો નિત્ય સંગ, ભગવાનના ગુણોનું કીર્તન, પ્રાણીમાત્ર પ્રત્યેની વેર બુદ્ધિનો પરિત્યાગ, સર્વત્ર સમભાવ, બાહ્ય અને આંતરિક ઇંદ્રિયો પર વિજય, શરીર અને ગૃહ પ્રત્યેના અહંમન્યત્વ ભાવનો ત્યાગ, આધ્યાત્મ યોગ, આધ્યાત્મ ગ્રંથોનો અભ્યાસ, એકાંત પ્રદેશનું સેવન, પ્રાણ-ઇંદ્રિય-મન પર વિજય, શ્રદ્ધા, બ્રહ્મચર્ય, નિત્ય અપ્રમાદી કર્તવ્યનો અત્યાગ, વાક્ સંયમ, સર્વત્ર પરમાત્માનો ભાવનાયુક્ત અનુભવ, જ્ઞાન અને ધૈર્યપૂર્વક પ્રયત્ન—વિવેકપૂર્વક યોગસમાધિ

"હે પુત્રો! આ પ્રકારના અપ્રમાદીપણાથી કર્મોના નિવાસસ્થાનરૂપ તથા અવિદ્યાથી બંધાયેલી હૃદયની મોહરુપી ગાંઠના બંધનને શાસ્ત્રોના આદેશાનુસાર છોડી નાખ્યા બાદ, એ ઉપાયોથી વિરામ લેવો જોઈએ.

[illegible] ગુરૂ, રાજા, પોતાના પુત્રો, સ્ત્રિઓ તથા પ્રજાને [illegible] [illegible] ઉપદેશ આપવો જોઈએ, કારણ કે [illegible] [illegible], પણ જ પોતાના [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરવા માટે ઉપદેશની આવશ્યકતા નથી. [illegible] [illegible] [illegible] ઉપદેશ આપે છે, [illegible] નથી, [illegible] [illegible] [illegible] [illegible] નથી, એ પિતા, માતા, પતિ કે દેવ પણ નથી.

[illegible] હે પુત્રો! [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

एवं सर्वमहिंसायां धर्मार्थमपिधीयते ।
सोऽमृतो नित्यं वसति यो न हिंसा प्रपद्यते ॥

જેમ મહાનાગ-હાથીનાં પદ્‌ચિહ્નમાં પગે ચાલનારાં અન્ય સર્વ પ્રાણીઓનાં પદચિહ્ન સમાય જાય છે, એવી જ રીતે સર્વ ધર્મ અને અર્થનો એકમાં (અહિંસામાં) સમાવેશ થઈ જાય છે. જે પુરુષ પ્રાણી-હિંસા નથી કરતો, એ નિત્ય અમૃત થઈને નિવાસ કરે છે, જન્મમૃત્યુના બંધનથી મુક્ત થઈ જાય છે.

सर्वाणि भूतानि सुखे रमन्ते सर्वाणि दुःखैश्च भृशं त्रसन्ते ।
तेषां भयोत्पादनजातखेदः कुर्यान्न कर्माणि हि श्रद्दधानः ॥

—સર્વ પ્રાણી સુખમાં આનંદિત થાય છે, સર્વ પ્રાણી દુઃખથી અતિ ત્રસ્ત થાય છે. એટલે પ્રાણીઓને ભય ઉત્પન્ન કરવામાં ખેદ અનુભવતો શ્રદ્ધાળુ પુરુષ ભયોત્પાદક કર્મ ન કરે.

दानं हि भूताभयदक्षिणायाः सर्वाणि दानान्यधितिष्ठतीह ।
तीक्ष्णां तनुं यः प्रथमं जहाति सोऽत्यन्तमाप्नोत्यभयं प्रजाभ्यः ॥

—સંસારમાં પ્રાણીઓને અભયની દક્ષિણાનું દાન દેવું એ બધાં દાનોથી ચડિયાતું છે. જે પ્રથમથી જ હિંસાનો ત્યાગ કરી દે છે એ બધાં પ્રાણીઓથી અભય થઈને મોક્ષ પામે છે.

यदन्यैर्विहितं नेच्छेदात्मनः कर्म पुरुषः ।
न तत् परेषु कुर्वीत जानन्नप्रियमात्मनः ॥

—જે અન્યકૃત વ્યવહારને, મનુષ્ય પોતા માટે નથી ઇચ્છતો એ વ્યવહાર એ બીજાઓ પ્રત્યે પણ ન કરે. એ જાણે કે જે વ્યવહાર પોતાને અપ્રિય છે, એ બીજાને કેવી રીતે પ્રિય થશે.

जीवितं यः स्वयं चेच्छेत् कथं सोऽन्यं प्रघातयेत् ।
यद् यदात्मनि चेच्छेत तत् परस्यापि चिन्तयेत् ॥

—જે પોતે જીવવા ઈચ્છે છે, એ બીજાનો ઘાત કેવી રીતે કરી શકે? મનુષ્ય જે પોતાના માટે ઈચ્છે, એ જ બીજાઓ માટે પણ વિચારે.

योऽभयं सर्वभूतानां स प्राप्नोत्यभयं पदम् ।

—જે સર્વ જીવોને અભય આપે છે, તે અભયપદ પ્રાપ્ત કરે છે.

यस्मादुद्विजते लोकः सर्वो मृत्युमुखादिव ।
वाक्क्रूराद् दण्डपारुष्यात् स प्राप्नोति महद् भयम् ॥

—જે વાક્ક્રૂર, દંડક્રૂર હોય છે અને [illegible] ભયને પ્રાપ્ત થાય છે, [illegible] મૃત્યુના મુખથી [illegible] પ્રાપ્ત થાય છે.

यस्मान्नोद्विजते भूतं जातु किंचित् कथंचन ।
अभयं सर्वभूतेभ्यः स प्राप्नोति सदा मुने ॥

—જેનાથી કોઈ પણ જીવ કોઈ [illegible] નથી પામતો તે સદા સર્વ જીવોથી અભયને પ્રાપ્ત કરે છે.

[illegible] ।
[illegible] ॥

જે પુરુષ [illegible] નથી, [illegible] અનુષ્ઠિત છે.

अहिंसा सर्वभूतानामेतत् कृत्यतमं मतम् ।
एतत् पदमनुद्विग्नं वरिष्ठं धर्मलक्षणम् ॥

—[illegible]

[illegible] ।
[illegible] ॥

[illegible]

—[illegible]

न हि प्राणात् प्रियतरं लोके किंचन विद्यते।
तस्माद् दयां नरः कुर्याद् यथाऽऽत्मनि तथा परे ॥

महा. अनु. पर्व ११६.८

—લોકમાં પ્રાણોથી વધારે પ્રિય વસ્તુ બીજી કોઈ નથી. એટલે મનુષ્ય જેમ પોતે દયા ઈચ્છે છે તેમજ બીજાઓ ઉપર પણ દયા કરે.

प्राणदानात् परं दानं न भूतं न भविष्यति।
न ह्यात्मनः प्रियतरं किञ्चिदस्तीह निश्चितम् ॥

महा. अनु. पर्व ११६-१६

—પ્રાણદાનથી વધારે મોટું કોઈ દાન થયું નથી અને થશે નહિ. એ નિશ્ચિત છે કે જીવથી વહાલી વસ્તુ બીજી કોઈ નથી.

अहिंसा परमो धर्मस्तथाहिंसा परो दमः।
अहिंसा परमं दानमहिंसा परमं तपः ॥

महा. अनु: पर्व ११६-२८

—અહિંસા જ પરમ ધર્મ છે, અહિંસા જ પરમ સત્ત્વ છે, અહિંસા જ પરમ દાન છે અને અહિંસા જ પરમ તપ છે.

अहिंसा परमो यज्ञस्तथाहिंसा परं फलम्।
अहिंसा परमं मित्रमहिंसा परमं सुखम् ॥

महा. अनु पर्व ११६-२९

—અહિંસા જ પરમ યજ્ઞ છે, અહિંસા જ પરમ ફળ છે, અહિંસા જ પરમ મિત્ર છે અને અહિંસા જ પરમ સુખ છે.

સમન્વયની દૃષ્ટિએ મહાભારતનો કાળ સૌથી શ્રેષ્ઠ છે. એ કાળમાં જૈનોના તીર્થંકર નેમિનાથ તથા હિંદુઓના અવતાર શ્રીકૃષ્ણ થયા. નેમિનાથે અહિંસાથી દ્રવિત થઈને સંસાર ત્યાગ કર્યો હતો. જૈન-શાસ્ત્રોમાં એમને શ્રીકૃષ્ણના ગુરૂ બતાવવામાં આવ્યા છે. બૌદ્ધ વિદ્વાન ધર્માનંદ કોસાંબી, નેમિનાથનો આંગિરસ તરીકે ઉલ્લેખ કરે છે. આંગિ-રસ શ્રીકૃષ્ણના ગુરુ હતા. એમાં સંશય નથી કે અરિષ્ટનેમિ યાદવકુળના

હતા અને શ્રીકૃષ્ણના કુટુંબી હતા. શ્રીકૃષ્ણને ભલે વૈદિક કે બ્રાહ્મણ સંસ્કૃતિ પાછી એમની સંસ્કૃતિના મહાન અવતાર માન્યા હોય, પરંતુ તેઓ વેદોના દેવ ઇંદ્રના ઉપાસક ન હતા, બલ્કે ઇંદ્ર-પૂજાના વિરોધી હતા. આ બધું હોવા છતાં પણ શ્રીકૃષ્ણે સમન્વયનો માર્ગ અપનાવ્યો હતો. એટલે તેઓ બંને સંસ્કૃતિમાં આદરણીય થયા. બ્રાહ્મણ કે હિંદુ સંસ્કૃતિએ તેમને અવતાર માન્યા છે અને શ્રમણ સંસ્કૃતિ એમને પોતાના ભાવી તીર્થંકર કહે છે.

ભારતીય સમૃદ્ધિ કાળની દૃષ્ટિએ મહાભારતનો કાળ સ્વર્ણ-યુગ માની શકાય છે. જ્યારે પેટની સમસ્યા સંતોષપૂર્વક ઉકેલાય જાય છે ત્યારે વિદ્યા, વિજ્ઞાન, સાહિત્ય, કલા તથા સંસ્કૃતિનો વિકાસ થાય છે; અને એ જ મહાભારતકાળમાં જોવામાં આવે છે. જનતાની જરૂરિયાતો પૂરી કરવા માટે સાધનોની વિપુલતા દેખાય છે. એ કાળમાં લોકો સમૃદ્ધ હતા અને વિવિધ કલાઓની ઉન્નતિ પણ પૂરતાં પ્રમાણમાં થઈ હતી. માયાસુરે પાંડવોનું બનાવેલ ભવન, એટલું કલાપૂર્ણ હતું કે જ્યાં પાણીનું ટીપું પણ ન હોય ત્યાં પાણી દેખાતું અને પાણીની પુષ્કરણી એવી દેખાતી હતી કે જાણે સપાટ જમીન છે. શસ્ત્રોમાં પણ આગળ એવી પ્રગતિ થઈ હતી.

પરંતુ આ સમૃદ્ધિએ સદ્ગુણોના બદલે વિલાસને વધારો કર્યો, દ્વેષ, મત્સરનો પણ વિકાસ કર્યો. ભૌતિક પ્રગતિના સાથે સાથે આત્મિક શક્તિઓનો વિકાસ પણ એ કાળમાં દેખાય છે ખરો, પરંતુ ભૌતિકતાને બદલે આધ્યાત્મિકતાની, દુર્ગુણોને બદલે સદ્ગુણોની શક્તિ કંઈક ઓછી જ થઈ, પરિણામે ધર્મ અને ન્યાય માટે મહાભારતનું યુદ્ધ થયું. આ યુદ્ધથી અન્યાય કે અધર્મના પક્ષના નાશની સાથે સાથે ન્યાયાન્વિત પક્ષ પણ એટલો દુર્બળ થઈ ગયો કે એની જીત પણ હાર બરાબર રહી ગઈ.

યુગદ્રષ્ટા મહાપુરુષ શ્રીકૃષ્ણના યુદ્ધ ટાળવાના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા, યુદ્ધ થયું અને એમાં વિજયી પક્ષ પણ એટલો નિર્બળ થઈ ગયો કે અર્જુન જેવા વીર યોદ્ધા પણ યાદવ સ્ત્રીઓને ચોર ડાકુઓના હાથમાંથી બચાવી શક્યા નહિ.

આ દારૂણુ સ્થિતિએ ચિંતનની દિશાને એક નવો વળાંક આપ્યો અને દેખાઈ આવે છે કે ભૌતિક સુખોની વ્યર્થતાને સમજીને, પ્રવૃત્તિ માર્ગથી નિવૃત્તિમાર્ગ અને અહિંસા વિગેરે ગુણોના વિકાસ તરફ લોકોને જવું પડયું.

ઇતિહાસજ્ઞ માને છે કે મહાભારતનું યુધ્ધ, આજથી ત્રણ સાડા ત્રણ હજાર વર્ષ પૂર્વેની ઘટના છે. એ કાળમાં હિંસાના દુષ્પરિણામોની સમાજ પર જે પ્રતિક્રિયા થઈ એના પરિણામે ઋષિ-મુનિ તથા ચિંતક પંડિતો અહિંસાને શ્રેષ્ઠ ધર્મ માનવા લાગ્યા.

ભલે ગમે તેટલો મોટો આઘાત લાગે, પરંતુ સામાજિક પરિવર્તન એકાએક નથી થતું. સમાજ રૂઢ વિચારોને જલદી નથી છોડતા, એટલે જે ચિંતકોને પ્રવૃત્તિથી નિવૃત્તિ શ્રેષ્ઠ લાગી, બાહ્ય સુખોથી આંતરિક સુખોનું મૂલ્ય વધારે લાગ્યું, તેઓ ગૃહત્યાગ કરી, જંગલમાં જઈ આત્મ-કલ્યાણરત્ થવા લાગ્યા હતા. યજ્ઞમાં થનારી હિંસા નિંદ્ય મનાવા લાગી હતી. અહિંસાને સામાજિક ધર્મ બનાવવાની પ્રક્રિયા શરુ થઇ ગઇ હતી.

જો કે એ સમયે સંસ્કૃતિમાં સારો એવો સમન્વય થઈ ગયો હતો છતાં બ્રાહ્મણ અને શ્રમણ : બે પ્રવાહો જુદા જુદા ગતિમાન હતા. બંને પ્રવાહોમાં પહેલા જેટલી કડવાસ કે સંઘર્ષ રહ્યો ન હતો, પરંતુ એ પ્રવાહોને જીવનમાં ઉતારવાની બાબતમાં અને કયા કયા વિચારને અધિક મહત્વ આપવું જોઈએ એ બાબતમાં બંને વચ્ચે મતભેદ તો રહ્યો જ. બ્રાહ્મણ વિચારધારા પણ સંયમ અને ત્યાગને જીવન-વિકાસ માટે આવશ્યક તો માનતી હતી, પરંતુ એ વિચારોને જીવનમાં ઉતારવા માટે એક વ્યવસ્થિત કાર્યક્રમ એમણે બનાવ્યો. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ, એ ચાર આશ્રમ નક્કી કર્યા. ૨૫–૨૫ વર્ષોનો એક-એક આશ્રમ નક્કી કર્યો. પરંતુ શ્રમણ વિચારધારાએ સંયમ-ત્યાગ વિગેરે ધર્મ-પાલન માટે વય કે સમય મર્યાદા બાંધી નહિ. એ વ્યક્તિની માનસિક શક્તિ અને યોગ્યતા પર નિર્ભર છે કે, એ ઇચ્છે એ વયે સંન્યાસ કે નિવૃત્તિ લે. એ માટે વય કે સમયની કોઈ મર્યાદા બાંધવી એ વ્યક્તિના આત્મ-સ્વાતંત્ર્ય પર જ પ્રહાર છે.

વાની વાત છે. ઊંડાણથી વિચારતા જાણવા મળે છે કે સંસારની બધી સમસ્યાઓના મૂળમાં અસમાનતા જ મુખ્ય છે. જો એક મનુષ્ય બીજા પ્રત્યે આત્મવત કે સમાન વ્યવહાર કરે તો સંસારમાં કોઈ પણ સમસ્યા ઉપસ્થિત જ ન થાય. સારોય સંસાર સુખપૂર્વક રહી શકે છે.

'સમતા' સાર્વભૌમિક તત્ત્વ છે. સંસારના લગભગ બધા વિચારક એ માને છે કે વિષમતા માનવ જાતિ માટે શ્રાપ છે. એના દુઃખોનું મૂળ કારણ છે એટલે સમતામાં બાધક વાતોને દૂર કરવી જોઈએ. એમાં જ વ્યક્તિ અને સમાજનું હિત છે. સમતા શ્રમણ-સંસ્કૃતિનો પ્રાણ છે.

માનવી-માનવી વચ્ચે ભેદભાવ કરાવનારાં ત્રણ મુખ્ય વિઘ્નો છે. પ્રથમ છે મમતા, આસક્તિ, તૃષ્ણા કે કામના. મનુષ્ય કોઈ પણ ચીજ પર વધારે આસક્તિ રાખે છે, એને મેળવવાની ઈચ્છા કે કામના રાખે છે ત્યારે એ પોતે પોતાને દુઃખના ગર્તમાં, અશાંતિની અગ્નિમાં ધકેલે છે, કારણ કે ઇચ્છાઓ કે તૃષ્ણા અનંત છે, એની કદિ તૃપ્તિ નથી થતી. વિવેક અને સંયમને અપનાવવો જરૂરી છે. અને ઉપલબ્ધ સાધનોમાં સંતોષ માનવાનો અભ્યાસ કરવો પણ આવશ્યક છે.

જેમ ભૌતિક સમૃદ્ધિ, સત્તા, કીર્તિની કામના દુઃખદાયી છે, તેમજ અહંકાર પણ મનુષ્યને વ્યાકુળ બનાવે છે. પોતાના વિશે બળવાન, બુદ્ધિમાન, સમૃદ્ધ, શક્તિસંપન્ન વિગેરે કલ્પનાઓ કરી મનુષ્ય જ્યારે અહંકારવશ થઈ જાય છે ત્યારે એ બીજાઓથી પોતાને શ્રેષ્ઠ સમજવા લાગે છે, સમતાની સાધના એનાથી નથી થઈ શકતી. આ વ્યક્તિગત્ અહંકાર કેટલીકવાર એટલો પ્રબળ બની જાય છે કે મોટા મોટા યુધ્ધ થઈ જાય છે, કરોડો વ્યક્તિ પ્રાણ ખોઈ બેસે છે. યુદ્ધના મુકતભોગી આ વાતને બહુ સારી રીતે જાણે છે. આ શતાબ્દીના છેલ્લા બે મહાયુદ્ધોનું દુષ્પરિણામ સંસારના લાખો-કરોડો એવા લોકોને પણ ભોગવવું પડયું છે કે જેઓ નિરપરાધ છે. જાપાનના હિરોશીમા તથા નાગાસાકીની ધ્વંસ-લીલાનું એવું દૂરગામી પરિણામ આવ્યું કે એથી ભાવી પેઢીઓ પણ અનેક દૃષ્ટિએ શારીરિક વિકૃતિઓનો શિકાર બની રહેશે! આજ પણ યુદ્ધની આશંકાથી સંસારના વૈજ્ઞાનિક ચિંતકો ભયભીત છે.

જેમ મમતા અને અહંતા સમતામાં વિઘ્નરૂપ છે, તેમજ મતાગ્રહ, ભેદની દીવાલ ઊભી કરવામાં ઘણો જ પ્રભાવશાળી છે. સંસારના ભલાની ઈચ્છા રાખનારા સમજદાર લોકો પણ મતાગ્રહથી બહુ ખરી રીતે પીડાઈ રહ્યા છે. આ મતાગ્રહ ધર્મ, સંપ્રદાય કે વિચારના નામે ચાલે છે. એથી માનવ જાતિની ઘણી જ હાનિ થઈ છે. એથી કેવળ સમાજને જ નુકસાન થયું છે એમ નથી, મતાગ્રહી પોતે પણ એ કારણે અશાન્ત, વ્યાકુળ અને દુઃખી છે. છતાં પણ આ એવી મીઠી ચળ છે કે ખંજવાળના ખંજવાળના મનુષ્ય લોહીલોહાણ થઈ જાય છે, છતાં પણ ખંજવાળવાનું છોડી નથી શકતો.

જેમ ઐતિહાસિક તથ્યોના આધારે સમાજ ચિંતકોને પ્રવૃત્તિથી નિવૃત્તિ તરફ, બાહ્યથી આંતર પ્રતિ તથા હિંસાથી અહિંસા તરફ જવું પડયું, તેવી જ રીતે સિદ્ધાંતિક દૃષ્ટિએ પણ શ્રમણ-સંસ્કૃતિના મૂળભૂત તત્ત્વ સમસ્ત સંસારની સમસ્યાઓને ઉકેલવામાં અમોઘાસ્ત્ર રૂપે સાર્વભૌમિક સિદ્ધ થાય છે.

માત્ર ભારત જ નહિ, બલ્કે પાશ્ચાત્ય સંસ્કૃતિ પણ ભૌતિક ક્ષેત્રમાં ઘણી આગળ વધીને અસ્વસ્થ અને બેચેન છે. એને સૂઝતું નથી કે શું કરવું ?

એક તરફ જ્યાં જીવનની જરૂરિયાતોની પૂર્તિ ન થવાને કારણે અસંતોષ છે, ત્યાં ભૌતિક સાધનોની વિપુલતાવાળા દેશના નિવાસીઓ એટલા માટે દુઃખી છે કે તેઓ સુખના સાધનોની વિપુલતાથી કંટાળી ગયા છે. શું બેઘર રખડતા હિપ્પીઓને જોઈ શકાને કોઈ ધ્યાન છે કે કેવળ ભૌતિક સાધન, સુખ, શાંતિ અને સંતોષ નથી આપી શકતાં ? અમેરિકા જેવા દેશમાં ઊંઘની ગોળીઓ ખાવી પડે છે. પાગલોની સંખ્યા પણ ત્યાં સર્વાધિક છે. આત્મહત્યાઓ પણ ત્યાં વધારે થાય છે. તેઓ હવે સમજવા લાગ્યા છે કે સાધનોની વિપુલતાથી શાંતિ ખરીદી નથી શકાતી

શ્રમણ-સંસ્કૃતિનું પુનર્નિર્માણ અને મહાવીર-યુગ

શ્રમણ-સંસ્કૃતિના મુખ્ય તત્ત્વ અહિંસા, સત્ય, અસ્તેય તથા અપરિગ્રહને સામાજિક ધર્મ બનાવવાનો પાર્શ્વનાથે જે પ્રયત્ન કર્યો હતો એ સફળ થયો. એ ધર્મ તરફ આમ જનતાનું આકર્ષણ વધતું ગયું. એમને

વાસ્તવમાં કોઈ નવાં ધર્મનું પ્રવર્તન કર્યું ન હતું. દેશ, કાળ અને પરિસ્થિતિ અનુસાર એ ધર્મને નવી પરિભાષા આપી તથા વધારે વ્યાપક બનાવી. એના દ્વારા એમણે વિષમતાને મિટાવવાનો કે ઓછી કરવાનો અથાક પ્રયાસ કર્યો. સત્તાધારી બ્રાહ્મણ કે મઠાધીશ, યજ્ઞમાં પશુ-બલિ પર ભાર દેતા હતા, પરંતુ સામાન્ય જનતા માટે પશુ ઉપયોગી સાથી બની ગયા હતા. ખેતી અને દૂધ માટે પશુનો ઉપયોગ થવા લાગ્યો હતો. જ્યારે પાર્શ્વનાથના અનુયાયી તથા શ્રમણ, પશુઓનું બલિદાન ન આપવાનો પ્રચાર કરવા લાગ્યા તો ધીમે ધીમે એમના અનુયાયીઓની સંખ્યા વધવા લાગી. મહાવીરના જન્મ સમયે આ ધર્મના અનેક શ્રમણ આ અહિંસા-પ્રધાન સમાજ-ધર્મનો ઉત્સાહપૂર્વક પ્રચાર કરતા હતા.

આમ તો આ અહિંસા કે સમતા ધર્મના ઉપાસક બધી જાતિઓમાં હતા, પરંતુ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોની સંખ્યા બ્રાહ્મણોથી વધારે હતી. આમ તો બ્રાહ્મણ પણ અહિંસા ધર્મને શ્રેષ્ઠ માનવા લાગ્યા, પરંતુ એમનામાં બધી જાતિઓથી વધારે, પોતાની શ્રેષ્ઠતાની ભાવના હતી, જે એમના શ્રમણ-ધર્મમાં મુક્ત-પ્રવેશમાં આડશ રૂપ હતી. અને એ કારણે તેઓ વૈદિક કર્મકાંડોને ચીટકી રહ્યા હતા. છતાં પણ જ્ઞાની, સંત અને ચિંતક, અહિંસા વિગેરે ગુણો પ્રત્યે વધારે આદર ધરાવતા હતા.

પાર્શ્વનાથના ચાતુર્યામ ધર્મને અપનાવી શૂદ્ર કે ચાંડાલ કહેવાતી જાતિના લોકો પણ આત્મવિકાસ કરી શકતા હતા. તેઓ સમાજમાં હલકી જાતિના મનાતા હતા અને તેમની પાસે નિમ્ન કોટિનું કામ કરાવવામાં આવતું હતું. સ્ત્રીઓને પણ હીન દૃષ્ટિએ જોવામાં આવતી હતી. એમના માટે આત્મવિકાસના દ્વાર બંધ હતા.

સમાજમાં બ્રાહ્મણને શ્રેષ્ઠ માનવામાં આવતા હતા. સંયમ, દમ, અને પવિત્રતાપૂર્ણ ધર્મ માટે કષ્ટ સહન કરનાર, ક્ષમાવાન, આસ્તિક, બુદ્ધિશાળી, શાસ્ત્રોમાં જાણકાર તથા બ્રહ્મતત્વના અનુભવી—આ બ્રાહ્મણોના સહજ ગુણ માનવામાં આવતા હતા. તેઓ જ્ઞાની અને જ્ઞાન આપનારા મનાતા હતા. ક્ષત્રિઓનો ધર્મ હતો કે એમનામાં તેજ, ધૈર્ય, ચાતુરી, શૌર્ય, ઉદારતા અને બીજાની નિઃસ્વાર્થ ભાવે સેવા કરવાનો ગુણ હોય. વૈશ્યોનો ધર્મ ખેતી, ગૌરક્ષા અને વાણિજ્ય માનવામાં આવ્યો હતો.

સૌની સેવા કરવાનો શૂદ્રોનો ધર્મ માનવામાં આવતો હતો. પરંતુ આ ગુણોના સ્થાને કુળની શ્રેષ્ઠતાના આધારે ઉચ્ચ-નીચની ગણતરી થવા લાગી. આ વ્યવસ્થાના કારણે સમાજમાં વિકૃતિ પેદા થઈ અને વિવિધ પ્રકારની વિષમતા વધતી ગઈ. ઉચ્ચ કુળમાં જન્મેલ ગુણ-વિહીન અથવા દુર્ગુણી વ્યક્તિને પણ શ્રેષ્ઠ માનવામાં આવતી હતી.

વૈદિક અને શ્રમણ : બંને વિચારસરણી ભગવાન મહાવીરના સમયમાં પ્રચલિત હતી. પંજાબ, સિંધ તથા ઉત્તર પ્રદેશના અર્ધા ભાગમાં વૈદિક પરંપરાનો પ્રભાવ વધારે હતો. તેઓ કર્મકાંડમાં શ્રદ્ધા ધરાવતા હતા, ઉચ્ચતા-નીચતાને મહત્ત્વ આપતા હતા. આ લોકો માનતા હતા કે ઉચ્ચ જાતિવાળાના સંસ્કાર ઊંચા હોય છે અને નીચ જાતિના સંપર્કથી ઉચ્ચ સંસ્કાર મલિન અથવા ક્ષીણ થઈ જાય છે. એટલે ઉચ્ચ જાતિવાળાઓએ નીચ જાતિના સંપર્કથી દૂર રહેવું જોઈએ. આ લોકો એમ પણ માનતા હતા કે રાજ્ય-વ્યવસ્થા એક વ્યક્તિના હાથમાં રહેવી ઘટે છે. એટલે રાજાની વ્યવસ્થા એમનામાં પ્રચલિત હતી. તેઓ રાજાને ઈશ્વરનો અંશ માનતા હતા અને વંશ-પરંપરાગત રાજ્યશાસનની વ્યવસ્થા પણ નિશ્ચિત થઈ ગઈ હતી. પરંતુ ઉત્તર પ્રદેશના પૂર્વ દિશામાં તથા મગધમાં શ્રમણ સંસ્કૃતિનો વધારે પ્રભાવ હતો. તેઓ વૈદિક કર્મકાંડ કરતાં આત્મશુદ્ધિ તથા સમતા અને અહિંસા પર વધારે ભાર મૂકતા હતા. તેઓ રાજ્યતંત્રની અપેક્ષા ગણતંત્રને વધારે યોગ્ય માનતા હતા. વંશપરંપરાગત રાજ્યશાસન ન હોવા છતાં પણ શાસક ક્ષત્રિય જ રહેતા હતા તથા પ્રતિનિધિત્વવાળી રાજ્યવ્યવસ્થા ચલાવતા હતા. ચૂંટાયેલ વ્યક્તિ ગણરાજ કહેવાતા હતા. વૈશાલી એ સમયે શક્તિશાળી ગણતંત્ર હતું. એનો મુખ્ય ચેટક હતા. તે ક્ષત્રિયોના વજ્જી તથા લિચ્છવી પરંપરાના હતા. એમનું સંગઠન પાકું જ દૃઢ હતું. આ લોકો સુખદુઃખમાં હળીમળીને રહેતા હતા. બધા સાથે મળીને નિયમ બનાવતા અને એનું સ્વેચ્છાએ પાલન કરતા હતા. વૃદ્ધોના અનુભવનો લાભ લેતા અને એમનો આદર કરવાને પોતાનું કર્તવ્ય માનતા હતા. સ્ત્રીઓનો આદર કરવામાં આવતો હતો. ચૈત્યો તથા દેવસ્થાનોની પૂજા કરતા હતા. તેઓ સાધુ-સંતોનું સન્માન કરતા અને એમના સાન્નિધ્યનો લાભ લેતા હતા.

મહાવીરત્વ
પ્રાપ્તિની દિશામાં

શ્રમણ સંસ્કૃતિની માન્યતા છે કે, મનુષ્ય પોતાનો વિકાસ કરી, નરમાંથી નારાયણ બની શકે એવું એનામાં સામર્થ્ય છે. નરમાંથી નારાયણ, આત્માથી પરમાત્મા, જીવથી શિવ બનવાની સાધના, એક નહિ, અનેક જન્મોમાં પૂરી થાય છે. ભારતીય સંસ્કૃતિની ત્રણે ધારાઓ આ વિષયમાં એક મત છે અને ભિન્ન ભિન્ન પ્રકારે એનો ઉલ્લેખ પણ મળે છે, પરંતુ વાત એક જ છે કે મનુષ્ય અનેક જન્મોના ફેરાં ફરી સાધના પુરી કરે, પરંતુ સાધકની સાધના પુરી થતાં પહેલાં મૃત્યુ આવી જાય તો પણ એનો પરિશ્રમ વ્યર્થ નથી જતો. ગીતામાં ભગવાન કૃષ્ણે કહ્યું છે કે, વ્યક્તિ પોતાનો ઉદ્ધાર પોતાનાં પ્રયત્નોથી જ કરે છે. પરમાત્મા સ્વરૂપ પ્રાપ્ત કરવું જ છે એવા સંકલ્પ સાથે એ દિશામાં પ્રયાણ કરવાનું છે. અર્જુનના મનમાં શંકા ઉત્પન્ન થાય છે કે, હવે તો પોતાની ઉંમર થઈ ગઈ છે, થોડા દિવસમાં તો મરવાનું જ છે, તો પછી આ સાધનાનો શું ઉપયોગ ?

ભગવાન કૃષ્ણ કહે છે: 'મૃત્યુ આખરે છે શું ? મહાનિંદ્રા તો છે. નિંદ્રાની જેમ મૃત્યુની પણ જરૂરત હોય છે. જેમ નિંદ્રા પૂરી થયા પછી આપણે ફરી કામમાં લાગી જઈએ છીએ એવી જ મૃત્યુની વાત માનો. નવાં જન્મમાં કરેલી આ સાધના કામ લાગે છે. આપણો જન્મ એવા સ્થળે થાય છે કે જ્યાંથી આપણે આપણી યાત્રા આગળ વધારીએ છીએ એટલે શુભ કર્મ વ્યર્થ જશે એવો ભય રાખવાની કોઈ જરૂર નથી.'

આપણે જોઈએ છીએ કે કેટલાક લોકો એવા પણ હોય છે કે જેમને વિશેષ મોહ થતો નથી, એમનું મન વિષયો તરફ નથી જતું અને કેટલાયને વિષય-વિકાર અને પોતાની બૂરાઈઓ સાથે ભારે સંઘર્ષ કરવો પડે છે. જ્ઞાનેશ્વર કહે છે કે કોઇ પણ શુભ કર્મ કરીને દુર્ગતિમાં નથી જતું.

બૌદ્ધ પરંપરામાં, બુદ્ધત્વની પ્રાપ્તિ પારમિતાઓની સાધના પછી જ

થાય છે અને બુદ્ધે પોતાના પૂર્વજન્મમાં દાન, શીલ, ક્ષાંતિ, વીર્ય, ધ્યા[illegible] પ્રજ્ઞા, સત્ય, અધિષ્ઠાન, મૈત્રી અને ઉપેક્ષા—આ દસ પારમિતાઓ[illegible] સાધના કરી બુદ્ધત્વની પ્રાપ્તિ કરી હતી.

જૈન પરંપરામાં મહાવીરત્વ પણ અનેક જન્મોના સત્કૃત્યો અ[illegible] સાધનાના પરિણામે જ મેળવ્યું હતું ભગવાનનું મહાવીર નામ ભલે પ્ર[illegible] સિદ્ધ હોય પરંતુ એમનું નામ તો વર્ધમાન હતું. એમણે પોતાના પરમ પુરુષાર્થથી મહાવીર પદ પ્રાપ્ત કર્યું હતું. જેઓ શત્રુઓ પર વિજય મેળવે છે એ વીર કહેવાય છે, પરંતુ જે પોતા પર વિજય મેળવે છે એ મહાવીર કહેવાય છે. બીજાઓ સાથે ઝઘડો કરી વિજય મેળવવો સહેલો છે, પરંતુ પોતાના દુર્ગુણો કે દોષો સાથે લડીને એના પર વિજય મેળવવો મુશ્કેલ છે. એટલે તેઓ મહાવીર કહેવાયા. આ મહાવીરત્વ પામવા એમણે અનેક જન્મોમાં સાધના કરી હતી. જૈન પરંપરા માને છે કે જ્યારે મનુષ્ય કોઈ વિશિષ્ટ ગુણની સાધના કરે છે ત્યારે અન્ય સદ્ગુણ આપોઆપ એની પાછળ ચાલ્યા આવે છે અને બધા ગુણોનો પૂર્ણ વિકાસ થાય છે. ભગવાન મહાવીરે મહાવીરત્વની સાધનાનું વર્ણન નયસાર ભવમાં કર્યું છે, જેની પૂર્તિ રૂપે સંસ્કાર બતાવે છે કે અરિહંત ભક્તિ, સિદ્ધ ભક્તિ, પ્રવચન ભક્તિ, આચાર્ય ભક્તિ, સ્થવિર ભક્તિ, ઉપાધ્યાય ભક્તિ, જ્ઞાન, દર્શન, વિનય, ચારિત્ર્ય, શીલ, શુભધ્યાન, તપ, દાન, સેવા, સમાધિ, અભિનવ જ્ઞાન ગ્રહણ, શ્રુત ભક્તિ તથા તીર્થપ્રભાવના.

પ્રાચીન કાળમાં જંબુદ્વીપમાં જયંતી નામક નગરી હતી. ત્યાં શત્રુમર્દન નામનો મહાપ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. એના રાજ્યમાં પૃથ્વીપ્રતિષ્ઠાન નામનું ગામ હતું. નયસાર એ ગામનો મુખી હતો. તે સ્વભાવે સરળ, વિનયશીલ, વિવેકી, પરોપકારી તથા અતિથિ સેવક [illegible] હતો. અતિથિ-અભ્યાગતની સેવા-શુશ્રૂષા તેનો સહજ [illegible] કોઈ આવે, તેની સેવા કર્યા વિના, એ જમતો નહિ. [illegible] વિકાસ થયો. અન્ય સદ્ગુણો પણ સહજ વિકાસ [illegible] આ સદ્ગુણ જ એના વિકાસ-માર્ગમાં સહાયક બન્યા. એક વખત

શત્રુમર્દન રાજાને ઇમારતી લાકડાની જરૂર પડી. તેણે નયસારને પાસેના મહાવનમાં જઇ મોટાં મોટાં ઝાડ કપાવી લાવવાનો હુકમ કર્યો. તે અનુસાર નયસાર ભાતું બાંધી તથા અનેક ગાડાં વિગેરે સામગ્રી અને સેવકોને લઇને જંગલમાં ગયો, અને ત્યાં વીણી-વીણીને મોટા ઝાડ કપાવવા લાગ્યો.

વખત જતાં મધ્યાહ્ન થયો; અને કરવી પડેલી રખડપટ્ટીના કારણે નયસારને ભૂખ પણ કકડીને લાગી. તેની પાસે ભાતું તો તૈયાર હતું પરંતુ કોઇ અતિથિને જમાડ્યા વિના જમવા બેસવાનું તેને મન થયું નહિ. યોગાનુયોગ કેટલાક સાધુ રસ્તો ભૂલી જવાથી ભયાનક જંગલમાં ભટકતા હતા. ભૂખ-તરસથી વ્યાકુળ સાધુઓને જોતાં જ, નયસારે હૃદયના ઉમળકાથી પરિશ્રાંત સાધુપુરૂષોનું સ્વાગત કરી, આહાર-પાણીથી એમની આનંદપૂર્વક સેવા કરી.

વિશ્રાંતિ વિગેરેથી પરવાર્યા બાદ નયસાર પોતે જ તેમને નગર તરફનો માર્ગ બતાવવા સાથે ચાલ્યો એને સત્સંગનો આનંદ મળી ગયો. સંતોની સૌમ્ય ચર્ચા અને સંયમપૂર્ણ વ્યવહારનો એના પર પ્રભાવ પડ્યો. એના અંતરમાં એમના પ્રત્યે આદર અને ભકિતભાવ ઊઠવા લાગ્યા.

સંતોએ એને ધર્મની કેટલીક મુખ્ય વાતો કહી સંભળાવી, નયસારે ભકિતભાવપૂર્વક સાંભળી એ પ્રમાણે આચરણમાં ઉતારવાનો સંકલ્પ કર્યો. આ રીતે ધર્મબીજ વવાવ્યા બાદ એનામાં પરિવર્તન આવ્યું. એ પરિવર્તને ઉચ્ચ સ્થિતિ સુધી પહોંચવાનો પ્રારંભ કર્યો. એક ગૃહસ્થે મહાવીરત્વ સુધી પહોંચવાની શકિત મેળવી લીધી. શાસ્ત્રકારોનું કથન છે કે નયસાર મૃત્યુ બાદ સ્વર્ગલોકમાં ગયો.

ભલે સ્વર્ગમાં મનોહર સુખોની ઉપલબ્ધિ હોય, પરંતુ વિકાસક્રમમાં એનું કોઈ મહત્વ નથી. ત્યાં પુરૂષાર્થ માટે કોઇ સ્થાન ન હોવાથી, કર્મભૂમિમાં સાધકે જન્મ લેવો પડે છે.

વિકાસ ક્રમનાં પથિક મુમુક્ષુ જીવ અને અન્ય જીવોમાં શાસ્ત્રકારોએ અંતર બતાવ્યું છે મુમુક્ષુ સ્વર્ગસુખ ભોગવ્યા પછી એવા સ્થળે જન્મ લે છે કે જ્યાં શેષ માર્ગ પૂરો કરવામાં અનુકૂળ પરિસ્થિતિ હોય છે.

નવસારનો જીવ સ્વર્ગમાંથી ઉતરી, અયોધ્યામાં ભગવાન ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીને ત્યાં જન્મ્યો. તેનું તેજસ્વી સ્વરૂપ જોઇને તેનું નામ મરીચિ રાખવામાં આવ્યું.

જ્યારે મરીચિ યુવાવસ્થામાં આવ્યો ત્યારે એના દાદા ઋષભદેવ ગૃહત્યાગ કરી, ધર્મોપદેશ આપતા, જુદા જુદા દેશોમાં વિચરતા, અયોધ્યા નિકટ શકટમુખ નામના ઉદ્યાનમાં આવ્યા. એમના ઉપદેશથી અનેક રાજપુત્ર તથા નાગરિક અનુયાયી બન્યા. મરીચિએ પોતાના દાદાના સાન્નિધ્યમાં રહીને, સાધુ જીવનની સાધના માટે યતિધર્મ અપનાવ્યો.

શરૂશરૂમાં તો મરીચિકુમારે યતિધર્મ ઘણા આગ્રહપૂર્વક અને ઉત્સાહથી પાળવા માંડયો. પરંતુ મનની તૈયારી હોવા છતાં શરીર સંયમ ધર્મના પાલનમાં સાથ ન આપી શક્યું. એક વખત ઉનાળાનો સખત તાપ પડતો હતો, તે વખતે ઉઘાડે પગે પરસેવાના રેલા તથા તરસનો ત્રાસ વેઠી શક્યો નહિ. ઋષભદેવજી તો આંતરિક ધ્યાનમાં જ લીન હોવાથી તેમને આવા સુખદુઃખ સ્પર્શી શકતાં ન હોતાં. પરંતુ મરીચિ માટે નિર્મળ દીક્ષા પાલન કરવાનું મુશ્કેલ હતું. છતાં પણ મરીચિ પોતાનું સાધુમત ત્યાગીને ગૃહસ્થ જીવનમાં પાછો ફરવા ઈચ્છતો નહોતો. એટલે શરીર કષ્ટની માત્રા ઓછી કરીને, પોતાના સાધુ જીવનમાં થોડું પરિવર્તન કર્યું તેણે ઉઘાડા પગે ચાલવાને બદલે જોડા પહેરવાનું શરૂ કર્યું, ગરમીથી બચવા છત્ર અપનાવ્યું. વાળનો લોચ કષ્ટદાયક હોવાથી ચોટી રાખવા લાગ્યા. શરીરે કષાય વસ્ત્રો ધારણ કર્યાં. સ્નાન ક્રિયા શરીર શુદ્ધિ તથા ગરમ પાણીને બદલે શીતળ પાણી પીવાનું શરૂ કરી દીધું. આમ છતાં એ ઋષભદેવના સાથે જ વિચરણ કરતા રહ્યા અને જ્યારે કોઈ તેમનો ધર્મોપદેશ સાંભળી તેની પાસે દીક્ષા લેવા તૈયાર થતા તો તેને દાદા પાસે મોકલી આપતો.

એક વખત ભગવાન ઋષભદેવ વિહાર કરતા કરતા અયોધ્યા આવી પહોંચ્યા, ત્યારે ભરત ચક્રવર્તી તેમના દર્શને આવ્યા. ત્યાં ભગવાન ઋષભદેવનો ધર્મોપદેશ સાંભળી, ભરતના હૃદયમાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ આવી. તેમણે કહ્યું: "હે ભગવન્! આપના જેવા મહાપુરુષો ભવિષ્યમાં

મૂંઢ બનેલા લોકો માટે દીપક સમાન છો. અમે ધન્ય છીએ કે આપ જેવા સત્પુરુષોનો ઉપદેશ સાંભળવાનો અને સત્સંગનો અમને લાભ મળે છે. પરંતુ શું આ પ્રકારનો લાભ ભવિષ્યમાં સંસારને મળતો રહેશે?'

ભગવાને જવાબ આપ્યો : 'જગતને મોહનિદ્રામાંથી જાગ્રત કરી, ધર્મ માર્ગે ચડાવનારા બીજા અનેક તીર્થંકરો પણ થવાના છે.'

ભરતને આ સાંભળી ઘણો આનંદ થયો, પરંતુ કુતૂહલવશ પૂછ્યું : 'ભગવન! આ પરિષદમાં એવો કોઈ વિદ્યમાન છે ખરો?'

ભગવાને કહ્યું : 'હા, તારો પુત્ર મરીચિ આ ભરત ક્ષેત્રમાં વિકાસ કરતા કરતા તીર્થંકર થશે. એ તારી જેમ ચક્રવર્તી પણ થશે અને પ્રથમ વાસુદેવ પણ.'

આ સાંભળી એને આનંદ થવો સ્વાભાવિક જ હતો. એને કુળનો મદ થઇ આવ્યો કે, 'અહા! મારા દાદા પ્રથમ તીર્થંકર છે, મારા પિતા પ્રથમ ચક્રવર્તી છે, અને હું પ્રથમ વાસુદેવ થવાનો છું. કેટલું શ્રેષ્ઠ છે મારું કુળ!'

કથાકાર કહે છે કે આ રીતે કુળનો મદ કરવાના કારણે મરીચિને યાચક કુળમાં જન્મ લેવો પડ્યો. કર્મના પરિણામોથી કોઇ નથી બચી શકતું. જે જેવું કરે છે, તેવું તેને ભોગવવું જ પડે છે. પ્રકૃતિના આ અટલ નિયમને કોઈ ટાળી નથી શકતું.

આમ છતાં મહાવીરત્વની યાત્રા શરુ થઇ ગઈ હતી. પરંતુ એ યાત્રામાં જેમ મહાવીરે જીવન વિકાસ લક્ષી સાધનામાં સફળતા મેળવી, તેમ જ સાધના પ્રાપ્તિના પ્રયત્નોમાં થયેલી ભૂલોના પરિણામો પણ એમને ભોગવવા પડ્યા.

એમ લાગે છે કે પ્રાચીન કાળમાં બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિ બંને સાથોસાથ ચાલતી હતી, કારણ કે મરીચિએ અનેક જન્મો પછી સ્વર્ગ મેળવ્યું અને અનેક જન્મોમાં બ્રાહ્મણ કુળમાં જન્મી, અનેક વેદ-વિદ્યા પામ્યો અને જૈન મુનિ નહિ પરંતુ સંન્યાસી બનીને તપશ્ચર્યા કરી અને સ્વર્ગ પામ્યો.

નયસારનો જીવ ૧૬માં ભવમાં વિશ્વવિભૂતિ નામે રાજકુળમાં અવતર્યો અને જૈન મુનિના તપવાળી ઉગ્ર સાધના અપનાવે છે. આ સાધનામાં



પાંચ રૂપ ઇન્દ્રે કરી, ગ્રહ્યા પ્રભુને હાથ;
લઇ ચાલ્યા મેરુ ભણી, બહુ દેવોની સાથ.

'ઉપદેશ અને આચાર બાબ'

જેમ વિકાસ માટે અવકાશ છે તેમ જો સંયમ અને વિવેક ન હોય તો કેવી ભયજનક સ્થિતિ પેદા થાય છે એનું વર્ણન કથાકારે કર્યું છે તે મનન કરવા યોગ્ય છે–

રાજગૃહમાં વિશ્વનંદી નામક રાજા રાજ્ય કરતો હતો. એને વિશાખભૂતિ નામનો ભાઈ હતો. વિશાખભૂતિની ભાર્યા ધારિણીને પેટે પુત્ર તરીકે મરીચિનો જીવ જન્મ લે છે. તેનું નામ વિશ્વભૂતિ પાડવામાં આવ્યું. રાજા પોતાના ભત્રીજા પર અત્યંત સ્નેહ રાખે છે. એ માતાપિતાની જેમ રાજાનો પણ પ્રિય હોવાથી રાજ્યની બધી જ ભોગસામગ્રી વિશ્વભૂતિ વિના સંકોચે ભોગવી શકતો હતો. રાજાના પુષ્પકરંડક ઉદ્યાનમાં જ્યારે તે પોતાની પત્નીઓ સાથે જતો ત્યારે બીજું કોઈ ત્યાં જઈ શકતું ન હતું અને તે પણ એટલે સુધી કે વિશ્વનંદી રાજાનો પુત્ર વિશાખાનંદી પણ વિશ્વભૂતિ ઉદ્યાનમાં હોય ત્યારે ત્યાં જઈ શકતો ન હતો.

એક વખત વિશ્વનંદી રાજાની રાણી મદનરેખાની દાસીઓ ઉદ્યાનમાં પુષ્પ લેવા આવી, પરંતુ વિશ્વભૂતિ અંદર હોવાથી તેમને ફૂલ લીધા વિના જ પાછા ફરવું પડ્યું. તે વખતે તેમણે વિશાખાનંદી કુમારને પણ પોતાની પેઠે પાછા ફરતા જોયા. તેમણે રાણીને ભંભેરી કે, 'આખા રાજ્યની તમામ મિલકત તમારા દિયરના છોકરાની હોય એમ લાગે છે. તમારો પુત્ર તો ઉદ્યાનમાં પ્રવેશ પણ નથી પામી શકતા, જ્યારે વિશ્વભૂતિ નિરાંતે ઉદ્યાનમાં મહાલ્યા કરે છે!'

રાણીને આ વાત અત્યંત અપમાનજનક લાગી અને એ રિસાઈને કોપભવનમાં જઈ બેઠી. રાજા જ્યારે રાણીને સમજાવવા ગયા, ત્યારે એણે સ્પષ્ટ સંભળાવી દીધું કે, જ્યાં સુધી વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી બહાર કાઢવામાં નહિ આવે ત્યાં સુધી મને શાંતિ નહિ મળે. રાજા [illegible] પડ્યા અને એણે વિશ્વભૂતિને ઉદ્યાનમાંથી દૂર કરવાની યોજના [illegible] સેનાને સજ્જ કરીને પ્રયાણ માટે રણભેરી વગડાવી. [illegible] પ્રયાણ ભેરીનો અવાજ સાંભળી વિશ્વભૂતિ ઉદ્યાનમાંથી તરત રાજદરબારમાં ગયો અને મહારાજાને પૂછ્યું કે, રાજ્ય પર એવું શું સંકટ આવી પડ્યું છે? રાજાએ કહ્યું કે, સીમાડા પરનો પુરુષસિંહ નામનો રાજા ઉદ્ધત થ[illegible]

ગયો છે અને આપણી પ્રજાને સતાવે છે. તે માટે તેનું દમન કરવા સારું હું તરત જ ઉપડવા માગું છું.

તે સાંભળી વિશ્વભૂતિએ નમસ્કાર કરી રાજાને જણાવ્યું કે, " આવા નાના સરખા કામ માટે આપ કષ્ટ ઉઠાવો એ યોગ્ય નથી. આપ મને જ આજ્ઞા આપો, તો હું હમણાં જ તેને સીધો કરી આવીશ."

વિશ્વભૂતિના આવાં ભક્તિભાવ ભરેલાં વચન સાંભળી રાજાએ તેને તરત પ્રયાણુ કરવાની આજ્ઞા આપી. વિશ્વભૂતિએ સૈન્ય સાથે પ્રયાણુ કર્યું. જેમ જેમ એ આગળ વધતો ગયો તેમ તેમ રસ્તામાં કયાંય તેણે પુરુષ-સિંહ વિરુધ્ધ કોઇ પણુ જાતની ફરિયાદ કે આક્રમણની વાત સાંભળી નહિ, પરંતુ જ્યારે પુરુષસિંહને વિશ્વભૂતિના આવવાની જાણુ થઈ તો તેનું અતિશય પ્રેમ અને આનંદપૂર્વક સ્વાગત કર્યું. તેને થયું કે રાજાને કોઈએ ખોટી ખબર આપી છે. એ પોતાને દેશ પાછો ફર્યો.

આ તરફ વિશ્વભૂતિના જતાં જ રાજાએ વિશાખાનંદી કુમારને બોલાવી કહ્યું કે, તું હવે નિઃસંકોચ પુષ્પકરંડક ઉદ્યાનમાં વિહાર કર.

વિશ્વભૂતિ પાછો આવ્યો અને ઉદ્યાનક્રિડાની આસક્તિને લીધે તે સીધો પુષ્પકરંડક તરફ ગયો. ત્યાં દ્વારપાળે તેને જણાવ્યું કે, અંદર યુવરાજ વિશાખાનંદી પોતાના અંતઃપુર સાથે વિહાર કરે છે, માટે આપ અંદર જઈ શકશો નહિ. વિશ્વભૂતિએ ચિડાઈને પૂછ્યું : 'અહીં વિશાખાનંદી કયારથી આવે છે?' દ્વારપાળે કહ્યું કે, 'આપ અહીંથી પધાર્યા તે દિવસથી.'

વિશ્વભૂતિ સમજી ગયો કે એને આ ઉદ્યાનમાંથી ખસેડવા ખાતર જ આ બધો પ્રપંચ કરવામાં આવ્યો હતો. ત્યાંસુધીમાં વિશાખાનંદીના અનુચરો પણુ એકત્ર થઇ ગયા હતા. વિશ્વભૂતિએ પાસેના એક કોઠાના ઝાડ પર મુક્કો મારી, અને તૂટી પડતાં કોઠાં બતાવીને કહ્યું કે, 'આ કોઠાંની પેઠે હમણાં તમારાં માથાં ટપોટપ જમીન ઉપર ગબડાવી પાડત, પરંતુ રાજાજીની આમન્યા નડે છે, તેમના પ્રત્યે ભક્તિ અને આદર છે એટલે માફ કરી દઉં છું.'

વિશ્વભૂતિ પોતાના મહેલમાં જઇ વિચારવા લાગ્યો અને એને સંસારની

સ્વાર્થવૃત્તિથી વૈરાગ્ય થઈ ગયો અને એણે સંભૂતિ મુનિ પાસે જઈ, દીક્ષા લઈને સંસાર ત્યાગ કર્યો.

જ્યારે આ વાતની રાજાને ખબર પડી ત્યારે એ વિશ્વભૂતિ પાસે આવ્યો અને કહેવા લાગ્યો : 'હે પુત્ર! તારા ઉપર મારો કેવો ગાઢ પ્રેમ હતો તે તું જાણે છે. તું કદાપિ મને પૂછ્યા વિના કાંઈ કરતો નહિ, કે મારી આજ્ઞા ઉથાપતો નહિ. તો આ વખતે મને પૂછ્યાગાછ્યા વિના આવું ઉતાવળું પગલું તેં કેમ ભર્યું? કુટુંબકલેશ પતાવવાના કારણે મેં યોજના બનાવી હતી. પરંતુ તેં મારી નાની એવી ભૂલની બહુ મોટી સજા કરી એ યોગ્ય નથી.' રાજાએ હૃદયપૂર્વક પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો.

વિશ્વભૂતિએ જવાબ આપ્યો 'મહારાજ, પુષ્પકરંડકનો બનાવ તો નિમિત્તમાત્ર છે. તેમજ આપના પ્રત્યે પણ મને ખાસ રોષબુદ્ધિ નથી. પરંતુ આ બધા વિષયો સ્વભાવથી જ એવા છે કે, તેમને કારણે આવાં આવાં હિંસા-અસત્યાદિ પાપો આચરવાં જ પડે છે. માટે હવે તો તે વિષયાદિ પ્રત્યેના વૈરાગ્યથી જ સંન્યાસ ધારણ કર્યો છે. મને ફરી પાછો સંસારમાં વાળવાના પ્રયત્નથી, એમાં કોઈનું શ્રેય નથી.'

વિશ્વભૂતિનો આવો દૃઢ સંકલ્પ જાણી, રાજા દુઃખ અને સંતાપ સાથે પાછો ફર્યો. ત્યાર બાદ વિશ્વભૂતિ શાસ્ત્ર અધ્યયનમાં પારંગત બન્યા. કઠોર સાધનાથી શરીરને કસવા લાગ્યા. જીવ માત્રને પોતાના તરફથી કષ્ટ ન પહોંચે એની સાવધાની રાખવા લાગ્યા. પરંતુ કષાયોની પ્રબળતા પણ ઓછી નથી હોતી. સાધક જ્યારે કષાયોને દબાવવા કે દૂર કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે એમ લાગે છે કે દબાઈ ગયા છે, પરંતુ સૂક્ષ્મ સંસ્કાર નિર્મૂળ કરવા બહુ મુશ્કેલ છે. એ ઊંડાં ઊતરી જાય છે. ચિત્તના સૂક્ષ્મ રસ સુકાવાના બદલે અવસર મળતાં જ ભભૂકા વેગથી ફૂટી નીકળે છે. કેટલીક વાર તપસ્વીના તપથી દબાઈ રહેલા કામક્રોધાદિ સહેજ અનુકૂળ પ્રસંગ મળતાં જ સળગી ઊઠે તેવા પદાર્થની જેમ ભભૂકા જોરથી ભભૂકી ઊઠે છે. તપસ્વી વિશ્વભૂતિના જીવનમાં પણ એમ જ થયું.

એક વાર વિશ્વભૂતિ મથુરાનગરીમાં વિચરતા હતા. તે દિવસોમાં જ વિશાખાનંદી મથુરાનરેશની રાજપુત્રીનું પાણિગ્રહણ કરવા ત્યાં આવેલ.

તેના સેવકોએ વિશ્વભૂતિને ઓળખી લીધા. તેઓએ વિશાખાનંદીને બોલાવ્યો. વિશ્વભૂતિને જોતાં જ વિશાખાનંદીને પાછલું વેર યાદ આવી ગયું અને તે ગુસ્સાથી ધૂંઆપૂંઆ થવા લાગ્યો. એટલામાં કોઈ ગાયની અડફટમાં આવી જતાં વિશ્વભૂતિ ઊછળીને દૂર ગબડી પડ્યા. તે જોઈ વિશાખાનંદી ટાણાં મારતો મોટેથી બોલ્યો: 'કેમ ભાઈ કોઠાં-તોડ! તારી મૂઠીનું જોર ક્યાં ગયું, જે આવી નમાલી ગાયના અડફટથી આમ રસ્તા વચ્ચે ગુલાંટો ખાવ છો!'

સેવકો સમક્ષ કરવામાં આવેલી કમજોરીની હાંસી વિશ્વભૂતિથી સહન થઈ નહિ. તરત જ વિશ્વભૂતિએ પેલી ગાયને શીંગડાં વડે ઉપાડી આકાશમાં ઊંચે ઉછાળી છતાં પણ વિશાખાનંદી પ્રત્યેનો ક્રોધ શાંત થયો નહિ. તેમણે સંકલ્પ કર્યો કે, મેં આજ સુધી આચરેલા કઠોર તથા મહાન તપનું કાંઈ ફળ હોય, તો આવતા જન્મમાં હું એવો અતુલ પરાક્રમી પુરુષ થાઉં કે કોઈ મારી અવહેલના ન કરી શકે અને વિશાખાનંદીનું આવતા જન્મમાં મારા હાથે મૃત્યુ થાઓ

જો શક્તિ વધવાની સાથે સાથે સંયમ કે શુદ્ધિ ન વધે તો એ શક્તિ કેવું ભયાનક પરિણામ લાવી શકે છે! સાધકના જીવનમાં આત્મ-વિકાસના માર્ગે આગળ વધવા છતાં અહંકાર કેવો બાધક બને છે અને અહંકાર વશ થનારી ભૂલોના પરિણામથી કોઈ બચી નથી શકતું, એનું આ બોધપ્રદ ઉદાહરણ છે. સાધુ અને તપસ્વીઓનો ગુસ્સો વધારે ભીષણ હોય છે અને એનું પરિણામ વધારે દુઃખદાયક હોય છે, એટલે તપની સાથે સાથે સંયમને પણ જોડવામાં આવ્યો છે.

વિશ્વભૂતિ ક્રોધ યુક્ત સંકલ્પ સાથે શરીર છોડીને સ્વર્ગમાં ઉત્પન્ન થયા અને ૧૮માં ભવમાં ત્રિપૃષ્ઠ વાસુદેવ થાય છે.

જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં પોતનપુર નગરમાં રિપુપ્રતિશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ભદ્રા નામની પટરાણીથી મહાબળવાન અચલ નામે પુત્ર થયો. તે જ પહેલા બળદેવ અચલ. ભદ્રા રાણીથી મૃગાવતી નામની કન્યા થઈ. એ અત્યંત સુંદર હતી. એના રૂપ પર રિપુપ્રતિશત્રુ રાજા મોહિત થયો અને પોતાની પુત્રીને રાણી બનાવવાના દુષ્કૃત્યથી પ્રજા

વિરોધી ન બને એટલા માટે રાજદરબારના ગણ્યમાન્ય લોકોને બોલાવી પૂછ્યું કે, 'રાજાના રાજ્યમાં જે રત્ન ઉત્પન્ન થાય તેનો સ્વામી કોણ કહેવાય?'

મહાજનોએ કહ્યું કે, 'દેશનો રાજા.'

એ પ્રશ્ન ત્રણવાર પૂછીને રાજાએ મહાજનોને મોઢે ત્રણવાર એ જાતનો જવાબ કઢાવ્યો અને પછી ધૃષ્ટતાપૂર્વક બોલ્યો કે, 'મારી પુત્રી મૃગાવતી કરતાં રૂપયૌવનમાં આખી પૃથ્વીમાં કોઈ શ્રેષ્ઠ ન હોવાથી, તે સ્ત્રીરત્ન જેવી છે. માટે તે રત્નનો સ્વામી હું રાજા સિવાય કોણ હોઈ શકે? એટલે હું એની સ્થાપના પટરાણી પદે કરું છું.'

રાજાનું આવું બીભત્સ અપકૃત્ય જોઈને રાણી ભદ્રાને અત્યંત સંતાપ થયો અને એ પોતનપુર ત્યાગીને દક્ષિણ દેશમાં ચાલી ગઈ અને ત્યાં માહેશ્વરી નગરી વસાવીને રહેવા લાગી. રાજાનું પોતાની પુત્રી સાથેનું આચરણ જોઈને લોકોએ એનું નામ પ્રજાપતિ પાડ્યું.

આ મૃગાવતીના ઉદરમાં વિશ્વભૂતિનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે તેની માતાને જે સાત મંગલ સ્વપ્ન આવે છે, તે બધાં મૃગાવતી રાણીએ પણ જોયાં. એનું નામ ત્રિપૃષ્ઠ પાડવામાં આવ્યું.

ત્રિપૃષ્ઠ કુમાર જ્યારે શિક્ષણ યોગ્ય ઉંમરનો થયો ત્યારે ગુરુકુળમાં રહીને વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. મોટા ભાઈ અચલ સાથે તેને ખાસ પ્રીતિ હતી.

રાજા રિપુપ્રતિશત્રુ રત્નપુરના અશ્વગ્રીવ નામક રાજાનો તાબેદાર હતો. અશ્વગ્રીવ એ જમાનાના રાજાઓમાં સૌથી વધુ બળવાન અને પરાક્રમી હતો. એ જમાનાનો એ પ્રતિવાસુદેવ હતો અને હજારો રાજાઓ તેના તાબેદાર હતા.

વિશાખાનંદીનો જીવ એ સમયે એક ગિરિગુફામાં સિંહ રૂપે જન્મ્યો હતો; તે અત્યંત બળવાન અને નિડર હતો અને આજુબાજુના વિસ્તારમાં ખેતરમાં કામ કરતા ખેડૂતો તથા પશુઓને મારી નાખતો. આ કારણે આજુબાજુના સર્વ પ્રદેશમાં હાહાકાર મચી ગયો. બધા ખેડૂતો ખેતર ત્યાગવા

અશ્વગ્રીવ પાસે આવ્યા. રાજાએ પોતાના તાબેદાર રાજાઓને એની ચોકી કરવાનો હુકમ કર્યો અને જેનો વારો આવતો તેને ત્યાં જવું પડતું. પેલા સિંહને તો રાજાઓ કે રાજસેવકોનું ભોજન વિના પરિશ્રમે મળવા લાગ્યું. આમ રાજપુરુષોનાં હાડકાંના ઢગલાઓથી ને વનભૂમિના સીમાડાઓ ભરાઈ ગયા.

આ જોઈ અશ્વગ્રીવને થયું શા માટે કોઈ ભવિષ્યવેત્તાને બોલાવી ન પૂછવું કે આ ભયાનક સિંહનો નાશ કેવી રીતે થશે? ભવિષ્યવેત્તાઓએ રાજાને કહ્યું કે, ' મહારાજ, જે આ ભયંકર સિંહને મારશે, તે આપનો પણ વધ કરશે. '

' મારો વધ કરનારની બીજી કોઈ નિશાની ખરી ? '

ત્યારે ભવિષ્યવેત્તાઓએ કહ્યું કે, ' આપના ચંડવેગ નામના દૂતનું જે અપમાન કરશે, એને આપનો કાળ જાણજો. '

અશ્વગ્રીવે વિચાર્યું કે પ્રતિસ્પર્ધીઓનો તરત જ નાશ કરી દેવો વધારે ઉચિત છે. એણે પ્રજાપતિ રાજાના કુમારોની પરાક્રમ ગાથા સાંભળી હતી એટલે પારખું લેવા માટે ચંડવેગને રાજા પ્રજાપતિ પાસે મોકલ્યો.

પ્રજાપતિ રાજાના દરબારમાં ચંડવેગ પહોંચ્યો ત્યારે સંગીતનો જલસો ચાલતો હતો. રાજાધિરાજ અશ્વગ્રીવના દૂતને રાજસભામાં દાખલ થવા માટે કોઈની પરવાનગી માગવાની હોય નહિ અને એ અચાનક સભામાં ઉપસ્થિત થયો. આખી સભા એકદમ ખળખળાટ કરતી ઊભી થઈ ગઈ, સંગીત બંધ થઈ ગયું, અને પ્રજાપતિ રાજાએ જાતે ઊભા થઈને ચંડવેગનો આદરસત્કાર કર્યો. એ સમયે ત્રિપૃષ્ઠ કુમાર પણ સભામાં હાજર હતો. તેને આ બધું અચાનક શું થઈ ગયું એ સમજાયું નહિ. એણે પાસે ઊભેલી કોઈ વ્યક્તિને પૂછ્યું : ' આ કોણ છે ? '

પેલાએ જવાબ આપ્યો કે, એ મહારાજા અશ્વગ્રીવનો દૂત છે. આપણું રાજ્ય પણ એનું તાબેદાર હોવાથી એના દૂતનું સન્માન કરવું પડે છે.

કુમાર ત્રિપૃષ્ઠે કહ્યું કે, જ્યારે એ દૂત પાછો વિદાય થાય ત્યારે મને
ખબર આપજો.

ચંડવેગે રાજસભામાં અશ્વગ્રીવ રાજાના આદેશ સંભળાવ્યા. રાજાએ
પણ તે સર્વે વિનયપૂર્વક સ્વીકાર્યાં, તથા ચંડવેગને પુષ્કળ ભેટસોગાદ
આપી યથાવિધિ પ્રસન્ન કર્યો.

રાજાની મહેમાનગીરીથી પ્રસન્ન થઈ, ચંડવેગે પોતનપુર તરફ પ્રયાણ
કર્યું. ત્રિપૃષ્ઠને એ ખબર મળતાં જ તે પોતાના મોટા ભાઈ અચલ તથા
સાથીઓને લઈ, માર્ગમાં જ એ ચંડવેગને મળ્યો અને કહ્યું કે, 'તેં
અમારા રાજ્યમાં આવી રાજસભામાં જે અવિનય દાખવ્યો છે એ માટે
તને થોડો વિનય તથા રીતભાત શીખવાડવી પડશે.' કહીને ચંડવેગના
સૈનિકો પર આક્રમણ કર્યું. તેઓ પલાયન કરી ગયા. ત્રિપૃષ્ઠ અને એના
સાથીઓએ તેની ભારે દુર્દશા કરી. પ્રજાપતિને આ સમાચાર મળતાં જ
એ ગભરા બની ગયા. અને પોતાના પ્રધાનને ચંડવેગ પાસે મોકલી
તેને સન્માનપૂર્વક સભામાં પાછો તેડાવ્યો અને ઘણો ઘણો વિનય સત્કાર
કરી, પોતાના ઉદ્દંડ દીકરાઓ માટે માફી માગી. અને માફી માંગીને
વિનંતિ કરી કે, 'મારા ઉપરનો તમારો સાચા સમયનો સદ્ભાવ ખ્યાલમાં
રાખી, તમારે મને આ આફતમાંથી બચાવી લેવો ઘટે છે. રાજા અશ્વ-
ગ્રીવના કોપથી અમને બચાવો.'

ચંડવેગે પ્રજાપતિ રાજાની લાચારી તથા દીનતા જોઈને તેને આશ્વા-
સન આપતાં કહ્યું કે, 'કુમારોની હરકત હું નહિ કહું. એ કુમારો તો
જેવા તમારા કુમારો છે, તેવા જ મારા પણ છે. એમની નાદાનીને હું
માફ કરી દઈશ.'

પરંતુ ચંડવેગ અશ્વગ્રીવ પાસે પહોંચે ત્યાર પહેલાં નગરમાં આવેલા
સેવકો દ્વારા અશ્વગ્રીવને બધી ખબર પડી ગઈ હતી. એમણે એ પણ [illegible]
જણાવ્યું છે, 'પ્રજાપતિ રાજા પોતે તો નિર્દોષ છે. તથા આપના પ્રત્યે
તેની વફાદારી અખંડ છે. પરંતુ રાજકુમાર ઉદ્દંડ છે.'
રાજાને ચંડવેગના અપમાન કરતાં [illegible] કરેલ

વાતની પડી હતી. અને એને થયું કે ત્રિપૃષ્ઠકુમાર જ મારો કાળ છે. એટલે સિંહની ચોકી કરવા જવા માટે પ્રજાપતિને હુકમ કર્યો.

પ્રજાપતિએ કુમારોને બોલાવી કહ્યું કે, 'તમે કરેલા અવિનયનું આ કુફળ મળ્યું. અશ્વગ્રીવ રાજાએ ગુસ્સે થઈ મારો વારો ન હોવા છતાં, મને મોતના મુખમાં ધકેલવા જ સિંહની ચોકી કરવા જવાનો હુકમ કર્યો છે.'

ત્રિપૃષ્ઠે કહ્યું: 'પિતાજી, આપને ચિંતા કરવાની જરૂર નથી. અમે છીએ પછી તમારે શામાટે એક કૂતરા જેવા જાનવરની ચોકી કરવા જવું પડે?'

રાજાએ ખિન્ન સ્વરે કહ્યું: 'તમે બાળક છો, તમને સિંહની શક્તિનું ભાન નથી અને અશ્વગ્રીવ રાજાના શૌર્યને પણ જાણતા નથી એટલે ફાવે તેમ બોલો છો! પરંતુ તમે તમારા પર કેવી મોટી આફત નોતરી બેઠા છો એનો તમને ખ્યાલ નથી.'

પરંતુ રાજકુમાર ત્રિપૃષ્ઠે મહાપ્રયાસે રાજાને સમજાવી, સિંહની ચોકી માટે પ્રયાણ કર્યું.

ત્રિપૃષ્ઠે સિંહના સ્થાનની ભાળ મેળવી અને કાંઈ પણ હથિયાર વિના સિંહની ગુફાના દ્વાર પાસે જઈ પહોંચ્યો. અને તે સિંહ સાથે મલ્લયુદ્ધ કરી તેને જીર્ણ વસ્ત્રની પેઠે બે હોઠ પકડીને ચીરી નાખ્યો. પછી ત્રિપૃષ્ઠે ગામલોકોને કહ્યું: 'હવે તમે નિરાંતે રહો અને સિંહનું ચામડું તમારા રાજા અશ્વગ્રીવને આપજો અને કહેજો કે હવે સિંહની ચોકી કરવાની કોઈ જરૂરત નથી.'

કથાકારે અહીં એવી કલ્પના કરી છે કે, સિંહને આ પ્રકારે જમીન ઉપર પડ્યો પડ્યો તરફડતો તરફડતો ખેદ કરતો જોઈને ત્રિપૃષ્ઠના સારથીએ તેને આશ્વાસન આપ્યું કે, 'તારે ખેદ કરવાની જરૂરત નથી. મૃત્યુ તો સૌનું આવે છે. પરંતુ આવા પુરુષસિંહના હાથે મરવું પણ સદ્ભાગ્ય છે.'

એ સારથી પછી ત્રિપૃષ્ઠના મહાવીર સ્વામી તરીકેના જન્મમાં તેમનો ગૌતમ નામે પ્રથમ ગણધર થયો.

અશ્વગ્રીવે પ્રજાપતિને રાજકુમારોને પોતાને ત્યાં મોકલવાનો હુકમ કર્યો અને કહેવડાવ્યું કે, 'કુમારનું પરાક્રમ જોઇને હું તેમને મહત્વના કાર્યની જવાબદારી સોંપવા ઇચ્છું છું.'

રાજા સમજી ગયો કે કુમારને બોલાવી અશ્વગ્રીવ તેને મારી નાખવા ઇચ્છે છે, એટલે વિવેકપૂર્વક અવગણના કરવી પડી. રાજા અશ્વગ્રીવે ચઢાઈ કરી દીધી ત્યારે પોતાના સંરક્ષણ માટે એણે ત્રિપૃષ્ઠ અને અચલને સેના લઇ મોકલ્યા. બંને પક્ષ વચ્ચે પ્રમુખ યુદ્ધ થયું. હજારો સૈનિકો મોતના મુખમાં હોમાવા લાગ્યા આ જોઇને ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવને કહેવડાવ્યું કે, 'તમારું ખરું વેર તો મારા ઉપર છે, તો પછી આ નિરપરાધી સૈનિકોનો નાશ શું કરવા થવા દેવો ! આપણે બે જ યુદ્ધ કરીને ખરો નિવેડો લાવી દઈએ.'

બંને વચ્ચે યુદ્ધ થતાં, ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવનું ગળું કાપી નાખ્યું. ત્યાર બાદ એ નિર્વિઘ્ને રાજ્ય કરવા લાગ્યા ત્યાર બાદ દક્ષિણભરતાર્ધના ત્રણ ખંડ જીતીને પોતાને વશ કર્યા. ત્રિપૃષ્ઠનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. એ રાજાઓ તથા વિદ્યાધરોની કન્યાઓ સાથે લગ્ન કરી અનુપમ ભોગો ભોગવવા લાગ્યો.

આ અરસામાં અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથને કેવલજ્ઞાન થઈ ચૂક્યું. તેઓ વિચરતા વિચરતા પોતનપુર પધાર્યા. એમનો ઉપદેશ સાંભળીને ત્રિપૃષ્ઠ તથા અચલકુમારને ધર્મશ્રદ્ધા તથા ધર્મરુચિ થઈ પરંતુ ધર્મનું જ્ઞાન અને શ્રદ્ધા હોવા છતાં પણ એ માર્ગે ચાલવાનું સામર્થ્ય એનામાં આવ્યું નહિ ધર્મનું જ્ઞાન મેળવીને પણ આચરણ કરી શક્યા નહિ અને અધર્મનું જ્ઞાન હોવા છતાં અધર્મનો ત્યાગ કરી શક્યા નહિ.

ત્રિપૃષ્ઠ વિષયોમાં ઘણો જ તલ્લીન બની ગયો. એક વખત રાત્રે કેટલાક પ્રખ્યાત ગવૈયાઓનું સંગીત સાંભળતો તે સૂતો હતો. ત્યારે તેણે પોતાના શય્યાપાલકને આજ્ઞા આપી કે, હું નિદ્રાવશ થઈ જાઉં ત્યારે આ ગવૈયાઓનું સંગીત બંધ કરીને તેમને રજા આપજે. પરંતુ સંગીતના રસના લોભમાં દબાયેલો ત્રિપૃષ્ઠ નિદ્રાવશ થવા છતાં ગવૈયાઓને રજા આપી નહિ. પાછલી રાતે ત્રિપૃષ્ઠ જાગ્યો ત્યારે તેણે સંગીત ચાલતું જ

જોયું. તેણે તરત જ શય્યાપાલકને પૂછ્યું કે, ' મારી આજ્ઞા પ્રમાણે તેં ગવૈયાઓને રજા કેમ ન આપી ? '

શય્યાપાલકે સત્ય હકીકત નિવેદન કરતાં જણાવ્યું કે, ' પ્રભુ ! હું તેમના ગાયનથી એટલો મોહિત થઇ ગયો હતો કે, આપની આજ્ઞાનું મને સ્મરણ રહ્યું નહિ. '

ત્રિપૃષ્ઠે બીજે દિવસે રાજસભામાં તે શય્યાપાલકને પકડી મંગાવી, તેના કાનમાં ઊકળતું સીસું રેડાવ્યું, ત્યારે જ તેને જંપ વળ્યો. આટલો બધો ભયંકર કોપ !

પરંતુ માત્ર કોપ જ નહિ; વિષયોમાં કાયમની આસક્તિ, રાજ્યપદમાં મૂર્છા, બાહુબળનો ગર્વ, જીવહિંસાની જરા પણ પરવા નહિ, ગમે તેવી પ્રવૃત્તિઓ દ્વારા ભોગસામગ્રીનું ઉપાર્જન અને ભોગ, અને ક્રૂરતા ભર્યા જ ખ્યાલો અને કૃત્યો, એ બધાં કૃત્યોને કારણે નરકગતિમાં પહોંચ્યા.

ત્રિપૃષ્ઠે પોતાના પૂર્વજન્મના સંકલ્પ અનુસાર ત્રણ ખંડો પર આધિપત્ય મેળવ્યું અને અનુપમ વિષયભોગ ભોગવ્યા, પરંતુ એની કિંમત તો એને ચૂકાવવી જ પડી. સાતમાં નરકમાં પહોંચીને ભયાનક દુઃખ ભોગવ્યા ૧૯મો ભવ પૂરો કર્યો પછી, કેસરીસિંહ તરીકે ૨૦માં ભવમાં જન્મ્યો અને એ આયુષ્ય પૂરું કરીને ૨૧માં ભવમાં ચોથી નરભૂમિમાં ઉત્પન્ન થયો. ૨૨માં ભવમાં તે રથપુર નગરના રાજા પ્રિયમિત્રની રાણી વિમલાને પેટ પુત્ર તરીકે જન્મ્યો. તેનું નામ વિમલ હતું, યથાકાળે તેને રાજગાદી પ્રાપ્ત થઇ. અંતિમ સમયમાં વિવેકવૈરાગ્યયુકત થઇ દીક્ષા લીધી. અને પ્રબળ તપ કરી, જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીના રાજા ધનંજયની ધારિણી નામે રાણીના પેટે પ્રતાપી પુત્ર તરીકે ઉત્પન્ન થયો. તેનું નામ પ્રિયમિત્ર પાડવામાં આવ્યું. યોગ્ય સમયે તેને રાજગાદી પર બેસાડી, રાજાએ પ્રવ્રજ્યા લીધી.

પ્રિયમિત્ર ઘણો પ્રતાપી હતો. એણે ૭ ખંડ જીતીને ચક્રવર્તીપદ પ્રાપ્ત કર્યું. અનેક ભોગ વૈભવમાં રહેવા છતાં પણ, એક દિવસ મહેલની અગાસીમાં ફરતો હતો ત્યારે તેણે આકાશ તરફ નજર કરતાં એક વિચિત્ર દળ જોયું. તે વાદળની વિચિત્રતા તે ધારી ધારીને જોતો

હતો, તેવામાં તો તે છિન્નભિન્ન થવા લાગ્યું અને થોડા વખતમાં તો તે હતું-ન-હતું થઈ ગયું. આ જોઈ રાજાને શરીરની ક્ષણ ભંગુરતાનો ખ્યાલ આવ્યો, પરિણામે વૈરાગ્ય ઉત્પન્ન થતાં પોટ્ટિલાચાર્ય નામના સંત પાસે પરિવ્રજ્યા લીધી અને ગુરુએ દર્શાવેલ માર્ગે પ્રવર્તતા તેણે પોતાનું સાધુ જીવન સાર્થક કર્યું. આયુષ્ય પુરું થતાં, ૨૪મા જન્મમાં શુક્ર નામના દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

પચીશમાં ભવમાં છત્રા નામે નગરીમાં જિતશત્રુ નામે રાજાની ભદ્રા રાણીની કૂખે પુત્ર તરીકે જન્મ્યો. તેનું નામ નંદન પાડવામાં આવ્યું. યથાકાળે નંદનકુમારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને સત્સંગમાં આવી દીક્ષા ગ્રહણ કરી.

આ ભવમાં ચિત્ત શુદ્ધિના વિશેષ પ્રયત્નો કરી ચિત્તને રાગદ્વેષ રહિત બનાવ્યું, ધર્મ પરાયણ બનીને ધર્મ પાલનમાં સતત લાગ્યા રહ્યા. વૈરાગ્ય, અપ્રમાદ, સ્વાધ્યાય, જિતેન્દ્રિયતા, બ્રહ્મચર્ય વિગેરે અનેકવિધ ગુણોને અપનાવી, જીનત્વની પ્રાપ્તિ માટે ૨૦ ગુણોની આરાધના આવશ્યક છે. જેમ તીર્થંકર પદ માટે ૨૦ સ્થાનક (ગુણ)ની આરાધના છે પરંતુ આ વીસમાંથી કોઈ એક સ્થાનક આરાધનારને પણ તીર્થંકર પદ પ્રાપ્ત થાય છે. પ્રથમ અને અન્તિમ તીર્થંકરના જન્મમાં ૨૦ સ્થાનકની આરાધનાની વાત છે. કેટલાક એક, બે, કે ત્રણ સ્થાનકોની આરાધના કરીને એ પદ પ્રાપ્ત કર્યું છે. ત્રીજા તીર્થંકર સંભવનાથે, દુકાળમાં ભૂખ્યાઓને અન્ન આપી સેવા (વૈયાવૃત્ય)નામક સ્થાનકની ઉપાસના કરી તીર્થંકર પદ મેળવ્યાનો ઉલ્લેખ છે. નંદન રાજાના જન્મમાં સંયમમાં પ્રબળ પુરુષાર્થ કરી ત્યાંથી છવ્વીસમા ભવમાં દેવલોકમાં જન્મ્યા અને સત્તાવીસમા ભવમાં તીર્થંકર બન્યા. એમનું જન્મ નામ તો વર્ધમાન હતું. પરંતુ કાળે જીવન જીવવા પ્રબળ પુરુષાર્થ કર્યો. પોતાના કર્મો પર, અહંકાર-મમતા વિગેરે દોષો પર વિજય મેળવીને કર્યું મહાવીર કહેવાયા.

નયસારના જન્મથી શરૂ થયેલ વિકાસ-યાત્રા, નંદન રાજાના જન્મમાં પૂરી થઈ.

મ હા વી ર નો

જન્મ તથા વિકાસ

વૈશાલી ભારે મોટી નગરી હતી. એ ગંડકી નદીના કિનારે વસેલી હતી અને તેના કિનારે ક્ષત્રિય-કુંડગ્રામ અને બ્રાહ્મણ-કુંડગ્રામ નામના બે ઉપનગર હતા. ક્ષત્રિય-કુંડગ્રામના મુખી સિદ્ધાર્થ હતા. તેઓ વૈશાલીના ગણરાજા ચેટકના બનેવી હતા. ચેટકની બહેન ત્રિશલા સાથે એમના લગ્ન થયા હતા. વૈશાલીના ક્ષત્રિય પાર્શ્વનાથના અનુયાયી હતા, મહાવીરનું કુટુંબ પણ.

ત્રિશલા ક્ષત્રિયાણી એક રાત્રે અનેક મંગલ સ્વપ્ન જુએ છે. સ્વપ્નો જોતાં જ ત્રિશલા અચાનક જાગી ઊઠી અને રાજા સિદ્ધાર્થના શયન-ખંડમાં આવી, મધુર સ્વરે એમને જગાડી કહે છે: 'સ્વામિ, મેં આજ વૃષભ, હાથી, કમળ વિગેરે સ્વપ્નો જોયાં.'

આ સાંભળી સિદ્ધાર્થ અત્યંત આનંદિત થાય છે અને કહે છે: 'દેવાનુ-પ્રિયે, તમે મંગળકારી સ્વપ્નો જોયાં છે અને તે શુભ છે. એનું ફળ જાણવા માટે સ્વપ્નશાસ્ત્રીઓને સવારે બોલાવશું.'

સ્વપ્નશાસ્ત્રીઓને સવારે બોલાવવામાં આવ્યા. એમણે કહ્યું: 'આ સ્વપ્નો ઘણા મંગળકારી છે. ત્રિશલા ક્ષત્રિયાણી મહાન પરાક્રમી, ધર્મ-ચક્ર-પ્રવર્તન કરવાવાળા પુત્રને જન્મ આપશે. સ્વપ્નો આરોગ્ય, દીર્ઘા-યુષના સૂચક, સંતોષ અને કલ્યાણ તથા મંગળ સૂચવનારાં છે.

સિદ્ધાર્થ ગણરાજા સ્વપ્નોનું ફળ જાણીને અત્યંત પ્રસન્ન થયા અને સ્વપ્ન પાઠકોને વિપુલ ભેટ-દાનથી ખુશ કરીને વિદાય આપી.

ત્યાર બાદ ત્રિશલા રાણી ગર્ભની રક્ષાર્થે ખાવાપીવામાં, ઊંઘવામાં અને બીજી બધી શારીરિક ક્રિયાઓમાં ઘણી જ સંભાળપૂર્વક વર્તવા લાગ્યાં. તેમણે અતિ ઉષ્ણ-શીત-મિષ્ટ-તિક્ત-ક્ષાર એવાં શરીરને બાધાકારક સર્વ ભોજનોનો ત્યાગ કર્યો. તેમજ અતિ ચિંતા-શોક-દૈન્ય-મોહ અને ભય વિગેરે કુવૃત્તિઓનો ત્યાગ કર્યો તથા ચિત્તને આનંદ ઉપજાવે એવાં સુખકર-મનોહર સ્થાનમાં રહેવા માંડ્યું.

નવ મહિના સાડા સાત દિવસ પછી, ચૈત્ર માસના શુક્લ પક્ષની તેરશની તિથિએ, ઉત્તરા-ફાલ્ગુની નક્ષત્રમાં ત્રિશલા રાણીએ સુંદર પુત્રને જન્મ આપ્યો. દાસીઓ સિદ્ધાર્થ રાજા પાસે વધામણી આપવા પહોંચી ગઈ. પુત્ર જન્મના આનંદમાં રાજા સિદ્ધાર્થે પોતે ધારણ કરેલાં સર્વ આભૂષણ બક્ષિસ આપ્યા અને નગરને શણગારવાનો આદેશ આપ્યો. કેદીઓને છોડી મૂક્યા. નિત્ય ઉપયોગી ચીજોને ઘરની કિંમતે વેચવાનો આદેશ આપ્યો. નગરની ચોતરફ સાફસૂફી કરી, સુગંધી જળ છાંટવામાં આવ્યું. રસ્તાઓ, ચોક, ગલી કૂંચી, બધું શણગારવામાં આવ્યું. ધ્વજો ફરકાવવામાં આવ્યાં. તોરણો બાંધવામાં આવ્યાં. સુગંધિત ધૂપ કરવામાં આવ્યો. વિવિધ પ્રકારના નાટ્ય-ગીત-નૃત્યનું આયોજન કરવામાં આવ્યું. મંગળ ગીતો ગાવામાં આવ્યાં અને વાદ્ય વગાડવામાં આવ્યાં. નગરમાં દસ દિવસનો મોટો મહોત્સવ ઉજવવામાં આવ્યો. સર્વ જનોને આમંત્રણ જાહેર કર્યાં. શ્રમણ-બ્રાહ્મણોને દાન આપવામાં આવ્યાં; એમનું સન્માન કરવામાં આવ્યું. સર્વત્ર આનંદ છવાઈ ગયો.

નવજાત શિશુના જન્મના બારમા દિવસે મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો અને સંબંધીઓને ભોજન કરાવવામાં આવ્યું. ભોજનવિધિ પૂરી થયા બાદ સૌની સમક્ષ સિદ્ધાર્થ રાજાએ જાહેર કર્યું કે "આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારથી અમારા કુળમાં ધન-ધાન્ય અને સમૃદ્ધિની વૃદ્ધિ થઈ રહી છે કેટલે બાળકનું નામ 'વર્ધમાન' રાખવું ઉચિત છે." સૌએ આ નામનું અનુમોદન કર્યું.

બાળક વર્ધમાન [illegible] દેખરેખ નીચે ઉછરવા લાગ્યો.

બાળક વર્ધમાન 'વીર' બન્યા

વર્ધમાન નાનપણથી જ નિર્ભય, વીર, ધીર અને ગંભીર પ્રકૃતિનાં હતા. એક વાર સમાન વયના કુમારો સાથે વર્ધમાન રમત રમતા હતા. સાથીઓએ વૃક્ષની પાસે સાપ જોયો. બધા સાથીઓ ભયનાં માર્યા નાસી ગયા સર્પ ભયંકર હતો ને ફૂંફાડા મારતો હતો. વર્ધમાને સર્પ તરફ જોયું અને ભય કે ત્રાસ પામ્યા વિના તે સાપને પકડીને દૂર છોડી દીધો. એમની નિર્ભયતા જોઈને સાથીઓએ તેમને 'વીર' કહેવાનું શરું કર્યું.

બધા કુમારો એવી રમત રમતા હતા કે તેમાં જે જીતે તે બીજાની પીઠ ઉપર બેસે, અને ઊંચકનારો જીતનારને અમુક સ્થાન સુધી ઊંચકીને લઇ જાય. એ રમતમાં એક ઉદંડ છોકરો એમને પીઠ પર બેસાડી દોડી રહ્યો હતો ત્યારે મહાવીરે પોતાના પ્રબળ હાથ વડે એવી તો થપાટ લગાવી કે તે જાણે મારથી જમીનમાં પેસી ગયો હોય તેમ બેવડો વળી ગયો.

વર્ધમાન અદ્ભૂત પ્રતિભા ધરાવતા હતા. એમને વિદ્યાભ્યાસ માટે પાઠશાળામાં મોકલવામાં આવ્યા. ત્યાં એમની અદ્ભૂત પ્રતિભા જોઈને અધ્યાપક ચકિત થઈ ગયો. લેખન, ગણિત, કાવ્ય, છંદ, ચિત્રકલા, ધનુર્વિદ્યા વિગેરે કળાઓમાં સૌથી આગળ રહેતા હતા.

પરિવાર

મહાવીરના મોટાભાઈનું નામ નંદિવર્ધન, બહેનનું નામ સુદર્શના અને કાકાનું નામ સુપાર્શ્વ હતું શ્વેતામ્બર સાહિત્યમાં એમના લગ્ન કૌંડિન્ય ગોત્રની યશોદા સાથે થયાં છે, અને એમને પ્રિયદર્શના નામની એક પુત્રી પણ થઈ હતી અને એનાં લગ્ન એમની બહેન સુદર્શનાના પુત્ર જમાલિ સાથે થયાં હતાં. અને જમાલિને શેષવતિ નામની પુત્રી થઈ. પરંતુ દિગમ્બર માન્યતા પ્રમાણે મહાવીર બાળ-બ્રહ્મચારી હતા. ખરેખર તો મહાવીરની સાધના ગૃહત્યાગ પછી જ શરુ થાય છે એટલે લગ્નની વાત ગૌણ બની જાય છે. આમ તો મહાવીર જન્મજાત વૈરાગી હતા, પરંતુ જ્યારે એ ભાવના તીવ્ર થઈ ત્યારે એમણે માતા-પિતા સમક્ષ પોતાની આ ઇચ્છા વ્યક્ત કરી, કારણ કે તેઓ દુઃખી જીવોના સુખનો માર્ગ શોધવા ઇચ્છતા હતા. પરંતુ મોહાસક્ત માતા-પિતાને એમનો ગૃહત્યાગ દુઃખકર લાગ્યો.

તેઓ કોઈનું મન દુભવીને કોઈ કામ કરવા ઈચ્છતા ન હતા, તો પછી માતા-પિતાને દુઃખી કેમ કરે! પરિણામે એમણે એમ નક્કી કર્યું કે જ્યાંસુધી માતા-પિતા જીવંત છે, ત્યાંસુધી દીક્ષા નહિ લઉં, અને ઘરમાં જ અનાસક્ત ભાવે રહેવું છે, પરંતુ પોતાના વૈરાગ્ય ભાવમાં મંદતા ન આવવા દીધી. માતા-પિતાએ વૃદ્ધાવસ્થા અને શરીરની સાધનામાં ઉદ્યમવંત ન થવા જેવી સ્થિતિ જોઈને સંલેખનાથી દેહત્યાગ કર્યો.

દીક્ષા

માતા-પિતાના દેહ-ત્યાગ પછી, મહાવીરે પોતાના મોટાભાઈ પાસે ગૃહત્યાગની અનુમતિ માગી, ત્યારે મોટાભાઈએ કહ્યું કે, હજુ હમણાં તો માતા પિતાનો વિયોગ થયો છે, અને તમે પણ છોડીને દીક્ષા લેશો! એ તો ઘા માટે મસાલા છે. થોડા દિવસ થોભી જાઓ. ભાઈની ભાવનાનો વિચાર કરીને મહાવીર બે વર્ષ વધારે રોકાઈ ગયા.

જ્યારે દિવસ નિકટ આવવા લાગ્યા ત્યારે મહાવીરે દુખીઓને દાન આપવાનું શરૂ કર્યું અને માગસર વદ ૧૦ દીક્ષાનો દિવસ નિશ્ચિત કરવામાં આવ્યો. કુટુંબીઓએ આ દીક્ષા-દિવસને ઉત્સવ રૂપે ઉજવ્યો. રત્નજડિત શિબિકામાં મંગાવવામાં આવી. સુગંધી જળથી એમને સ્નાન કરાવવામાં આવ્યું. અલંકાર તથા શ્વેત વસ્ત્ર પરિધાન કરી તેઓ શિબિકામાં પૂર્વ દિશા તરફ મુખ કરી નિર્મળ ચિત્તે બેઠા અને જ્ઞાત-ખંડ ઉદ્યાન તરફ પ્રસ્થાન કર્યું. ત્યાં જઈને પોતાના વસ્ત્રાભૂષણ શરીર ઉપરથી ઉતારી નાખ્યા અને કેશનો લોચ કરી, ઇંદ્રિય ધર્મ ત્યજી, શ્રમણ ધર્મના પાલન માટે પંચમહાવ્રતોના પાલનનો દૃઢ સંકલ્પ કર્યો.

જૈન મંદિર તથા આગમ સાહિત્યમાં વર્ણન મળે છે કે, ભ.મ.ને દેવ-દૂષ્ય માટે શ્રમણ ધર્મમાં દીક્ષિત થઈને સર્વ ત્યાગ કર્યો. પછી એમની સાધના શરૂ થઈ! ગૃહત્યાગ પછી એમનું ચિંતન આ રીતે ચાલે છે:

પ્રત્યેક પ્રાણી સુખ ઈચ્છે છે, એ માટે એ પ્રયત્ન પણ કરે છે. પરંતુ દીક્ષા ભાવના લેતાં દુઃખી જ જોવામાં આવે છે. તેથી, દુઃખ દૂર કરવા

છે ? એમને સુખ શા માટે નથી મળતું ? સુખી થવા માટે શું બીજાને દુઃખ દેવું આવશ્યક છે? જો નહિ તો, બધાને સુખી રાખીને કેવી રીતે સુખ મેળવી શકાય? એમને બધાના કલ્યાણમાં, પોતાના કલ્યાણનો માર્ગ શોધવો હતો અને લોકોને બતાવવો હતો. એ માટે જાતે અનુભવ મેળવવો હતો. કલ્પનાથી નહિ, સ્વયં પોતાના અનુભવથી 'માર્ગ' શોધવો હતો. આ પ્રક્રિયામાં એમને બાર વર્ષ લાગ્યા. એમણે સાધના કાળમાં અનેક ઉપસર્ગોને સમભાવે સહન કર્યા.

સાધના માર્ગના ઉપસર્ગ

એ દિવસે મહાવીર, બે ઘડી દિવસ બાકી રહ્યા હતા ત્યારે કુમાર ગામે પહોંચ્યા. એને હાલમાં કામન છાપરા કહે છે. ત્યાં તેઓ ધ્યાનસ્થ થયા.

એક ગોવાળ પોતાના બળદોને ત્યાં છોડીને, ગાયો દોહવા ગામમાં ચાલ્યો ગયો. બળદો ચરતા ચરતા ત્યાંથી દૂર ચાલ્યા ગયા. બળદોને ત્યાં ન જોતાં ગોવાળે ભગવાનને પૂછ્યું કે બળદો કયાં છે? મહાવીર ધ્યાનસ્થ હતા. જવાબ ન મળતાં એ બળદ શોધવા નીકળી પડ્યો. આખી રાત ભટકયા બાદ પણ બળદ ન મળ્યા એટલે નિરાશ થઈને મહાવીર હતા ત્યાં પાછો આવ્યો ત્યારે બળદોને ત્યાં બેઠેલા જોયા. આખી રાત બળદોને શોધીને થાકેલો ગોવાળ ગુસ્સે થઇ ગયો અને એમને ચોર સમજીને બળદની રાશ લઈ મારવા દોડયો પરંતુ મહાવીરથી પરિચિત કોઇ સજ્જને તેને વાર્યો અને મહાવીરનો પરિચય આપ્યો.

ત્યાંથી તેઓ કોલ્લાક સંનિવેશ એટલે કે ગામની બહાર તપસ્વીઓના આશ્રમમાં આવ્યા. એમના પિતાના મિત્ર તપસ્વી આશ્રમના કુલપતિ હતા. ત્યાં તેઓ એક રાત રહ્યા અને બીજે દિવસે સવારે ત્યાંથી જવા લાગ્યા ત્યારે તે કુલપતિએ તેમને ચાતુર્માસ ત્યાં ગાળવાનું આમંત્રણ આપ્યું. એટલે ચાતુર્માસ માટે ત્યાં પહોંચ્યા. આ સમયની તેમની વૃતિનું વર્ણન આ પ્રકારનું વર્ણવાયેલું છે–તેઓ શત્રુ-મિત્ર, તૃણ-સ્ત્રી, સુવર્ણ-પાષાણ, મણિ-મૃત્તિકા, લોક-પરલોક, સુખ-દુઃખ અને સંસાર

ભૌતિક સુખ-સગવડતા ગૌણ હતી અથવા એમ કહેવું જોઈએ કે એમણે યોગ દ્વારા આત્મિક શકિતઓનો એટલો વિકાસ કરી લીધો હતો કે શરીરને મહિનાઓ સુધી અન્ન-જળ ન મળે તો પણ કોઈ અનિષ્ટ પ્રભાવ ન પડે. એમનું દીર્ઘ-તપસ્વી તરીકે વર્ણન કરવામાં આવે છે, પરંતુ સત્ય તો એ છે કે તેઓ મહાન યોગી હતા. યોગની સાધનાથી એમનામાં એટલું સમત્વ આવી ગયું હતું કે સાધના-કાળમાં ઉપસર્ગોની એમના પર અસર પણ થતી ન હતી.

સાધના-કાળમાં એમણે દૂર-દૂર સુધી વિહાર કર્યો. રાજગૃહ, ચંપા (ભાગલપુર), ભદ્દિયા (મુંગેર), વૈશાલી, નાલંદા, મિથિલા (જનકપુર), વારાણસી, કૌશામ્બી (કોસલ), અયોધ્યા, શ્રાવસ્તી (સહેટ-મહેટ), લાઢ આદિ પ્રદેશમાં પરિભ્રમણ કર્યું. ખાસ કરીને લાઢમાં વજ્રભૂમિ 'વીરભૂમ' અને શુભ્રભૂમિ 'સિંહભૂમ'માં ઘણાં ઉપસર્ગ સહન કરવા પડયાં, કારણ કે ત્યાંના લોકો શ્રમણ-ધર્મની વિરૂદ્ધ હતા. રહેવા માટે સ્થાન મળતું ન હતું. જ્યાં તેઓ રહેતા, લોકો એમને કષ્ટ આપતાં. વજ્રભૂમિના લોકો ઘણા જ કઠોર અને ક્રોધી સ્વભાવના હતા. તેઓ મહાવીરને કૂતરાં કરડાવતાં, લાઠી પ્રહાર કરતાં, માટીનાં ઢેંફાઓ અને ઠીકરાઓ મારતા અને બૂમો પાડી મજાક ઉડાવતા. જાત જાતનાં કષ્ટ આપતાં પરંતુ ભગવાને સાધનાથી એવી શકિત મેળવી લીધી હતી કે કોઇ દુઃખ આપનાર પ્રત્યે પણ કરુણાભાવ જ રાખતા, એમના પ્રત્યે કોઇ પ્રકારનો ક્રોધ ન કરતાં, સમતાભાવ રાખતા.

એમની આ સમત્વયુકત ચર્યાથી મનુષ્ય તો શું, પરંતુ સાપ જેવાં ઝેરીલા પ્રાણી પર પણ એવો પ્રભાવ પડ્યો કે એનું પણ જીવન બદલાઈ ગયું. દક્ષિણ વાચાલાથી ઉત્તર વાચાલા જવાના બે માર્ગ હતા. એક કનખલ આશ્રમ પાસે થઈને જતો હતો અને બીજો બહારથી જતો હતો. આશ્રમવાળો માર્ગ નિર્જન, ભયાનક તથા કઠીન હતો. તેઓ જયારે આશ્રમના માર્ગેથી જવા લાગ્યા ત્યારે ગોવાળોએ કહ્યું : 'ભદન્ત, આ માર્ગેથી ન પધારો, એ દુર્ગમ તો છે જ અને એમાં ચંડકૌશિક નામનો ભયંકર વિષધર રહે છે, તેનો ફૂત્કાર પણ એવો વિષપૂર્ણ છે કે પશુ-પક્ષી, માનવ બધાં નિષ્પ્રાણ થઈ જાય છે. એટલે આ માર્ગેથી કોઈ નથી જતું.'

પરંતુ મહાવીર આગળ વધ્યા. ચંડકૌશિકે શાંત ઊભેલા મહાવીરને જોયા કે ફૂંફાડા મારતો કરડવા દોડ્યો. પરંતુ એની કોઈ અસર ન થતી જોઈ ડંશ માર્યો. પરંતુ એની પણ મહાવીર પર કોઈ અસર ન થઈ. (એ સ્તબ્ધ થઈ ગયો) મહાવીરનું હૃદય તો અસીમ કરુણાથી ભર્યું હતું. એમણે પ્રેમથી સંબોધતા કહ્યું : 'ઉવસમ ભો ચંડકોશિયા!' આ શાંત અને કરુણાભરી વાણીએ એને શાંત કરી દીધો.

ભલે આજ આ વાત આશ્ચર્યપૂર્ણ લાગે, પરંતુ માનસિક શક્તિના વિકાસથી, ચિત્તની નિર્મળતાથી અન્ય પ્રાણીના હૃદય પરિવર્તન થઈ શકે છે, એના ઉદાહરણ મળી આવે છે. આવું તો એ છે કે જેનું મન પૂર્ણ શુદ્ધ અને નિર્મળ થઈ જાય છે તેમના દ્વારા દુષ્ટ હૃદયમાં પણ પરિવર્તન થઈ શકે છે. એ સહજ અને પ્રાકૃતિક ધર્મ છે. એ જ તો આપણને ભગવાન મહાવીરના જીવનમાંથી શીખવા મળે છે. એની જ સાધનામાં એમણે બાર વર્ષ વિતાવ્યા, અનેક ઉપસર્ગોને એમણે શાંત ચિત્તે સહન કર્યા અને સિદ્ધિ પ્રાપ્ત કરી. શત્રુ બહાર નથી, આ શરીરને નષ્ટ કરનારો શત્રુ નથી, એ તો અંદર બેઠો છે. આપણી વાસનાઓ, વિકાર તથા કષાય જ આપણા વાસ્તવિક શત્રુ છે. એમને જીત્યા પછી બહાર દુશ્મન જેવું કોઈ રહેતું જ નથી. આજ સંસારને એમનો સંદેશ હતો અને એ પણ એમણે સ્વાનુભવના આધારે આપ્યો. એમની સાધના પૂર્ણ ન થઈ ત્યાં સુધી તેમણે એક શબ્દ પણ ન કહ્યો. ૧૨ વર્ષ અને ૬ પખવાડિયા વિત્યા બાદ વૈશાખ સુદ ૧૦ને દિવસે જૃંભિકા ગામ બહાર ઋજુવાલિકા નદીના કિનારે જૂના ખંડેર જેવા ચૈત્યની પાસે, શ્યામાક નામના ગૃહસ્થના ખેતરમાં શાલવૃક્ષની નીચે ગોદોહાસને-ઢીંચણ ઊંચા અને માથું નીચે એમ ઉત્કટુક બેસી-ધ્યાન કરી રહ્યા હતા, ત્યારે સાધનાની પૂર્ણતાને અને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું. અનુભૂતિ પૂર્ણ થઈ.

પોતાની દીર્ઘ તપસ્યા અને સાધના પરિપૂર્ણ કરી સર્વજ્ઞત્વને પ્રાપ્ત થયા. સામાન્ય જીવનમાં રહેલા અજ્ઞાન, ક્રોધ, ભય, માન, લોભ, મોહ, રતિ, અરતિ, નિંદ્રા, શોક, અસત્ય, ચોરી, મત્સર, હિંસા, પ્રેમ, ક્રીડા, ઉપહાસ અને હાસ્ય આદિ અઢાર દોષોથી મુક્ત બન્યા. કેવળ સ્વરૂપ જ રહ્યું

વર્ણન આવા પ્રકારનું પણ મળે છે: હિંસા, જૂઠ, ચૌર્ય, અબ્રહ્મચર્ય, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલેષ (કલહ) અભ્યાખ્યાન (જુઠા આક્ષેપ) પૈશુન્ય (ચાડી), અરતિ, પરનિંદા, માયા, મૃષાવાદ અને મિથ્યાદર્શન.

પ્રથમ પોતાની દિવ્ય દેશનામાં તીર્થની ઘોષણા કરે છે. ભગવાન મહાવીરનો પ્રથમ ઉપદેશ નિષ્ફળ ગયો, કારણ કે ત્યાં કોઈ મનુષ્ય ઉપસ્થિત ન હતો. એટલે તેઓ મધ્ય પાવા કે અપાયા નગરીમાં પધાર્યા. એમના ઉપદેશથી પ્રભાવિત થઈને સાધુ-સાધ્વીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ મહાવ્રત અને અણુવ્રત સ્વીકાર્યું. એમની સંમતિથી તીર્થ સ્થાપન તથા ધર્મવાહકોનું નિર્માણ શરૂ થઈ જાય છે. એમના પ્રથમ સંદેશ-વાહક મુખ્ય અગિયાર ગણધર થયા, જેમણે એમના સંદેશને જન-જન સુધી પહોંચાડયો. એ શિષ્યોની ઉપલબ્ધિ આવી રીતે થઈ.

એ સમયે સોમિલ નામના ધનાઢય બ્રાહ્મણે યજ્ઞ માટે બ્રાહ્મણ વિદ્વાનોને નોતર્યાં હતા. તેઓ તેમના સેંકડો શિષ્યો સાથે યજ્ઞમાં આવ્યા હતા. તેમના નામ ઇંદ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યકત, સુધર્મા, મંડિક-મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ હતા. અપાપા નગરમાં મહાવીર પધાર્યા એટલે લોકો યજ્ઞ છોડી તેમના દર્શને જવા ઉપડ્યા. આ જોઈ ઈંદ્રભૂતિ ચિડાયો. એણે કહ્યું કે, એવી તે એ કોણ વ્યકિત છે, જેનું આટલું બધું આકર્ષણ છે? એ જઈને પોતાની પાંડિત્ય પ્રતિભાથી મહાત કરી દેવાના ઇરાદાથી પોતાના ૫૦૦ શિષ્યો સાથે મહાવીર પાસે પહોંચ્યો તો એમની તેજસ્વી શાંત અને ગંભીર મુખમુદ્રા જોઈ થોડોક શાંત થઈ ગયો. પરંતુ મહાવીરે જ્યારે તેને તેનું નામ દઈને બોલાવ્યો ત્યારે તેને આશ્ચર્ય થયું. પરંતુ એને એ વિચાર આવ્યો કે પોતે સુપ્રસિદ્ધ હોવાથી પોતાનું નામ મહાવીરના જાણવામાં આવ્યું હોય એ સ્વાભાવિક છે, પરંતુ મારા મનમાં જે સંશય છે એનું સમાધાન કરી દે તો હું માનું કે તેઓ કોઈ મહાન છે. ઇંદ્રભૂતિએ આસન ગ્રહણ કર્યું કે કે તરત જ મહાવીર બોલ્યા: 'હે બ્રાહ્મણ! જીવ છે કે નહિ, એ બાબત [illegible]માં સંશય છે, પરંતુ હું કહું છું કે જીવ છે. ચિત્ત, ચૈતન્ય,

વિદ્વાન, ધંધા આદિ લક્ષણોથી તે પ્રત્યક્ષ જાણી શકાય છે. તે જો ન હોય, તો પુણ્ય-પાપનું પાત્ર કોણ કહેવાય? તેમજ તારે આ યજ્ઞ, દાન વગેરે ક્રિયાઓ કરવાનું નિમિત્ત પણ શું રહે?"

આ સાંભળતા જ ગૌતમ-ઇન્દ્રભૂતિનો સંશય તો દૂર થયો જ, પરંતુ પાંડિત્ય મદ તથા પોતાની પ્રતિષ્ઠાનો મદ તજી દઈ, તરત જ પ્રભુને ચરણે નમી પડ્યો, અને બોલ્યો: 'હે પ્રભુ! તમે ખરેખર સર્વજ્ઞ છો, હું અતિ અલ્પ અને ઉપરચોટિયા પંડિતાઈના જોરે આપને માત કરવા આવ્યો હતો. પરંતુ હવે આપ મને આપનો શિષ્ય જાણો. હું સર્વ સંબંધોનો ત્યાગ કરી, આપના ચરણનું જ શરણ આજથી સ્વીકારું છું.'

સર્વજ્ઞ કહેવાતા મહાવીરને જીતવા ગયેલો પોતાનો ભાઈ, મહાવીરનો શિષ્ય બની ગયાના સમાચાર જાણી, ભડકાયેલો અગ્નિભૂતિ ધૂંવાંપૂંવાં થતો, શિષ્યવૃંદ સહિત મહાવીરની પરિષદમાં આવ્યો. પરંતુ મહાવીરે ઇન્દ્રભૂતિ ગૌતમની પેઠે જ તેને પણ તેના નામથી બોલાવ્યો અને એના મનમાં કર્મ વિષે જે સંશય હતા, એ જાણવામાં આવતાં તેને કહ્યું: 'જીવને બાંધનાર જ તો કર્મ છે. કર્મ ન હોય તો જીવ જુદા જુદા સુખ-દુઃખ વગેરે વિચિત્ર ભાવ પ્રાપ્ત કરે શી રીતે? અમૂર્તિમાન જીવનો મૂર્તિમાન કર્મરજ સાથે સંબંધ થાય શી રીતે, [illegible] પણ [illegible] છે કારણ કે, કર્મોથી ઉત્પન્ન થતાં પરિણામો જ પણ પ્રત્યક્ષ જાણી જ શકાય. એટલે તત્ત્વોને સમજીને કર્મ-બંધનો વિચાર કરવો જોઈએ.'

આ કથન સાંભળી અગ્નિભૂતિનો સંશય દૂર થયો, અને એણે પણ મહાવીરનું શરણ સ્વીકાર્યું.

અગ્નિભૂતિને પણ મહાવીરના શિષ્ય [illegible] ભગવાન મહાવીર પાસે, પોતાના [illegible] [illegible] નામનો [illegible] તેમાં જેમ એની એક [illegible] છે તેમ [illegible] તેમાં [illegible] છે અને [illegible] [illegible]

આ પ્રમાણે કર્યો: 'દેહ તથા ઇંદ્રિયોથી જીવ જુદો જ છે. ઇંદ્રિયોનો સમુદાય જ જો જીવરૂપ હોય, તો એકાદ ઇંદ્રિય નાશ પામ્યા પછી પણ એનો નાશ નથી થતો, એટલું જ નહિ, ઇંદ્રિયોએ ભોગાવેલા સુખની પણ એને સ્મૃતિ રહે છે.' વાયુભૂતિએ પણ ભગવાનના એ કથનથી સંશય મુક્ત થઇ, મહાવીરનું શરણ સ્વીકાર્યું. આવી રીતે બધા પંડિતોના મનના સંશયને દૂર કરી ભગવાને પોતાના શિષ્ય બનાવ્યા.

અગિયારે શિષ્યોએ, પોતાના ૪૦૧૧ શિષ્યવૃંદ સાથે, ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી, સાધના-માર્ગ અપનાવ્યો. સાધના-કાળમાં આ અગિયાર શિષ્યોએ ભગવાન મહાવીરની વાણી તથા ઉપદેશોનો વ્યાપક પ્રચાર કર્યો. ત્યાર બાદ 'કૈવલ્ય'–પ્રાપ્ત કરી, નિર્વાણ પદ પામ્યા.

• • •

ભગવાન મહાવીરનો
પ્રથમ ઉપદેશ

ભગવાન મહાવીરે એમના મુખ્ય અગિયાર શિષ્યોને જે પ્રથમ ઉપદેશ આપ્યો હતો એ વિષે બે માન્યતા છે. કેટલાક કહે છે કે, ભગવાનના મુખેથી પ્રથમ જે વાણી સ્ફુરિત થઈ હતી એ આવી હતી. અને પ્રથમ ઉપદેશ વિપુલાચલ પર આપ્યો હતો.

उप्पेनेई वा विगमेइ वा धुवेई ।

આને ભગવાન મહાવીરના ઉપદેશનો સાર કહી શકાય છે. પ્રત્યેક વસ્તુમાં ત્રણ ગુણ હોય છે: ઉત્પત્તિ, વ્યય અને ધ્રુવતા. આમ જોઈએ તો જૈન પરંપરાનો સાર આમાં છે

આ પ્રથમ ઉપદેશ રાજગૃહના વિપુલાચલ પર આપ્યો હોવાનું મનાય છે અને કેટલાકનું કહેવું છે કે અપાપા નગરીમાં. જે પ્રથમ ઉપદેશ સંઘરાઈ રહેલો આજે આપણને મળે છે એ આ પ્રમાણે છે.

"જીવો છ પ્રકારના છે. પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, અને ત્રસકાયિક. એ બધા જીવો સુખાભિલાષી છે, તથા સુખને પરમધર્મ માનનારા છે. માટે એ સર્વ જીવોને મન, વચન અને કાયાથી કરી દુ:ખ ન આપવું, બીજા પાસે ન અપાવવું, કે કોઈ આપતો હોય તેને અનુમોદન ન આપવું.

આ બંને દૃષ્ટિ મહત્ત્વપૂર્ણ છતાં જૈન તત્ત્વજ્ઞાનને અનુરૂપ હોવાથી પ્રથમ કયો ઉપદેશ આપ્યો અથવા ક્યાં ક્યાં આપ્યો એ જાણવું બહુ મહત્ત્વનું નથી રહેતું.

૧ : કલ્યાણ

જે કલ્યાણકની કામના પ્રત્યેક વ્યક્તિમાં હોય છે એની ઉપલબ્ધિ ભગવાન મહાવીરે ધર્મ દ્વારા બતાવી છે. આ ધર્મ કોઈ સંપ્રદાય વિશેષનો નહિ, પરંતુ એ ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહ્યો છે. જે પ્રાણીમાત્રનું કલ્યાણ કરે છે.

જિનને નમસ્કાર કરવાને મંગલ કહ્યું છે. તેઓ કોઈ ધર્મ વિશેષના નહિ. પરંતુ જેમણે પોતા પર વિજય મેળવી પૂર્ણત્વની સાધના કરી હોય એવા માર્ગ-દ્રષ્ટા અને ગુણોના ઉપાસક, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ પ્રત્યે આદર ભાવ વ્યક્ત કરી. એમના માર્ગના અનુસરણને કલ્યાણકારી અને મંગલ માન્યો છે.

જે ધર્મને સર્વોત્કૃષ્ટ મંગલ કહ્યો છે, એ છે–અહિંસા, સંયમ અને તપ.

અહિંસાની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે, પ્રાણી માત્ર પ્રત્યે સમતા અને સંયમનો વ્યવહાર.

મહાવીરે સ્પષ્ટ કહ્યું છે કે હું જે કહી રહ્યો છું એ શાશ્વત ધર્મ છે, જે મારા પૂર્વે અનેક તીર્થંકરોએ ઉપદેશેલો છે.

ભગવાન મહાવીરે પ્રત્યેક જીવને પોતાની જેમ પૂર્ણ વિકાસની શક્તિ-વાળો માન્યો છે. જે આત્માથી પરમાત્મા, જીવથી શિવ અને નરથી નારાયણ બની શકે છે, એટલે એની સાથે આદરપૂર્ણ વ્યવહાર કરવો, આત્મવત્ માનવો.

આજના પ્રત્યેક વિચારક અને ચિંતક, સમતાને મહત્વપૂર્ણ સ્થાન [illegible], એટલું જ નહિ પણ માનવી-માનવી વચ્ચે સમત્વ સ્થાપવા માટે

एवं धम्मं विउक्कम्म, अहम्मं पडिवज्जिया।
बाले मच्चुमुहं पत्ते, अक्खे भग्गे व सोयई॥
(उत्तरा. ५/१४-१५)

જેમ કોઈ ગાડીવાન જાણવા છતાં સારા ધોરી રસ્તાને છોડી દઈને વિષમ માર્ગમાં જતાં ધૂંસરી (ધુરા) ભાંગી જાય ત્યારે શોક કરે છે, તેમ ધર્મને છોડીને તથા અધર્મને અંગીકાર કરીને મરણના મોં આગળ ગયેલો પાપી માણસ જીવનધૂંસરી ભાંગી ગઈ હોય તે જ પ્રકારે શોક કરે છે.

जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तई।
अहम्मं कुणमाणस्स, अफला जन्ति राइओ॥
जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तई।
धम्मं च कुणमाणस्स, सफला जन्ति राइओ॥
(उत्तरा १४/२४-२५)

જે જે રાત્રિ વીતી જાય છે તે પાછી ફરતી નથી. અધર્મ કરનારની રાત્રિઓ નિષ્ફળ જાય છે. જે જે રાત્રિ વીતી જાય છે તે પાછી ફરતી નથી, પણ સદ્ધર્મના આચરનારને તે સફળ થઈ જાય છે

जरा जाव न पीडेई, वाही जाव न वड्ढई।
जाविंदिया न हायंति, ताव धम्मं समायरे॥
(दशवै. ८ ३५)

જ્યાંસુધી વૃદ્ધત્વના રોગો ઘેરી નથી લેતાં અને ઇન્દ્રિયો ક્ષીણ નથી થતી, ત્યાં સુધી ધર્મ અંગીકાર કરે.

मरिहिसि रायं! जया तया वा, मणोरमे कामगुणे पहाय।
एक्को हु धम्मो नरदेव! ताणं, न विज्जई अन्नमिहेह किंचि॥
(उत्तरा १४ ४)

હે રાજન્! જ્યારે ત્યારે આ બધા મનોહર કામભોગોને છોડીને તમે મરવાના છો. મરણ સમયે આ બધું શરણરૂપ થવાનું નથી. હે નરદેવ! તે સમયે એક માત્ર ધર્મ જ શરણરૂપ છે. બીજું કંઈ (વસ્તુ) શરણભૂત થઈ શકશે નહિ

૨ : અહિંસા : જીવનની કલા

પ્રત્યેક પ્રાણીમાં સુખપૂર્વક જીવવાની પ્રેરણા સહજ જ જોવામાં આવે છે. સુખ પ્રાપ્તિની સહજ પ્રેરણા ધ્યાનમાં લઈને એની પ્રાપ્તિ અને દુઃખ નિવૃતિ માટે ભારતીય સંસ્કૃતિની ત્રણે ધારાઓ સુખ પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. વૈદિક ધારા દુઃખનું મૂળ અજ્ઞાન માને છે અને અજ્ઞાન નિવારણ જ સુખનો માર્ગ છે. આ વાત કેટલાક અંશે ઠીક પણ છે, કારણ કે ઘણાં દુ:ખો આપણા અજ્ઞાનનું જ કારણ છે.

બૌદ્ધ વિચાર-ધારાએ તૃષ્ણા નિવારણને દુઃખ-મુક્તિનો ઉપાય કહ્યો છે.

જૈન વિચાર ધારા અજ્ઞાનને દુઃખનું કારણ તો માને છે, પરંતુ કેવળ અજ્ઞાન દૂર થઈ જવા માત્રથી દુઃખ-મુક્તિ થઈ જાય, એમ વાત નથી, પરંતુ દુઃખનું કારણ તો અસમતા છે. એનું જ્ઞાન થતાં એના પર નિષ્ઠા અને સમતાનું આચરણ થવાથી જ દુ:ખ-મુક્તિ સંભવિત છે. સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર : ત્રણેને મુક્તિનું સાધન માન્યું છે.

એટલે પ્રત્યેક વ્યક્તિએ એ વિચારવું જોઈએ કે, મારી જેમ બીજાને પણ દુઃખ પ્રિય નથી, એને બીજા કષ્ટ આપે અથવા મારે અથવા એના સુખમાં બાધક બને, એ નથી ઇચ્છતા, એટલે સુખી બનવા માટે એવા સુખની શોધ કરવી જોઈએ કે જેનાથી અન્યના સુખમાં હરકત ન પહોંચે. આ જ જીવનની કલા છે, જેને આજના ચિંતક આલ્બર્ટ સ્વાઈત્ઝરે ' રેવરન્સ ઓફ લાઈફ ' કહ્યું છે.

ભગવાન મહાવીર કહે છે કે, આપણી પ્રત્યેક ક્રિયા એવી હોય કે જેથી કોઈના શરીરે કષ્ટ ન થાય. હંમેશા બધાના હિત અને કલ્યાણની ભાવના મનમાં રહે. શરીર અને મનની જેમ વાણી પણ પાપયુક્ત, સદોષ, કલહ-દ્વેષ કે પરિતાપયુક્ત ન હોવી જોઈએ.

બધાં જીવો પ્રત્યે સમતા રાખવાનું કહેવાવાળા ધર્મથી જ્યારે પ્રત્યક્ષ વ્યવહારમાં મનુષ્ય-મનુષ્ય વચ્ચે પણ સમતાનો વ્યવહાર ધાર્મિકો દ્વારા પણ ન થતો જોઈને, આજના ચિંતકે ક્ષુબ્ધ થઈને સંસારમાં સમતા

...લાવવા માટે શાસન, કાનૂન, દંડ કે નિયંત્રણનો પ્રયોગ કર્યો. પરંતુ શાસો-કરોડો માનવીઓની હત્યા પછી પણ તેઓ ધર્મને અહિંસાની ગૌણ કરીનેય, એનાથી પ્રતિકૂળ આચરણ કરી, સમસ્યાને ઉકેલી શક્યા નથી.

હવે ચિંતકો સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે તેઓ કયો માર્ગ ગ્રહણ કરે! સ્વેચ્છાપૂર્વક હૃદય પરિવર્તનનો માર્ગ અપનાવે કે દંડ, નિયંત્રણ, કાનૂન અને શાસનની સહાયતાથી સમસ્યા ઉકેલે? ત્યારે બુદ્ધિ કે વિવેક કહે છે કે, મહાવીરે બતાવેલો માર્ગ જ નિર્દોષ અને સર્વોત્તમ છે એનું આચરણ જ કલ્યાણકારી છે. એ જ જીવનની સાચી કલા છે. કારણ કે મહાવીરે કહ્યું છે કે, 'હું જે કહું છું ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના બધા અરિહંત ભગવાન, એ બધા કહે છે, બોલે છે અને સમજાવે છે કે, 'બધા પ્રાણી, બધા જીવ સુખપૂર્વક જીવવા ઇચ્છે છે.'

तत्थिमं पढमं ठाणं, महावीरेण देसियं ।
अहिंसा निउणा दिट्ठा, सव्वभूएसु संजमो ॥
(દશવૈ ૬।૮)

એ અઢાર સ્થાનોમાં પ્રથમ સ્થાન અહિંસાનું કહ્યું છે. એમણે એને ...મ રૂપે જોયું છે, બધા જીવો પ્રત્યે સંયમ રાખવો અહિંસા છે

जावंति लोए पाणा, तसा अदुव थावरा ।
ते जाणमजाणं वा, न हणे णो वि घायए ॥
(દશવૈ ૬।૯)

...લોકમાં જેટલા ત્રસ કે સ્થાવર પ્રાણી છે, એની જાણે-અજાણે પણ ...ા ન કરવી અને ન કરાવવી.

सयं तिवायए पाणे, अदुवन्नेहि घायए ।
हणन्तं वाणुजाणाइ वेरं वड्ढइ अप्पणो ॥
(સૂત્રકૃ ૧-૧-૧।૩)

...હિંસા કરે, બીજા પાસે કરાવે અથવા હિં. કરનારને અનુ-...પવાથી વેર વધે છે.

जगनिस्सिएहिं भूएहिं, तसनामेहिं थावरेहिं च ।
नो तेसिमारभे दंडं, मणसा वयसा कायसा चेव ॥
(उत्तरा. ८।१०)

જગતમાં વ્યાપ્ત થયેલા ત્રસ અને સ્થાવર જીવો પર મન, વચન અને કાયાથી દંડ ન આરંભવો.

सव्वे जीवा वि इच्छंति, जीविउ न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंति णं ॥
(दशवै. ६।१०)

બધા જીવ જીવવા ઇચ્છે છે, મરવા નહિ, એટલે પ્રાણી-વધને ભયાનક જાણી નિર્ગ્રંથ ત્યાગ કરે.

अज्झत्थं सव्वओ सव्वं, दिस्स पाणे पियायए ।
न हणं पाणिणो पाणे, भय-वेराओ उवरए ॥
(उत्तरा. ६।११)

પોતાની જેમ જ સર્વ સ્થળે સર્વને જોઇને અર્થાત પોતાની માફક અન્ય જીવોને પણ પોતાના પ્રાણ વહાલા છે તેમ જાણીને ભય અને વૈરથી વિરમેલો આત્મા કોઇ પણ પ્રાણીઓના પ્રાણોને ન હણે.

सव्वाहिं अणुजुत्तीहिं, मतिमं पडिलेहिया ।
सव्वे अक्कन्तदुक्खा य, अओ सव्वे न हिंसया ॥

બુદ્ધિમાન મનુષ્ય છએ નિકાયોના સર્વ પ્રકારની યુક્તિઓથી સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત કરી, અને સર્વ જીવ દુઃખથી ગભરાય છે એમ જાણી એને દુઃખ ન આપે.

एयं खु नाणिणो सारं, जं न हिंसति किंचण ।
अहिंसासमयं चेव, एयावन्तं वियाणिया ॥
(सूत्रकृत. १-१११९, १०)

જ્ઞાની હોવાનો સાર જ એ છે કે (એ) કોઇ પણ જીવની હિંસા ન કરે. આટલું જ અહિંસાનું જ્ઞાન પૂરતું છે, આ જ અહિંસાનું વિજ્ઞાન છે.

संबुज्झमाणे उ नरे मइमं, पावाउ अप्पाण निवट्टएज्जा ।
हिंसप्पसूयाइं दुहाइं मत्ता, वेरानुबंधीणि महब्भयाणि ॥
(सूत्रकृ. १-१०-२१)

જેણે સમ્યક્‌બોધ મેળવી લીધો છે, એ બુદ્ધિમાન હિંસાથી ઉત્પન્ન થયેલ વેર વધારનારાં અને મહાભયંકર દુઃખોને જાણીને પોતાને પાપકર્મોથી બચાવે છે.

समया सव्वभूएसु, सत्तु-मित्तेसु वा जगे ।
पाणाइवायविरई, जावज्जीवाए दुक्करं ॥
(उत्तरा. १९।२५)

જીવન પર્યંત જગતના જીવ માત્ર પર સમભાવ રાખવો પડે છે. શત્રુ અને મિત્ર બંનેને સમાન દૃષ્ટિથી જોવાના હોય છે અને પ્રત્યેક ક્રિયામાં થતી સૂક્ષ્મ હિંસાથી પણ વિરમવું પડે છે. તેવી સ્થિતિ જીવનભર સૌ કોઈને માટે દુર્લભ છે.

से बेमि जे अईया जे य पडुप्पन्ना
जे य आगमिस्सा अरहंतो भगवंतो
ते सव्वे एवमाइक्खंति एव भासंति
एवं पण्णविंति एवं परूविंति
सव्वे पाणा सव्वे भूया
सव्वे जीवा सव्वे सत्ता
न हंतव्वा न अज्जावेयव्वा
न उद्दवेयव्वा
एस धम्मे सुद्धे निइए सासए
समिच्च लोय खेयन्नेहिं पवेइए, त
जहा- उट्ठिएसु अणुट्ठिएसु वा उवट्ठिएसु
वा अणुवट्ठिएसु वा उवरयदंडेसु वा
अणुवरयदंडेसु वा सोवहिएसु वा
अणोवहिएसु वा संजोगरएसु वा
असंजोगरएसु वा

तच्चं चयं तहा चेयं
अस्सिं चेय पवुच्चइ
तं आइत्तु न निहे न निक्खवे
जाणित्तु धम्मं जहा तहा

એ કહું છું. જે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યમાં થનારા અરિહંત ભગવાન છે, તેઓ બધાએ એમ કહ્યું છે, કહે છે અને એવો ઉપદેશ આપે છે કે બધા જીવ, બધા ભૂત, બધા પ્રાણી, બધા સત્ત્વોને ન મારવા જોઈએ, એમના પર હકૂમત ન કરવી જોઈએ, પરાધિન ન કરવા જોઈએ અને ન તો એમને સંતાપવા જોઈએ. આ ધર્મ જ શુદ્ધ, નિત્ય અને શાશ્વત છે. લોકને - જીવ સમુહને જાણીને બીજાના સંતાપને સમજનારા જ્ઞાની પુરુષોએ ગતિશીલ કે સ્થાવર, ઉપસ્થિત કે અનુપસ્થિત, હિંસાથી વિરત કે અવિરત, રિબાવીને કે રિબાવ્યા વિના, પાળેલું કે ન પાળેલું — બધાં માટે આજ ધર્મ રહ્યો છે. આ જ ધર્મ તથ્ય છે, આ જ યથાર્થ છે. જિન પ્રવચનોમાં આ જ કહેવામાં આવ્યું છે.

'पणया वीर महावीरं'

(श्रु. १ अ. १३०-३)

વીર પુરુષ અહિંસાના મહાપથ પર આવી ચૂકયા છે.

૩ : વાણી સંયમ

ઇસપને એક વાર પૂછવામાં આવ્યું કે, સંસારમાં સૌથી સારી વસ્તુ શું છે?

એમનો જવાબ હતો : વાણીથી વધારે ઉત્તમ વસ્તુ સંસારમાં કોઈ નથી.

જ્યારે એમ પૂછવામાં આવ્યું કે સંસારમાં સૌથી ખરાબ વસ્તુ શું છે. તો જવાબ મળ્યો કે, 'સંસારમાં વાણીથી વધારે ખરાબ વસ્તુ કોઈ નથી.'

સાંભળનારા અચંબામાં પડી ગયા : 'આ શું, પહેલા તો આપે કહ્યું હતું કે, વાણીથી વધારે ઉત્તમ વસ્તુ કોઈ નથી અને હવે આપ કહો છો, વાણીથી વધારે ખરાબ વસ્તુ સંસારમાં કોઈ નથી !'

ઇસપે શાંત ભાવે કહ્યું : 'આ બને વાતો બરાબર છે. જ્યારે વાણીનો વિવેકપૂર્વક ઉપયોગ થાય છે ત્યારે શત્રુ પણ મિત્ર બની જાય છે. ઝઘડા, સંઘર્ષ, લડાઈઓ ખતમ થઈને સંસારમાં આનંદ, પ્રસન્નતા, સંતોષ વધે છે, ત્યારે એ વાણીથી વધારે બીજી કઈ ચીજ સારી હોઈ શકે છે ! પરંતુ જ્યારે વાણી એક બીજામાં જુદાઈ પેદા કરે છે, ઝઘડા, સંઘર્ષ, લડાઈઓ, અને યુદ્ધ કરી, લાખોને દુઃખ પહોંચાડી પ્રાણોની આહુતી લે છે, તો વાણીથી વધારે ખરાબ બીજી કઈ વસ્તુ હોઈ શકે !'

ભગવાન મહાવીરે પ્રમાદરહિત અને સર્વ હિતકારી વાણી બાબત જે કંઈ કહ્યું છે, એ એમના જ શબ્દોમાં અહીં આપી રહ્યા છીએ. સમજી-વિચારીને સત્ય બોલવું જોઈએ. ગુસ્સામાં, ભયથી તથા લોભવશ ખોટું બોલાય એ સંભવિત છે એટલે ક્રોધ, ભય, અને લોભનો ત્યાગ કરવો જોઈએ. હસવામાં કે મશ્કરીમાં પણ અસત્ય ન બોલવું જોઈએ. જૈન ધર્મની વિશેષતા (અનેકાંત)ના બીજ આમાં દેખાય છે.

निच्चकालऽप्पमत्तेणं, मुसावायविवज्जणं ।
भासियव्वं हियं सच्चं, निच्चाऽऽउत्तेण दुक्करं ॥
(उत्तरा. १९।२६)

સદા સાવધાન રહીને જૂઠેથી પણ અસત્ય બોલવું નહિ અને સતત અપ્રમત્ત (સાવધાન) રહીને હિતકારી સત્ય બોલવું એ પણ કઠણ છે.

अप्पणट्ठा परट्ठा वा, कोहा वा जइ वा भया ।
हिंसगं न मुसं बूया नो वि अन्नं वयावए ॥
(दशवै. ६।१२)

પોતાના કે બીજાના માટે, ક્રોધથી કે ભયથી, પ્રેરાઈને અસત્ય ન બોલો કે ન બીજા પાસે બોલાવો.

मुसावाओ य लोगम्मि, सव्वसाहूहिं गरहिओ ।
अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥

(दशवै. ६।१२)

લોકમાં મૃષાવાદ (અસત્ય) બધા સાધુઓ દ્વારા નિંદીત છે અને એ પ્રાણીઓ માટે અવિશ્વસનીય છે, એટલે અસત્યનો ત્યાગ કરી દેવો જોઈએ.

तहेव सावज्जऽणुमोयणी गिरा, ओहारिणी जा य परोवघायणी ।
से कोह लोह भय हास माणवो, न हासमाणो वि गिरं वएज्जा ॥

(दशवै. ७।५४)

સાવદ્ય (પાપયુક્ત)નું અનુમોદન કરવાવાળી, શંકાસ્પદ અર્થવાળી અને બીજાનો ઘાત કરનારી ભાષા ન બોલે. માનવી ક્રોધ, લોભ અને ભય-વશ તેમજ હંસી-મજાકમાં પણ પાપમય વાણી ન બોલે.

दिट्ठं मियं असंदिद्धं, पडिपुण्णं वियंजियं ।
अयंपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥

(दशवै. ८।४९)

દૃષ્ટ, પરિમિત, અસંદિગ્ધ, પરિપૂર્ણ, વ્યક્ત, વાચાળતા અને ઉદ્વિગ્નતા રહિત ભાષા બોલે.

भासाइ दोसे य गुणे य जाणिया, तीसे य दुट्ठे परिवज्जए सया ।
छसु संजए सामणिए सया जए, वएज्ज बुद्धे हियमाणुलोमियं ॥

(दशवै. ७।५६)

ભાષામાં ગુણો તથા દોષોને જાણીને, દોષપૂર્ણ ભાષાને સદા ત્યાજ્ય, છકાય જીવો પ્રત્યે સંયત, પાલનમાં સદા સાવધાન પ્રબુદ્ધ ભિક્ષુ હિતકારી અને અનુકૂળ બોલે.

सवक्कसुद्धि समुपेहिया मुणी, गिरं च दुट्ठं परिवज्जए सया ।
मियं अदुट्ठं अणुवीइ भासए, सयाण मज्झे लहई पसंसणं ॥

(दशवै. ७।५५)

મુનિ વાક્ય-શુદ્ધિને સારી રીતે સમજીને દોષપૂર્ણ વાણીનો પ્રયોગ ન કરે. મિત અને દોષ રહિત વાણી સમજી-વિચારીને બોલે. એમ કરનારાઓની સત્પુરુષોમાં પ્રશંસા થાય છે.

> तहेव काणं काणे त्ति, पंडगं पंडगे त्ति वा ।
> वाहियं वा वि रोगि त्ति, तेणं चोरे त्ति नो वए ॥
>
> (दशवै. ७।१२)

કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી અને ચોરને ચોર ન કહે.

> वितहं पि तहामुत्तिं,
> जं गिरं भासए नरो ।
> तम्हा सो पुट्ठो पावेणं,
> किं पुण जो मुसं वए ॥
>
> (દશવૈ. ૭।૫)

જે પુરુષ સત્ય દેખાતી અસત્ય ભાષાનો આશ્રય લઈ બોલે છે, એથી પણ એને પાપનો સ્પર્શ થઈ જાય છે, તો પછી એની તો વાત જ કયાં કરવી કે જેઓ સાક્ષાત અસત્ય બોલે?

> तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।
> सच्चा वि सा न वत्तव्वा, जओ पावस्स आगमो ॥
>
> (દશવૈ. ૭।૧૧)

આવી જ રીતે પુરુષ કઠોર અને [illegible] દેખાવા છતાં પણ ન બોલી. કારણ કે એથી પાપકર્મનો [illegible] છે.

[illegible]

[illegible] છે.

૪ : વિનય : વિકાસનું મૂળ

જૈન પરંપરામાં વિનયને વિકાસનું મૂળ કહ્યું છે. જ્યારે કોઈ વ્યક્તિ આત્મશક્તિના પૂર્ણ વિકાસ વિના એમ માની લે છે કે એ બધું જાણે છે, ત્યારે એનો વિકાસ થંભી જાય છે. એનામાં ગુરુ કે માર્ગદ્રષ્ટા પ્રત્યે પણ કૃતજ્ઞતાનો ભાવ નથી હોતો. મોટાઓ સમક્ષ પોતાનું જ્ઞાન બતાવવાની કોશિશ કરે છે. એ પેલા પત્થરની જેમ કોરો જ રહી જાય છે કે જેના પર ગમે તેટલું પાણી નાખો છતાં કોરો ને કોરો જ. એટલે ચતુર્મુખી વિકાસનો પ્રયાસ કરવો હોય તો પ્રથમ વિનય ધારણ કરવો જોઈએ.

ભગવાન મહાવીરનું બધા જીવો પ્રત્યેનું કથન છે કે, 'તમે જ તમારા ભાગ્યના વિધાતા છો.'

આ સૂત્ર, સાધકનો આત્મવિશ્વાસ વધારીને એની સાધનામાં સહાયક બને છે. પરંતુ આત્મવિશ્વાસ અહંકારમાં ન પરિવર્તિત થાય, એ ભયને ધ્યાનમાં રાખી મોટાઓ-વડિલો તથા જ્ઞાની અને ગુરુ પ્રત્યે વિનય વિના જ્ઞાનવૃદ્ધિ નથી થઈ શકતી. આ યથાર્થતાને ધ્યાનમાં રાખીને એમણે વિનય-વિવેકને દુઃખમુક્તિનું મૂળ કહ્યું છે.

ત્યારે તો સુકરાતે કહ્યું હતું કે સાચો જ્ઞાની એ છે જેને પોતાના અજ્ઞાનનું જ્ઞાન છે. આપણા ઋષિ-મુનિઓએ પણ વિદ્વાનો માટે વિનયને આભૂષણ રૂપ માન્યું હતું.

આચાર્ય વટ્ટકેરે વિનય બાબતમાં કહ્યું છે કે, 'વિનય વિહોણું બધું શિક્ષણ વ્યર્થ છે. શિક્ષણનું ફળ વિનય છે અને વિનયનું ફળ સમગ્ર કલ્યાણ છે.'

વિનય માનસિક વાસના નથી. પરંતુ એ આત્મિક અને વ્યવહારિક વિશિષ્ટતાઓની અભિવ્યંજના છે. એની પશ્ચાદભૂમિમાં આ ગુણ સમાયેલા છે. નિર્દ્વન્દ્વ, ઋજુતા, મૃદુતા અને લાઘવ. વિનયનું વ્યાવહારિક ફળ છે– કીર્તિ અને મૈત્રી. વિનયથી અભિમાન નિર્મૂળ થાય છે, તીર્થંકરની આજ્ઞાનું પાલન અને ગુણોનું અનુમોદન થાય છે.

विवत्ती अविणीयस्स, संपत्ती विणीयस्स य ।
जस्सेयं दुहओ नायं, सिक्खं से अभिगच्छइ ॥

(દશવૈ ૯-૨-૨૨)

અવિનયીને વિપત્તિ અને વિનયીને સંપત્તિની ઉપલબ્ધિ થાય છે, આ બે જેણે જાણી લીધાં છે, એ જ જ્ઞાન પ્રાપ્ત કરે છે.

मूलाओ खंधप्पभवो दुमस्स, खंधाओ पच्छा समुवेंति साहा ।
साहप्पसाहा विरुहंति पत्ता, तओ से पुप्फं च फलं रसो य ॥

(દશવૈ ૯-૨-૧)

વૃક્ષના મૂળમાંથી થડ પેદા થાય છે, થડમાંથી શાખાઓ, શાખાઓમાંથી પ્રશાખાઓ નીકળે છે, ત્યાર બાદ પાંદડાં, ફૂલ, ફળ અને રસ થાય છે.

एव धम्मस्स विणओ, मूलं परमो से मोक्खो ।
जेण कित्तिं सुयं सिग्घं, नीसेसं चाभिगच्छइ ॥

(દશવૈ ૯-૨-૨)

આવી જ રીતે ધર્મનું મૂળ વિનય છે અને છેલ્લું પરમ (અંતિમ) ફળ છે – મોક્ષ. વિનયથી જ મનુષ્ય કીર્તિ, પ્રશંસા પાત્ર, શ્રુત અને સમસ્ત ઇષ્ટ તત્ત્વોને પ્રાપ્ત થાય છે.

अह पंचहिं ठाणेहिं जेहिं सिक्खा न लब्भई ।
थम्भा कोहा पमाएणं रोगेणाऽलस्सएण य ॥

(ઉત્તરા ૧૧-૩)

જે પાંચ કારણોથી શિક્ષા (જ્ઞાન) નથી મળી શકતી તે પાંચ કારણો આ પ્રમાણે છે. માન, ક્રોધ, પ્રમાદ, રોગ અને આળસ (આલસ્ય)

अह अट्ठहिं ठाणेहिं सिक्खासीले त्ति वुच्चई ।
अहस्सिरे सया दंते न य मम्ममुदाहरे ॥
नासीले न विसीले न सिया अइलोलुए ।
अकोहणे सच्चरए सिक्खासीले त्ति वुच्चई ॥

(ઉત્તરા ૧૧-૪-૫)

આ આઠ સ્થાનોથી (લક્ષણો) વ્યક્તિ શિક્ષાશીલ (જ્ઞાની) કહેવાય છે:૧. હાસ્ય-ક્રીડા ન કરનાર, ૨. સદા ઇંદ્રિયોનું દમન કરનાર, ૩. મર્મ (કોઇના છીદ્રો)ને ઉઘાડાં ન કરનાર, ૪. સદાચારી, ૫. અનાચાર ન કરનાર, ૬. અલોલુપી, ૭. ક્રોધ નહિ કરનાર અને ૮. સત્યમાં અનુરક્ત રહેનાર.

आणा-निद्देसकरे, गुरूणमुववायकारए ।
इंगिया-ऽऽगांरसंपन्ने, से विणीए त्ति वुच्चई ॥
(उत्तरा. १।२)

જે ગુરુની આજ્ઞા પાળનાર, એમની નિકટ રહેનાર, ઇંગિત તથા આકાર (મનોભાવ તથા મુખાદિના આકાર) જાણનાર હોય તે વિનીત કહેવાય છે.

अह पन्नरसहिं ठाणेंहिं, सुविणीए त्ति वुच्चई ।
नीयावत्ती अचवले, अमाई अकुऊहले ॥
अप्पं च अहिक्खिवई, पवन्धं च न कुव्वई ।
मेत्तिज्जमाणो भयई, सुयं लद्धुं न मज्जई ॥
न य पावपरिक्खेवी, न य मित्तेसु कुप्पई ।
अप्पियस्साऽवि मित्तस्स, रहे कल्लाण भासई ॥
कलहडमरवज्जिए, बुद्धे अभिजाइए ।
हिरिमं पडिसंलीणे, सुविणीए त्ति वुच्चई ॥
(उत्तरा. ११।१०–१३)

નીચેના ૧૫ કારણોથી મનુષ્ય સુવિનીત કહેવાય છે: (૧) જે નમ્ર વ્યવહાર કરે છે, (૨) અચપલ, (૩) અમાયાવી (સરળ), (૪) અકુતૂહલી (ક્રીડાથી દૂર રહેનાર), (૫) પોતાની નાની ભૂલને પણ દૂર કરે છે, (૬) ક્રોધ (કષાય)ની વૃદ્ધિ કરે તેવા પ્રબંધને કરતો નથી, (૭) સર્વ સાથે મિત્રભાવને ભજે છે, (૮) શાસ્ત્ર ભણીને અભિમાન કરતો નથી, (૯) પાપની ઉપેક્ષા નથી કરતો, (૧૦) મિત્રો પર કોપ નથી કરતો, (૧૧) અપ્રિય એવા મિત્રનું એકાંતમાં પણ કલ્યાણકારી જ બોલે છે, (૧૨) કલહ વિગેરે ક્રિડાનું વર્જન કરનાર, (૧૩) જ્ઞાનયુક્ત, (૧૪) ખાનદાન, (૧૫) સંયમની લજ્જાવાળો તથા સંયમી હોય છે તે સુવિનીત કહેવાય છે.

आणानिद्देसकरे, गुरूणमणुववायकारए ।
पडिणीए असंबुद्धे, अविणीए त्ति वुच्चई ॥

(उत्तरा. १।३)

ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, ગુરૂજનોના હૃદયથી દૂર રહેનાર, ગુરૂનો વિરોધી અને અવિવેકી પુરૂષ અવિનીત કહેવાય છે

अभिक्खणं कोही हवई, पबंधं च पकुव्वई ।
मेत्तिज्जमाणो वमइ, सुयं लद्धूण मज्जई ॥
अवि पावपरिक्खेवी, अवि मित्तेसु कुप्पई ।
सुप्पियस्साऽवि मित्तस्स, रहे भासइ पावगं ॥
पइण्णवाई, दुहिले, थद्धे लुद्धे अणिग्गहे ।
असंविभागी अचियत्ते, अविणीए त्ति वुच्चई ॥

(उत्तरा ११।७-९)

જે વારંવાર ક્રોધ કરે છે, પ્રબંધને કરતો હોય છે, મિત્રોને વારંવાર ઠુકરાવે છે, શાસ્ત્ર જાણીને અભિમાની બને છે, ભૂલ કર્યા પછી પણ ન નિવારતાં ઢાંકયા કરે છે, મિત્રો ઉપર પણ કોપ કરે છે, વહાલા એવા મિત્રનું પણ એકાંતમાં ભૂંડું બોલે છે, અતિ વાચાળ, દ્રોહી, અભિમાની, લોભી, અસંયમી, અધિક ભોગવનાર અને સૌને અપ્રિય હોય છે તે અવિનયી કહેવાય છે.

जस्संतिए धम्मपयाइं सिक्खे, तस्संतिए वेणइयं पउंजे ।
सक्कारए सिरसा पंजलीओ, कायग्गिरा भो ! मणसा य निच्चं ॥

(दशवै. ९।१।१२)

જેની પાસેથી ધર્મપદોનું જ્ઞાન મેળવે છે તેની સાથે વિનેયપૂર્વક વ્યવહાર રાખે, મસ્તક નમાવી, હાથ જોડી (પંચાંગ નમન કરી) કાયા, વચન અને મનથી સદા સત્કાર કરે.

थंभा व कोहा व मयप्पमाया, गुरुस्सगासे विणयं न सिक्खे ।
सो चेव उ तस्स अभूइभावो, फलं व कीयस्स वहाय होइ ॥

(दशवै. ९।१।१)

જે ગર્વ, ક્રોધ, માયા કે પ્રમાદવશ ગુરુની સમક્ષ વિનયનું શિક્ષણ નથી લેતો એ જ (વિવેકની અશિક્ષા) એના વિનાશ માટે હોય છે, જેમ વાંસનું ફળ એના વધ (નાશ) માટે હોય છે.

जहा सूई ससुत्ता, पडिआ वि न विणस्सइ ।
तहा जीवे ससुत्ते, संसारे न विणस्सइ ॥
(उत्तरा. २९।५९)

જેમ દોરાવાળી સોય પડી હોય તો પણ ખોવાતી નથી તેમ જ્ઞાની જીવ સંસારમાં ભૂલો પડતો નથી.

विणयं पि जो उवाएण, चोइओ कुप्पई नरो ।
दिव्वं सो सिरिमिज्जंति, दण्डेण पडिसेहए ॥
(दशवै. ९-२।४)

વિવેકમાં પ્રયત્ન દ્વારા પણ પ્રેરિત કરનાર પર જે ક્રોધ કરે છે તે આવતી દિવ્ય લક્ષ્મીને લાઠીથી રોકે છે.

जे आयरियउवज्झायाणं, सुस्सूसावयणंकरे ।
तेसिं सिक्खा पवड्ढंति, जलसित्ता इव पायवा ॥
(दशवै. ९-२।१२)

જે આચાર્ય અને ઉપાધ્યાયની શુશ્રૂષા અને આજ્ઞાપાલન કરે છે એનું જ્ઞાન, જલથી સિંચાઈને વધતા વૃક્ષની જેમ વધે છે.

न बाहिरं परिभवे, अत्ताणं न समुक्कसे ।
सुयलाभे न मज्जेज्जा, जच्चा तवसि बुद्धिए ॥
(दशवै. ८।३०)

બીજાનો તિરસ્કાર ન કરે, ગર્વ ન કરે, શાસ્ત્ર-જ્ઞાન, લાભ, જાતિ, તપશ્ચર્યા અને બુદ્ધિનું અભિમાન ન કરે.

भासमाणो न भासेज्जा, चेव वंफेज्ज मम्मयं ।
मातिट्ठाणं विवज्जेज्जा, अणुचिन्तिय वियागरे ॥
(सूत्रकृत. १-९।२५)

બીજાઓ જ્યારે વાત કરતા હોય ત્યારે વચમાં ન બોલે, મર્યાદિત વાત ન કરે, જ્ઞાનીઓની નિકટ રહીને હંમેશા અર્થયુક્ત પરમાત્મ સંબંધી વાત જ કરે, નિરર્થક વાતો ન કરે.

> निसन्ते सिया अमुहरी, बुद्धाणमन्तिए सया ।
> अट्ठजुत्ताणि सिक्खिज्जा, निरट्ठाणि उ वज्जए ॥
>
> (उत्तरा० १।८)

ગુરુ સમીપ સદા શાંત રહે, વાચાળતાથી દૂર રહે. એમની પાસેથી અર્થપૂર્ણ પદો શીખે, નિરર્થક વાતોને છોડી દે.

> अणुसासिओ न कुप्पिज्जा, खंतिं सेविज्ज पंडिए ।
> खुड्डेहिं सह संसग्गिं, हासं कीडं च वज्जए ॥
>
> (उत्तरा० १।९)

મહાપુરુષોની શિક્ષાથી કુપિત ન થવું, ક્ષમા ધારણ કરવી. સહનશીલતા રાખવી. હલકા મનના માણસોનો સંગ ન કરવો. હાસ્ય અને ક્રીડા પણ છોડી દેવાં.

> मा य चण्डालियं कासी, बहुयं मा य आलवे ।
> कालेण य अहिज्जित्ता, तओ झाइज्ज एगगो ॥
>
> (उत्तरा० १।१०)

ચંડાળનું કર્મ (ક્રોધ) ન કરવું અને બહુ પ્રલાપ પણ ન કરવો. સમય પ્રમાણે શિક્ષણ કે ઉપદેશ મેળવીને પછી એકાન્તમાં તેનું ચિંતન કરવું.

> मा पुट्ठो वागरे किंचि, पुट्ठो वा नालियं वए ।
> कोहं असच्चं कुव्वेज्जा, धारेज्जा पियमप्पियं ॥
>
> (उत्तरा० १।१४)

પૂછ્યા સિવાય કશું પણ ન બોલવું. પૂછે તો જૂઠું ન બોલવું. ક્રોધને શાંત કરી અપ્રિય વાતને પણ પ્રિય બનાવવી.

> हियं विगयभया बुद्धा, फरुसं पि अणुसासणं ।
> वेसं तं होइ मूढाणं, खन्तिसोहिकरं पयं ॥
>
> (उत्तरा० १।२९)

નિર્ભય અને બુદ્ધિશાળી શિષ્ય ગુરુની કઠોર શિક્ષાને પણ ઉત્તમ ગણે છે. જ્યારે ક્ષમા અને શુદ્ધિ કરનારું હિત વાક્ય પણ મૂઢ પુરુષોને દ્વેષનું નિમિત્ત બની જાય છે.

जे य चंडे मिए थद्धे, दुव्वाई नियडी सढे ।
वुज्झइ से अविणीअप्पा, कट्ठं सोयगयं जहा ।।

(दशवै० ९-२।३)

જે ક્રોધી, અજ્ઞાની, અહંકારી, અપ્રિયકારી, માયાવી અને શઠ છે, એ અવિનીતાત્મા સંસાર-સ્રોતમાં જેમ લાકડું નદીના પ્રવાહમાં તણાઈ જાય તેમ – તણાઈ જાય છે.

૫ : નિરંતર અપ્રમાદ

માનવ જીવનમાં અપ્રમાદ – સાવધાનીનું અત્યંત મહત્વપૂર્ણ સ્થાન છે. બધા મહાપુરુષો, ચિંતકો તથા સાધકોએ અપ્રમત્તતાનું મહત્વ સમજાવ્યું છે. ભગવાન બુદ્ધે તો પ્રમાદને મૃત્યુ અને અપ્રમાદને જીવન કહ્યું છે. આજના માનસશાસ્ત્રી પણ 'અવેરનેસ'ને માનસિક વિકાસમાં જરૂરી માને છે, કારણ કે સાવધાની વિના જીવનનો વિકાસ નથી કરી શકાતો. જીવન સ્થિર અને શાશ્વત નથી. ક્યારે જવું પડશે એનો કોઈ ભરોસો નથી.

મહાભારતમાં યક્ષ-પ્રશ્નના રૂપમાં, જે આશ્ચર્યજનક વાતો કહેવામાં આવી છે. એમાં એક એ પણ છે કે, મનુષ્ય પોતાના પ્રિય આપ્તજનોનું મૃત્યુ જોઈને પણ એ બોધ ગ્રહણ નથી કરતો કે એને પણ એક દિવસ સંસારમાંથી ક્યારે જવાનું છે એની ખબર નથી છતાં પણ પોતાને અમર સમજે છે. વિવેકી પુરુષે સાવચેતીપૂર્વક પોતાની જીવનચર્યા ચલાવવી જોઈએ, જેથી જીવન સફળ અને સાર્થક બને. વિતેલા ભૂતકાળ પર આપણો કાંઈ ઉપાય નથી. ભવિષ્ય વિશે આપણે કંઈ કરી શકતા નથી, કારણ કે કાલે શું થશે એ આપણે જાણતાં નથી. એટલે વર્તમાન કાળ, જે આપણા હાથમાં છે એનો ઉચિત ઉપયોગ કરવો જોઈએ.

खिप्पं न सक्केइ विवेगमेउं, तम्हा समुट्ठाय पहाय कामे ।
समिच्च लोयं समया महेसी, अप्पाणुरक्खी चरऽप्पमत्ते ॥
(उत्तरा. ४।१०)

કોઈ પણ મનુષ્ય વિવેકને શીઘ્ર પ્રાપ્ત કરવા શક્તિમાન નથી એટલે મોક્ષની એષણા રાખનારાઓ જાગૃત થાવ. જીવનના અંત-કાળમાં અપ્રમત્ત બનશું-એ આળસનો ત્યાગ કરો. કામ-ભોગોને ત્યજી દો. લોકને સારી પેઠે સમજો. સમભાવમાં રહો. આત્મરક્ષક બની અપ્રમત્તપણે વિચરો.

मुहुं मुहुं मोहगुणे जयन्तं, अणेगरूवा समणं चरन्तं ।
फासा फुसन्ती असमंजसं च, न तेसु भिक्खू मणसा पउस्से ॥
(उत्तरा. ४।११)

વારંવાર મોહ ગુણો પર વિજય મેળવવાનો પ્રયત્ન કરનાર ઉગ્ર વિહારી શ્રમણને અનેક પ્રકારે પ્રતિકૂળ-સ્પર્શ પીડા આપે છે, પરંતુ એ એના પર દ્વેષ ન કરે.

मन्दा य फासा बहुलोहणिज्जा, तहप्पगारेसु मणं न कुज्जा ।
रक्खिज्ज कोहं विणएज्ज माणं, मायं न सेवे पयहेज्ज लोहं ॥
(उत्तरा. ४।१२)

અનુકૂળ સ્પર્શથી વિવેકને મંદ કરનારા બહુ લોભાવનારા હોય છે. એમાં મનને ન જવા દેવું. ક્રોધને દબાવવો. અભિમાનને દૂર કરવું. માયાને ન સેવવી. લોભને છોડી દેવો.

जे संखया तुच्छ परप्पवाई, ते पिज्ज - दोसाणुगया परज्झा ।
एए अहम्मे त्ति दुगुंछमाणो, कंखे गुणे जाव सरीरभेए ॥
(उत्तरा. ४।१३)

જેઓ વાણીથી જ સંસ્કારી ગણાતા તુચ્છ અને પરપ્રવાદ કરનારા છતાં રાગદ્વેષથી જકડાયેલા છે તેઓ પરતંત્ર અને અધર્મી છે એમ જાણી. તેમનાથી દૂર રહી અંતિમ શ્વાસ સુધી સદ્દગુણોની જ આરાધના કરતા રહેવું.

कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम ! मा पमायए ॥

(उत्तरा. १०:२)

દાભડાના અગ્રભાગ પર અવલંબીને રહેલું ઝાકળનું બિંદુ જેમ ઘડી-વાર જ રહી શકે છે તે જ પ્રકારે મનુષ્યોના જીવનનું સમજ. હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

लद्धूण वि उत्तमं सुइं, सद्दहणा पुणरावि दुल्लहा ।
मिच्छत्तनिसेवए जणे, समयं गोयम ! मा पमायए ॥

(उत्तरा. १०:१९)

ઉત્તમ ધર્મનું શ્રવણ (શ્રુતિ) કરવા છતાં તેના પર શ્રદ્ધા થવી દુર્લભ છે. ઘણા લોકો મિથ્યાત્વને સેવનારા હોય છે માટે હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

धम्मं पि हु सद्दहंतया, दुल्लहया काएण फासया ।
इह कामगुणेहि मुच्छिया, समयं गोयम ! मा पमायए ॥

(उत्तरा. १०:२०)

ઉત્તમ ધર્મમાં શ્રદ્ધા હોવા છતાં પણ તે પ્રમાણે વર્તવું અતિ દુર્લભ છે, કારણ કે કામભોગોમાં આસક્ત એવા જીવો આ સંસારમાં ઘણા રહેલા છે. માટે હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

परिजूरइ ते सरीरयं, केसा पंडुरया हवंति ते ।
से सोयबले य हायई, समयं गोयम ! मा पमायए ॥

(उत्तरा. १०:२१)

તારું શરીર જીર્ણ થઈ રહ્યું છે, વાળ સફેદ થઈ રહ્યા છે, અને કાનની શક્તિ ઓછી થઈ રહી છે માટે હે ગૌતમ! ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

૬ : શીલ

મનુષ્યના જીવનમાં શીલ-સદાચારનું વિશેષ મહત્વ છે. સદાચારમાં શીલ મુખ્ય છે. બ્રહ્મચર્ય વિના તપ નથી થઈ શકતું. એ વાત સમજાવવા માટે શીલનો સદુપદેશ આપવામાં આવ્યો હોવાનું પ્રતીત થાય છે. પોતાના જીવનને સ્વસ્થ અને પવિત્ર રાખવા માટે શીલ કેટલું આવશ્યક છે એ કહેવાની આવશ્યકતા નથી. આ આપણે વ્યવહારમાં પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. ભગવાન મહાવીરના શબ્દોમાં :

एस धम्मे धुवे निजए सासए जिण देसिए ।
सिद्धा सिज्झन्ति चाणेण सिज्झिस्सन्ति तहापरे ॥
(उत्तरा. १६।१७)

આ બ્રહ્મચર્ય-ધર્મ નિરંતર, શાશ્વત અને અર્હંત દ્વારા ઉપદેશાયેલો છે. એનું પાલન કરી અનેક જીવાત્માઓ સિધ્ધ થયા છે, થાય છે અને ભવિષ્યમાં પણ થશે.

एए य संगे समइक्कमित्ता सुहुत्तरा चेव भवन्ति हेसा ।
जहा महासागरमुत्तरित्ता नई भवे अवि गंगा-समाणा ॥
(उत्तरा. ३२।१८)

જેમ મોટા સાગરને તર્યા પછી ગંગા જેવી મોટી નદી પણ તરવામાં સુલભ છે. તેમ વિષયાસક્તિ છોડ્યા પછી બીજી બધી આસક્તિઓ છોડવી સુલભ છે.

एगन्तरत्ते रुइरंसि रूवे अतालिसे से कुणई पओसं ।
दुक्खस्स संपीलमुवेइ बाले न लिप्पई तेण मुणी विरागी ॥
(उत्तरा. ३२।२६)

જે મનોહર રૂપમાં એકાંત રક્ત છે અને અસુંદર રૂપ ઉપર દ્વેષ કરે છે એ અજ્ઞાની પછી ખૂબ દુઃખથી પીડાય છે એટલે વિરકત એમાં લિપ્ત નથી થતો.

लज्जा दया संजम बंभचेरं कल्लाणभागिस्स विसोहिठाणं ।
जे मे गुरू सययमणुसासयंति ते हं गुरू सययं पूययामि ॥
(दशवै० ९।१।१३)

લજ્જા, દયા, સંયમ તથા બ્રહ્મચર્ય કલ્યાણ માર્ગી સાધુ માટે વિશુદ્ધિનાં સ્થાન છે. જે ગુરુ મને એનું સતત જ્ઞાન આપે છે, એની હું નિરંતર પૂજા કરું છું.

धम्मज्जियं च ववहारं, बुद्धेहायरियं सया ।
तमायरंतो ववहारं, गरहं नाभिगच्छई ॥
(उत्तरा० १।४२)

જ્ઞાની પુરુષોએ જે ધાર્મિક વ્યવહાર આચર્યો છે તે સદા આચરવો. એ વ્યવહારનું આચરણ કરનાર વ્યક્તિ કદિ નિંદાને પાત્ર બનતી નથી.

सव्वं सुचिण्णं सफलं नराणं ।
कडाण कम्माण न मोक्ख अत्थि ॥
(उत्तरा० १३।१०)

મનુષ્યના બધા સારાં કાર્ય સફળ થાય છે. કરેલ કર્મોના ફળ ભોગવ્યા વિના મુક્તિ મળતી જ નથી.

खवेत्ता पुव्वकम्माइं संजमेण तवेण य ।
सव्वदुक्खपहीणट्ठा पक्कमंति महेसिणो ॥
(उत्तरा० २८।३६)

બધા દુઃખોથી મુક્તિ પામવા માટે મહર્ષિઓ સંયમ અને તપથી, પૂર્વ કર્મોનો ક્ષય કરી સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

[illegible]
[illegible]
([illegible])

[illegible]

विणओ पंचविहो-णाणविणओ, दंसणविणओ, चरित्त-विणओ, तवविणओ, उवयारियविणओ चेदि ।

—जयधवला, प्रथम पुस्तक, पृ.-५६

વિનય પાંચ પ્રકારનો છે: જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય, અને ઔપચારિક વિનય.

विसोहीए तिव्व-मंदत्तं वतइस्सायो-अधापवत्तकरणहस जदो पहुडि विसुद्धो तस्स पढम समए जहण्णिया विसोही थोवा ।

—षट्खण्डागम, जीवस्थान, १,९-८, १४

ચારિત્ર્ય પ્રત્યે સાવધ જીવાત્મા ધીમે ધીમે તીવ્ર-મંદ પરિણામોથી શુદ્ધિ પ્રાપ્ત કરે છે.

कसायाणुवादेण मत्थि कोधकसाई माणकसाई मायकसाई लोभकसाई अकसाई चेदि ।

—षट्खण्डागम, जीवस्थान, १,१, १११

કષાય (માર્ગણા)ના અનુવાદ (ઉપદેશાનુસાર કથન) પ્રમાણે ક્રોધ કષાયી, માન કષાયી, માયા કષાયી, લોભ કષાયી અને કષાય રહિત જીવ હોય છે.

૭ : આત્મવિજય

આપણે બધા સુખ મેળવવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ, પરંતુ એમાં બહુ ઓછા લોકોને સફળતા મળે છે, કારણ કે બધા સુખની શોધ બહાર કરે છે, જ્યારે સુખ બહાર કે બીજાઓ પાસેથી નથી મળતું, એ તો પોતાના પર વિજય મેળવવાથી પ્રાપ્ત થાય છે. બીજાઓ પાસેથી સુખ મળે છે કે સુખમાં કોઈ બીજું બાધા રૂપ બને છે એમ માનવું અનુચિત છે. જે અનુભવીઓએ સાધના દ્વારા સુખ-પ્રાપ્તિનો માર્ગ શોધી, અનુભવ-વચન કહ્યા છે, એ વિશે કંઈ કહેવા કરતાં વાંચકો સમક્ષ, ચિંતન રજુ કરવું વધારે હિતકારી છે. આપણા સુખમાં બીજું બાધક નથી, આપણે પોતે જ છીએ. ભગવાન મહાવીરે કહ્યું છે કે:

अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली।
अप्पा कामदुहा धेणु, अप्पा मे नंदणं वणं॥
(उत्तरा. २०।३६)

આત્મા જ વૈતરણી નદી છે, આત્મા જ કૂટશાલ્મલી વૃક્ષ છે, આત્મા જ કામધેનુ છે, અને આત્મા જ નંદનવન છે.

अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य।
अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुपट्ठिओ॥
(उत्तरा. २०।३७)

આત્મા જ સુખ તથા દુઃખ ઉત્પન્ન કરનાર અને નાશ કરનાર છે, સુમાર્ગે ચાલનાર આત્મા મિત્ર છે અને કુમાર્ગે ચાલનાર આત્મા શત્રુ છે.

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो।
अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य॥
(उत्तरा. १।१५)

આત્માનું જ દમન કરવું જોઈએ, કારણ કે એ જ દુર્દમ છે. આત્મ-દમન કરનાર, આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ।
अप्पणामेव अप्पाणं, जइत्ता सुहमेहए॥
(उत्तरा. ९।३५)

આત્મા સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુઓ સાથે યુદ્ધ કરવાથી શું લાભ? આત્માથી આત્માને જ જીતનાર મનુષ્ય સુખ પામે છે.

पंचिंदियाणि कोहं, माणं मायं तहेव लोहं च।
दुज्जयं चेव अप्पाणं, सव्वमप्पे जिए जियं॥
(उत्तरा. ९।३६)

પાંચ ઇન્દ્રિયો — ક્રોધ, માન, માયા, લોભ, દુર્જેય એવો પોતાનો આત્મા; આત્માને જીતવો જોઈએ, આત્માને જીત્યે સર્વ જીત્યું છે.

न तं अरी कंठछेत्ता करेइ, जं से करे अप्पणिया दुरप्पा ।
से नाहिई मच्चुमुहं तु पत्ते, पच्छाणुतावेण दयाविहूणो ॥
(उत्तरा. २०।४८)

મસ્તક છેદનાર શત્રુ પણ એટલો અપકાર નથી કરતા જેટલો કુમાર્ગે વળેલો પોતાનો આત્મા કરે છે. દયાશૂન્ય દુરાચારી જ્યારે મૃત્યુના મુખમાં જાય છે ત્યારે પોતાના અપકૃત્યો યાદ કરી પસ્તાય છે.

जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥
(उत्तरा. ९।३४)

દુર્જય સંગ્રામમાં દસ લાખ યોદ્ધાઓને જીતવાને બદલે, જો પોતાના જ આત્માને જીતી લે તો એ સર્વશ્રેષ્ઠ જીત હશે.

जस्सेवमप्पा उ हवेज्ज निच्छिओ, चइज्ज देहं न हु धम्मसासणं ।
तं तारिसं नो पयलेन्ति इन्दिया, उवितवाया व सुदंसणं गिरिं ॥
(दशवै. चूलिका १।१७)

જે આત્મા દૃઢ મનોબળવાળો હોય છે કે દેહ ભલે જાય, પણ મારે ધર્મશાસન નહિ છોડવું જોઈએ, એને જેમ ભીષણ વાવોઝોડું સુમેરુ પર્વતને વિચલિત નથી કરી શકતું તેમ ઇંદ્રિયો વિચલીત નથી કરી શકતી,

अप्पा खलु सययं रक्खियव्वो, सव्विन्दिएहिं सुसमाहिएहिं ।
अरक्खिओ जाइपहं उवेइ, सुरक्खिओ सव्वदुहाण मुच्चइ ॥
(दशवै. चूलिका २।१६)

બધી ઇંદ્રિયોને સ્થિતપ્રજ્ઞ કરી પાપોથી આત્માની નિરંતર રક્ષા કરતા રહેવું જોઇએ. પાપોથી અરક્ષિત આત્મા સંસારમાં ભટકયા કરે છે અને સુરક્ષિત આત્મા સંસારના બધા દુઃખોથી મુક્ત થઈ જાય છે.

से जाणं अजाणं वा, कट्टु आहम्मियं पयं ।
संवरे खिप्पमप्पाणं, बीयं तं न समायरे ॥
(दशवै. ८।३१)

જાણ્યે-અજાણ્યે કોઈ અધર્મ કૃત્ય થઈ જાય તો એનો તત્કાળ ત્યાગ કરી, ફરી એવું ન કરે.

पुरिसा ! अत्ताणमेव अभिणिगिज्झ एवं दुक्खा पमोक्खसि ॥
(आचा १-३।३।११९)

હે પુરુષ! તું તારા આત્માને જ વશ કર, જેથી તું બધાં દુઃખોમાંથી મુક્ત થઈ જઈશ.

૮ : પાપથી વિમુક્તિ

પાપ અને પુણ્ય બંનેને બંધન કહેવામાં આવ્યું છે. બંને રાગ-દ્વેષથી ઉત્પન્ન થાય છે. મુક્તિ-માર્ગમાં બંનેથી વિરક્ત થઈને સંયમ-સાધક [illegible] આગળ વધે છે. પાપથી અથવા રાગ-દ્વેષથી વિરક્ત રહેવા સાધકને પગલે પગલે સાવચેતીપૂર્વક ચાલવું પડે છે. [illegible] સંયમાચરણ તથા નિરાસક્ત જીવન-ચર્યા પર ભાર [illegible] છે. તથા આ ભાવના એમના ઉપદેશમાં છે કે જીવ જીવ સમાન છે, જીવ આત્મવત્ છે અને એમના પ્રત્યે [illegible]

कहं चरे ? कहं चिट्ठे ? कहमासे ? कहं सए ? ।
कहं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ? ॥
(दसवै. ४।७)

કેમ ચાલવું? કેવી રીતે ઊભા રહેવું? કેવી રીતે બેસવું? કેવી રીતે સૂવું? કેવી રીતે ખાવું? કેવી રીતે બોલવું? જેથી પાપકર્મનું બંધન ન થાય.

जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजंतो भासंतो पावं कम्मं न बंधइ ॥ (दसवै. ४।८)

સંયમપૂર્વક ચાલવું, સંયમપૂર્વક ઊભા રહેવું, સંયમપૂર્વક બેસવું, સંયમપૂર્વક સૂવું, સંયમપૂર્વક ખાવું અને સંયમપૂર્વક બોલવું [illegible]

सव्वभूयप्पभूयस्स, सम्मं भूयाइं पासओ ।
पिहियासवस्स दन्तस्स, पावं कम्मं न बधइँ ॥
(दशवै. ४।९)

જે બધા જીવોને આત્મવત્ માને છે, બધા જીવોને સમદષ્ટિએ જુએ છે, જે આસ્રવોનો નિરોધ કરી મૂકયો છે, જે દાન્ત (સંયમી) છે એને પાપ-કર્મનું બંધન હોતું નથી.

पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही, किं वा नाहीइ सेय-पावगं ?॥
(दशवै. ४।१०)

પ્રથમ જ્ઞાન પછી દયા – આવી રીતે મુનિ સ્થિત હોય છે. અજ્ઞાની શું કરશે? એ શું જાણે કે શું શ્રેય છે અને શું પાપ છે?

सोच्चा जाणइ कल्लाणं सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा, जं सयं तं समायरे ॥
(दशवै. ४।११)

સાંભળીને જ કલ્યાણને જાણે છે અને સાંભળીને જ પાપને જાણે છે. શ્રવણ કરીને જ કલ્યાણ અને પાપ જાણી જાય છે, એમાંથી જે શ્રેય છે એનું જ આચરણ કરે.

जो जीवे वि न जाणेइ, अजीवे वि न जाणई ।
जीवाऽजीवे अयाणंतो, कहं सो नाहिइ संजमं ? ॥
(दशवै. ४।१२)

જે જીવને પણ નથી જાણતો અને અજીવને પણ નથી જાણતો. જીવ-અજીવને ન જાણનાર સંયમને કેવી રીતે જાણશે?

जया संवरमुक्किट्ठं धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं, अबोहिकलुसं कडं ॥
(दशवै. ४।२०)

જ્યારે ઉત્કૃષ્ટ સંવરાત્મક - અનાસક્ત ધર્મને સ્પર્શે છે ત્યારે અજ્ઞાનથી [illegible]થી છૂટવા લાગે છે.

जो जीवे वि वियाणाई, अजीवे वि वियाणई ।
जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥

(दशवै. ४।१३)

જે જીવોને જાણે છે અને અજીવોને પણ જાણે છે તે જ જીવ-અજીવ, બંનેને જાણનાર જ, સંયમ માર્ગને જાણી શકે છે.

सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहिअनियचित्तो ।
सव्वे खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि ॥

(आवश्यक सूत्र)

ધર્મમાં સ્થિર બુદ્ધિ રાખીને હું, મારાથી થયેલાં સમસ્ત અપરાધો [illegible] સર્વ જીવોની ક્ષમા માગું છું અને બધા જીવો દ્વારા મારા [illegible] બધા અપરાધો માટે હું ક્ષમા કરું છું.

सव्वस्स समणसंघस्स भगवओ अंजलिं करिअ सीसे ।
सव्वे खमावइत्ता खमामि सव्वस्स अहयं पि ॥

(आवश्यक सूत्र)

હું નતમસ્તક [illegible] શ્રમણ સંઘની [illegible] મારા અપરાધોની ક્ષમા માગું છું અને તેમને પણ ક્ષમા કરું છું.

खामेमि सव्वे जीवे सव्वे जीवा खमन्तु मे ।
मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणइ ॥

(आवश्यक सूत्र)

[illegible]

जं जं मणेण बद्धं जं जं वायाए भासियं पावं ।
जं जं काएण कयं मिच्छा मि दुक्कडं तस्स ॥

(आवश्यक सूत्र)

[illegible]

૯ : આદર્શ

જેણે સદ્દગુણોને અપનાવી પોતાનું જીવન ઉચ્ચ બનાવ્યું છે, એ શ્રમણ બ્રાહ્મણ, ભિક્ષુ કે પૂજ્ય પુરુષમાં શું વિશિષ્ટતાઓ હોય છે એ લક્ષણ, ભગવાન મહાવીરના શબ્દોમાં આ પ્રમાણે છે :

समिक्ख पंडिए तम्हा, पासजाइपहे बहू ।
अप्पणा सच्चमेंसेज्जा, मेत्तिं भूएसु कप्पए ।।
(उत्तरा. ६।२

જ્ઞાની પુરુષે સંસાર-ભ્રમણના કારણ રૂપ દુષ્કર્મ-પાપોનો સારી રી વિચાર કરી, પોતાની મેળે સ્વતંત્ર રીતે સત્યની શોધ કરવી જોઇએ અ પ્રાણીમાત્ર સાથે મૈત્રી ભાવ રાખવો જોઈએ.

जे य कंते पिए भोए, लद्धे विपिट्ठीकुव्वई ।
साहीणे चयइ भोए, से हु चाइ त्ति वुच्चई ।।
(दशवै. २।२)

જે મનુષ્ય સુંદર અને પ્રિય ભોગો ઉપલબ્ધ હોવા છતાં પણ પીઠ ફેરવી લે છે અને સ્વેચ્છાએ ભોગોનો ત્યાગ કરે છે એ જ સાચો ત્યાગી કહેવાય છે.

वत्थगंधमलंकारं, इत्थियो सयणाणि य ।
अच्छन्दा जे न भुंजंति, न से चाइ त्ति वुच्चई ।।
(दशवै. २।३)

જે મનુષ્ય કોઇ પરવશતાના કારણે વસ્ત્ર, ગંધ, અલંકાર, સ્ત્રી અને પલંગ વિગેરેનો ઉપભોગ નથી કરી શકતો, એ સાચો ત્યાગી નથી કહેવાતો.

डहरे य पाणे वुड्ढे य पाणे, ते अत्तओ पासइ सव्वलोए ।
उव्वेहई लोगमिणं महन्तं, सुवुद्धाऽपमत्ते परिव्वएज्जा ।।
(सूत्रकृ १-१२।१८

બુદ્ધિશાળી મનુષ્યે આ મોહ નિદ્રાને વશ કરવા છતાં પણ નાના-મોટાં
...માત્ર પ્રત્યે સમભાવ રાખીને આ સંસારમાં વર્તવું જોઈએ.

> जे ममाइयमइं जहाइ, से जहाइ ममाइयं ।
> से हु दिट्ठपहे मुणी, जस्स नत्थि ममाइयं ॥
>
> (आचा १-२-६।९९.९)

જે મનુષ્ય મમતા બુદ્ધિનો ત્યાગ કરે છે, વાસ્તવમાં એ જ સંસારનું સ્વરૂપ સમજનારો સાચો મુનિ છે.

> जहा कुम्मे सअंगाइं, सए देहे समाहरे :
> एवं पावाइं मेहावी, अज्झप्पेण समाहरे ॥
>
> (सूत्र १-८।१६)

જેમ કાચબો આપત્તિથી બચવા માટે પોતાના અંગને સંકોરી લે છે ... ની જ રીતે જ્ઞાની લોકો પણ વિષયોમાં લિપ્ત પોતાની ઇંદ્રિયોને ... આધ્યાત્મિક જ્ઞાનથી સંકોરી લે છે.

> जो सहस्सं सहस्साणं, मासे मासे गवं दए ।
> तस्स वि संजमो सेओ, अदिन्तस्स वि किंचण ॥
>
> ([illegible])

જે મનુષ્ય [illegible]
[illegible]

> [illegible] ।
> [illegible] ॥
>
> ([illegible])

[illegible]

> [illegible] ।
> [illegible] ॥
>
> ([illegible])

સદ્ગુરૂ તથા વૃધ્ધોની સેવા કરવી, અજ્ઞાનીઓથી દૂર રહેવું તથા એકાંતમાં રહી ધૈર્યપૂર્વક સ્વાધ્યાય સૂત્ર કરવું એજ મોક્ષનો માર્ગ છે.

आहारमिच्छे मियमेसणिज्जं, सहायमिच्छे निउणत्यबुद्धि ।
निकेयमिच्छेज्ज विवेगजोग्गं, समाहिकामे समणे तवस्सी ॥
(उत्तरा. ३२।४)

સમાધિની ઇચ્છાવાળા તપસ્વીએ પરિમિત અને શુદ્ધ આહાર ગ્રહણ કરવો, નિપુણાર્થ બુદ્ધિવાળા તત્ત્વજ્ઞાનીને શોધવો અને ધ્યાન કરવા લાયક એકાંત સ્થાનમાં નિવાસ કરવો.

न वा लभेज्जा निउणं सहायं, गुणाहियं वा गुणओ समं वा ।
एक्को वि पावाइं विवज्जयन्तो, विहरेज्ज कामेसु असज्जमाणो ॥
(उत्तरा. ३२।५)

જો પોતાના ગુણથી અધિક કે સમાન ગુણોવાળો સાથીદાર ન મળે તો, પાપ કર્મોનો ત્યાગ કરી તથા કામભોગોમાં નિરાસક્ત થઈને એકલા જ રહેવું.

न कम्मुणा कम्म खवेन्ति बाला, अकम्मुणा कम्म खवेन्ति धीरा ।
मेहाविणो लोभ-भया वईया, सतोसिणो न पकरेन्ति पावं ॥
(सूत्रकृ. १-१२।१५)

અજ્ઞાની ગમે તેટલો પ્રયત્ન કરે, તો પણ એ કુસંસ્કારોનો નાશ કરી શકતા નથી. બુદ્ધિમાન સાધક એ છે, જે સંયમમય પ્રવૃત્તિઓ દ્વારા પાપ-કર્મોનો નાશ કરે છે. એટલે લોભ ભય રહિત થઈ, સંપૂર્ણપણે સંતુષ્ટ રહેવાવાળા મેધાવી કોઈ પણ પ્રકારનું પાપ કરતાં નથી.

आयारमट्ठा विणयं पउंजे, सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।
जहोवइट्ठं अभिकंखमाणो, गुरुं तु नासाययई स पुज्जो ॥

જે કોઈ સાધક આચારની પ્રાપ્તિ માટે વિનયનો પ્રયોગ કરે છે તથા ગુરુના વચનોને ધ્યાનપૂર્વક સાંભળવાની ઇચ્છા રાખે છે, એમના વાક્યને ગ્રહણ કરી એમને અનુસરતો રહે છે અને ગુરુની અવજ્ઞા કરતો નથી, એ 'પૂજ્ય' છે.

अन्नायउंछं चरई विसुद्धं, जवणट्ठया समुयाणं च निच्चं ।
अलद्धुयं नो परिदेवएज्जा, लद्धुं न विकत्थई स पुज्जो ॥

પોતાના સંયમના નિર્વાહ માટે, પોતાનો પરિચય આપ્યા વિના અજ્ઞાત રીતે ભિક્ષાચર્યા કરે છે તથા ભિક્ષા ન મળતાં ખેદ નથી કરતો અને મળે તો [illegible] નથી, એ પૂજ્ય છે.

संथारसेज्जासणभत्तपाणे, अप्पिच्छया अइलाभे वि संते ।
जो एवमप्पाणभितोसएज्जा, संतोसपाहन्नरए स पुज्जो ॥

સંથારો, શય્યા, આસન તથા ભોજન [illegible] ઘણાં મળે તો પણ તે અપેક્ષાઓ વધારે નથી રાખતો અને પોતાના [illegible] સંતોષ રાખી [illegible] કરે, એ પૂજ્ય છે.

सक्का सहेउं आसाइ कंटया, अओमया उच्छहया नरेण ।
अणासए जो उ सहेज्ज कंटए, वईमए कण्णसरे स पुज्जो ॥
(દશ૦ ૯-૩-૬)

[illegible] લોઢાના કાંટા [illegible] સહન કરી શકે છે, પરંતુ કોઈ પણ [illegible] વચન [illegible] સહન કરે, એ પૂજ્ય છે.

अवण्णवायं च परम्मुहस्स, पच्चक्खओ पडिणीयं च भासं ।
ओहारिणिं अप्पियकारिणिं च, भासं न भासेज्ज सया स पुज्जो ॥
(દશ૦ ૯-૩-૯)

[illegible]

अलोलुए अक्कुहए अमाई, अपिसुणे यावि अदीणवित्ती ।
नो भावए नो वि य भावियप्पा, अकोउहल्ले य सया स पुज्जो ॥
(દશ૦ ૯-૩-૧૦)

જે રસલોલુપ નથી હોતો, જાદુ-મંતર વગેરે કરતો નથી, લુ
નથી, કપટી નથી, ચાડીઓ નથી અને માયકાંગલો કે કોઈનો ઓશિય
નથી તથા લોકો પોતાની પ્રશંસા કર્યાં જ કરે તેવી વૃત્તિવાળો નથી તે
આત્મપ્રશંસા અને નાટક, ગાન તમાસા વગેરે જોવાનો શોખીન ન
એ પૂજ્ય છે.

गुणेहि साहू अगुणेहिऽसाहू, गिण्हाहि साहू गुण मुञ्चऽसाहू ।
वियाणिया अप्पगमप्पएणं, जो रागदोसेहिं समो स पूज्जो ॥
(दशवै. ९-३।११

ગુણો વડે સાધુ થવાય છે, અવગુણો વડે અસાધુ થવાય છે. માટે સા
ગુણોને ગ્રહણ કરી, નઠારા અવગુણોને તજી દઈ, જે મુમુક્ષુ પોતા
આત્માના વાસ્તવિક સ્વરૂપને જાણીને, રાગ-દ્વેષના પ્રસંગે સમભાવ રા
છે અર્થાત રાગ-દ્વેષનો પણ માત્ર જ્ઞાતા રહે છે, એ પૂજ્ય છે.

तहेव डहरं व महल्लगं वा, इत्थी पुमं पव्वइयं गिहिं वा ।
नो हीलए नो वि य खिसएज्जा, थंभं च कोहं च चए स पुज्जो ॥
(दशवै. ९-३।१२

બાળક, વૃધ્ધ, સ્ત્રી, પુરુષ-દીક્ષિત સાધુ હોય કે ગૃહસ્થ-હોય તેમન
નિંદા ન કરે, બદબોઈ ન કરે, અહંકારનો ત્યાગ કરે તથા ક્રોધનો પ
ત્યાગ કરે છે, એ પૂજ્ય છે.

तेसिं गुरूणं गुणसायराणं, सोच्चाण मेहावि सुभासियाइं ।
चरे मुणी पंचरए तिगुत्तो, चउक्कसायावगए स पुज्जो ॥
(दशवै. ९-३।१४)

ગુણના સાગર એવા ગુરૂજનોનાં સુવચનો સાંભળીને, જે બુદ્ધિમાન
સાધક મુનિ, પાંચ મહાવ્રતોને બરાબર આચરે, મન, વચન અને કાયાને
સંયમમાં રાખે તથા ક્રોધ, માન, માયા, અને લોભ એ ચારે કષાયોથી દૂર
રહે એ પૂજ્ય છે.





जो न सज्जइ आगन्तुं, पव्वयन्तो न सोयई ।
रमइ अज्जवयणम्मि, तं वयं बूम माहणं ॥

જે સ્વજનોમાં આસક્ત નથી થતો અને પ્રવ્રજ્યા લઈને શોક નથી કરતો અને મહાપુરુષોના વચનામૃતોમાં રુચિ ધરાવે છે તેને જ અમે બ્રાહ્મણ કહીએ છીએ.

जायरूवं जहामट्ठं, निद्धन्तमल-पावगं ।
राग-दोस-भयाईयं, तं वयं बूम माहणं ॥
(उत्तरा० २५।२१)

અગ્નિમાં તપાવેલા અને કસોટી પર કસાયેલા સોનાની જેમ જે શુદ્ધ પાપરહિત અને રાગ-દ્વેષ અને ભયથી પર રહે છે તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

तसपाणे वियाणेत्ता, संगहेण य थावरे ।
जो न हिंसइ तिविहेण, तं वयं बूम माहणं ॥
(उत्तरा० २५।२३)

જે હાલતાં ચાલતાં જીવોને અને સ્થાવર જીવોને પણ મન, વચન અને કાયાથી હણતો નથી તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

कोहा वा जइ वा हासा, लोहा वा जइ वा भया ।
मुसं न वयई जो उ, तं वयं बूम माहणं ॥
(उत्तरा० २५।२४)

જે ક્રોધ, હાસ્ય, લોભ અને ભયને વશ થઈને કદાપિ પણ અસત્ય નથી બોલતો, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

दिव्व-माणुस-तेरिच्छं, जो न सेवइ मेहुणं ।
मणसा काय-वक्केणं, तं वयं बूम माहणं ॥
(उत्तरा० २५।२६)

જે દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુનનું મન, વચન અને કાયાથી સેવન નથી કરતો, અને જે સદા બ્રહ્મચર્યમાં લીન રહે છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

जहा पोम्मं जले जायं, नोवलिप्पइ वारिणा ।
एवं अलित्तो कामेहिं, तं वयं बूम माहणं ॥
(उत्तरा. २५।२७)

જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી લેપાતું નથી, તેમ જ સંસારમાં રહીને પણ કામભોગોથી જે અલિપ્ત રહે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

अलोलुयं मुहाजीवी, अणगारं अकिंचणं ।
असंसत्तं गिहत्थेसु, तं वयं बूम माहणं ॥
(उत्तरा. २५/२८)

જે રસલોલુપ ન હોય, ભિક્ષાથી જીવન નિર્વાહ કરનાર, અનગાર, સ્વામીત્વની ઇચ્છાથી રહિત, અકિંચન તથા ગૃહસ્થો સાથેના સંબંધોથી અલિપ્ત છે, તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ.

जहित्ता पुव्वसंजोगं, नाइसंगे य बन्धवे ।
जो न सज्जइ भोगेसु, तं वयं बूम माहणं ॥
(उत्तरा. २५/२९)

જે સ્ત્રી-પુત્ર વગેરેના સંબંધોનો, જ્ઞાતિજનો તથા બંધુ વર્ગના સંબંધોનો એક વાર ત્યાગ કરીને તથા કામ ભોગોનો ત્યાગ કરીને ફરી એમાં આસકત નથી થતો, તેને અમે બ્રહ્મણ કહીએ છીએ.

न वि मुंडिएण समणो, न ओंकारेण बंभणो ।
न मुणी रण्णवासेणं, कुसचीरेण न तावसो ॥
(उत्तरा. २५/३१)

કેવળ મસ્તક મુંડન કરવાથી શ્રમણ, ૐકારના ઉચ્ચારણ માત્રથી બ્રાહ્મણ, નિર્જન વનમાં રહેવા માત્રથી જ મુનિ, અને ડાભના વસ્ત્ર પહેરવા માત્રથી તપસ્વી થવાતું નથી.

समयाए समणो होइ, बंभचेरेण बंभणो ।
नाणेण य मुणी होइ, तवेणं होइ तावसो ॥
(उत्तरा. २५।३२)

સમતાથી શ્રમણ, બ્રહ્મચર્યથી બ્રાહ્મણ, જ્ઞાનની ઉપાસનાથી મુનિ અને તપથી જ તપસ્વી થવાય છે.

कम्मुणा बंभणो होइ, कम्मुणा होइ खत्तिओ ।
वइसो कम्मुणा होइ, सुद्दो हवइ कम्मुणा ॥
(उत्तरा [illegible])

મનુષ્ય કર્મથી જ બ્રાહ્મણ, કર્મથી જ ક્ષત્રિય, કર્મથી જ [illegible] અને કર્મથી જ શુદ્ર હોય છે.

एवं गुणसमाउत्ता जे भवन्ति दिउत्तमा ।
ते समत्था समुद्धत्तुं परमप्पाणमेव च ॥
(उत्तरा [illegible])

પવિત્ર ગુણોવાળા જ બ્રાહ્મણ કહેવાય છે, [illegible] છે, અર્થાત પવિત્ર ગુણોવાળા બ્રાહ્મણ જ [illegible] અને [illegible] કરવા સમર્થ છે.

[illegible] ॥
([illegible])

[illegible]

[illegible] ॥
([illegible])

[illegible]

सम्मद्दिट्ठि सया अमूढे, अत्थि हु नाणे तवे संजमे य ।
तवसा धुणइ पुराणपावगं, मण-वय-कायसुसंवुडे जे स भिक्खू ॥
(दशवै. १०।७)

જે સમ્યગ્દર્શી છે, કર્તવ્ય વિમૂઢ નથી, જ્ઞાન, તપ અને સંયમ પ્રત્યે શ્રદ્ધાળુ છે. મન, વચન અને કાયાને પાપ-માર્ગે જતાં રોકે છે, તપ દ્વારા પૂર્વ કર્મોને નષ્ટ કરે છે, એ જ ભિક્ષુ છે.

न य वुग्गहियं कहं कहिज्जा, न य कुप्पे निहुइन्दिए पसन्ते ।
संजम धुवं जोगेण जुत्ते, उवसंते अविहेडए जे स भिक्खू ॥
(दशवै. १०।१०)

જે કંકાસ-ઝઘડો થાય એવી વાત નથી કરતો, ક્રોધ નથી કરતો, ઇંદ્રિયોને સંયમમાં રાખે છે, શાંત વૃત્તિવાળો છે, સંયમમાં ધ્રુવયોગી, સંકટ પ્રસંગે આકુળવ્યાકૂળ નથી થતો, જે બીજાનો અનાદર નથી કરતો. એ જ ભિક્ષુ છે.

जो सहइ हु गामकंटए, अक्कोस-पहार-तज्जणाओ य ।
भय-भेरव-सद्द-सप्पहासे, समसुह-दुक्खसहे य जे स भिक्खू ॥
(दशवै. १०।११)

જે કાંટાની જેમ ખટકનારા પાંચે ઇંદ્રિયો સંબંધી ઉપસ્થિત થતાં અણગમતા પ્રસંગે, કોઈ ગુસ્સે થાય, તિરસ્કાર કરે, મારે અથવા અપમાન કરે તો પણ જે શાંત ભાવે સહી લે છે, જેની ઇંદ્રિયો અનુકૂળ છે, જે પ્રશાંત છે, સંયમમાં ધ્રુવયોગી છે, સુખ તેમજ દુઃખને પણ સમભાવે સહે છે, તે ભિક્ષુ છે.

अभिभूय कायेण परीसहाइं, समुद्धरे जाइपहाउ अप्पयं ।
विइत्तु जाई-मरणं महब्भयं, तवे रए सामणिए जे स भिक्खू ॥
(दशवै. १०।१४)

જે શરીરના પરિષહોને સમભાવે સહન કરી, સંસારથી પોતાને બચાવી. જન્મ-મરણના ફેરાને મહાભય રૂપ સમજીને શ્રમણ ધર્મને દઢ [illegible] તપમાં જે તત્પર રહે છે, એ જ ભિક્ષુ છે.

हत्थसंजए पायसंजए, वायसंजए संजइंदिए।
अज्झप्परए सुसमाहियप्पा, सुत्तत्थं च वियाणई जे स भिक्खू ॥
(दश. १०।१५)

જે હાથ, પગ, વાણી તથા ઇંદ્રિયોને સંયમમાં રાખે, અધ્યાત્મરત રહે, જેનો આત્મા સુસમાહિત છે અને સૂત્રના અર્થને [illegible] છે, તે ભિક્ષુ છે.

उवहिम्मि अमुच्छिए अगिद्धे, अन्नायउंछं पुलनिप्पुलाए।
कयविक्कयसंनिहिओ विरए, सव्वसंगावगए य जे स भिक्खू ॥
(दश. १०।१६)

જે ઉપકરણોમાં આસક્ત નથી, [illegible] ભિક્ષુ છે.

अलोल भिक्खू न रसेसु गिद्धे उंछं चरे जीविय नाभिकंखे।
इड्ढिं च सक्कारण पूयणं च, चए ठियप्पा अणिहे जे स भिक्खू ॥
(दश. १०।१७)

જે મુનિ [illegible] ભિક્ષુ છે.

न परं वइज्जासि अयं कुसीले, जेणं च कुप्पेज्ज न तं वएज्जा।
जाणिय पत्तेयं पुण्णपावं, अत्ताणं न समुक्कसे जे स भिक्खू ॥
(दश. १०।१८)

[illegible] ભિક્ષુ છે.

न जाइमत्ते न य रूवमत्ते, न लाभमत्ते न सुएण मत्ते।
मयाणि सव्वाणि विवज्जइत्ता, धम्मज्झाणरए जे स भिक्खू ॥
(दशवै. १०।१९)

જે જાતિ, રૂપ, લાભ, શ્રુત વગેરેનું અભિમાન ન કરતો હોય અને તમામ પ્રકારના અભિમાનને છોડી દઈને જે ધર્મ-ધ્યાનમાં લીન રહે છે, એ ભિક્ષુ છે.

पवेयए अज्जपयं महामुणी, धम्मे ठिओ ठावयई परं पि।
निक्खम्म वज्जेज्ज कुसीललिंगं, न यावि हासंकुहए जे स भिक्खू ॥
(दशवै. १०।२०)

જે મહામુનિ આર્ય (ધર્મપદ)નો ઉપદેશક હોય અને જે પોતે ધર્મમાં સ્થિત રહેતો હોય અને બીજાને પણ ધર્મમાં સ્થિત રાખતો હોય અને સંસારના પ્રપંચોનો ત્યાગ કરી, હંમેશ માટે કુશીલ વચન, હાંસી-ઠઠ્ઠા મશ્કરીનો ત્યાગ કરે છે, એ ભિક્ષુ છે.

तं देहवासं असुइं असासयं, सया चए निच्चहियट्ठियप्पा।
छिंदित्तु जाईमरणस्स बंधणं, उवेइ भिक्खू अपुणागमं गइं ॥
(दशवै. १०।२१)

પોતાના આત્માનું નિત્ય હિત કરવામાં સ્થિર રહેવાવાળો ભિક્ષુ, અપવિત્ર અને ક્ષણભંગુર શરીરમાં નિવાસ કરવાનું નિત્ય માટે ત્યાગી દે છે તથા બંધનરૂપ જન્મ-મરણના ફેરાને કાપી નાખીને નિત્ય માટે મોક્ષને પ્રાપ્ત થાય છે.

• • •

પ્રત્યેક જીવ સુખ ઇચ્છે છે, દુઃખથી એ [illegible] રહે છે અને પોતાના સુખ માટે બીજાઓને દુઃખ આપવા લાગે છે. ભગવાન મહાવીરે '[illegible] સૂત્ર'નો ઉપદેશ આપ્યો છે અને બતાવ્યું છે કે મનુષ્યનું આચરણ સમતામૂલક હોવું જોઈએ, પરંતુ કર્મનું આવરણ [illegible] [illegible] બધા પ્રયાસ [illegible] છે. એથી અન્ય જીવોને તો દુઃખ થાય જ છે.

સમતામૂલક જીવન માટે આત્મા પરથી કર્મનું આવરણ દૂર [illegible] આવશ્યક છે. એવું જીવન કેવળ પોતાના માટે જ નહિ, [illegible] છે.

બધાની આત્માઓમાં જ સુખ સમાયલું છે [illegible] વિકારોથી મુક્ત થયા વિના [illegible] [illegible] દુઃખ સુખ [illegible] જીવન [illegible]

કર્મોનું આવરણ દૂર [illegible]

[illegible]

ધર્મ શું છે ?

[illegible]

મુશ્કેલ છે. સત્ પ્રવૃત્તિઓ પણ ભાર રૂપ બની જશે અને એ બંધન રૂપ બની જશે. એટલે સાધકે અનાસક્ત રહેવું પડશે. ફળની આસક્તિનો ત્યાગ કરવો પડશે. આ નિર્લેપ વૃત્તિને જ શૌચ કહેવામાં આવે છે. આંતર-બાહ્ય પવિત્રતાથી આત્મદર્શન થાય છે. પવિત્રતાના પાલનમાં બાહ્ય પવિત્રતા જ સાધ્ય નથી, લોભનો, ઘૃણાનો ત્યાગ કરવાથી શુચિતા વધે છે.

સત્ય

આ સાધનામાં જ્યાં સુધી સાધનાના હેતુના સંબંધમાં સ્પષ્ટ દૃષ્ટિ ન હોય ત્યાં સુધી સામર્થ્ય આવતું નથી. આ બધું કરવાની પાછળ જે દૃષ્ટિ છે, એ છે સત્યની શોધ. આમ તો બોલવા સુધી સત્યને, કેટલાય લોકો મર્યાદિત બનાવે છે, પરંતુ સત્ય એથી અધિક છે. સત્યમાં સાચું બોલવાનું તો આવેજ છે, પરંતુ સત્ય હિતકર અને બીજાઓને પ્રિય પણ હોવું જોઈએ. પરંતુ જયારે એકનું સત્ય બીજાથી વિપરીત હોય તો એ વિચારવું જોઈએ કે આ ભેદ શા માટે છે? એના કારણો શોધવા અને સમજવા જોઈએ. સત્યનો શોધક નિર્ભય અને નિર્મળ હોય છે. પ્રત્યેક સત્યના અનેક દૃષ્ટિકોણ હોય છે, એનો જો સમગ્રપણે વિચાર ન કરવામાં આવે તો સત્ય સમજેલી વાતનો પણ અધૂરી રહેવાનો સંભવ છે. માટે સત્યના શોધકે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. એનામાં ધીરજ હોવી જોઈએ. એ ઉતાવળો ન થાય અને પોતાની વાત બીજા પર ન લાદે, કારણ કે સત્ય બીજાઓની આઝાદીમાં હસ્તક્ષેપ નથી કરતું. ભિન્ન વિચારો હોવા છતાં પણ મનુષ્યે બીજાઓ પ્રત્યે આત્મીયતા-પ્રેમ રાખવો જોઈએ. સત્યશીલમાં ઉદારતા અત્યંત આવશ્યક છે.

સંયમ

પરંતુ આવા સત્યનું પાલન સંયમ વિના નથી થતું, એટલે સાધકને સંયમ પાલનનો વિશેષ આદેશ આપવામાં આવ્યો છે. પોતાના કોઈ વ્યવહારથી બીજાઓને કષ્ટ ન પહોંચે એવું જીવન, સંયમ વિના સંભવિત નથી. મનુષ્યના આ નાના એવા તન અને મનમાં અનંત આશા-આકાંક્ષાઓ છે. એની પૂર્ણતાના ચકરાવામાં પડી, મનુષ્ય પોતાના માર્ગથી ચ્યુત થાય છે. પ્રયત્નપૂર્વક તથા આનંદપૂર્વક, મન તથા ઇંદ્રિયો પર કાબુ ઉત્તમ સંયમ છે.

...ંયમી હોય છે એ તપસ્વી પણ હોય છે. તપ. અર્થાત પુરુષાર્થ. ...ઉન્નત બનાવવા માટે, શુદ્ધ બનાવવા માટે, સાત્વિક બનાવવા ...ષાર્થ અત્યંત આવશ્યક છે. શરીર વિકારગ્રસ્ત, પ્રમાદી અને ...ધ ન બને એ માટે પ્રતિપળ સજાગ, સક્રિય અને અપ્રમાદી રહેવું ...એ જ તપસ્યા છે. શ્રમણ-સંસ્કૃતિમાં સમાયેલો શ્રમ શબ્દ ...દ્ધિ માટે કરવામાં આવનાર પુરુષાર્થનું પ્રતીક છે

...અને તપોમય જીવન વિતાવનારાઓના જીવનમાં ત્યાગનું ઘણું ...જે પોતાના જીવનનો વિકાસ કરવાનો સંકલ્પ કરી, જીવન ...કરવા ઇચ્છે એમણે કેટલાક વ્રત-નિયમ એટલે કે સારી વાતો ...નો અને ખોટી વાતોનો ત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય કરવો જોઈએ. ...ઉપ-ભોગપણામાં કે આસક્તિમાં ફસાયેલા રહીને કોઈ આત્મ- ...ી કરી શકતો.

...ગ ત્યારે જ સંભવે, જ્યારે સંતોષ વધે છે અને અકિંચન- ...આચરણમાં આવે છે. બધા સંત પુરુષોનું કહેવું છે કે સંતોષ. ...ણ કરનારા છે. પોતાને અકિંચન કે નિરીહ માનવ, એકદમ ...વાથી જ બાધા પરિગ્રહ કે મુશ્કેલીથી મુક્ત થાય છે

[illegible]

બાર ભાવનાઓ

બાર ભાવનાઓને વૈરાગ્યની જનની કહેવામાં આવી છે. આ ભાવનાઓના ચિંતનથી વૈરાગ્ય દૃઢ થાય છે. વૈરાગ્યથી અનાસક્તિ આવે છે અને અંતમાં મોક્ષ પ્રાપ્ત થાય છે. આ ભાવનાઓના ચિંતનથી જીવન શુદ્ધ થાય છે. આ બાર ભાવનાઓ છે:

અનિત્ય

સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. શરીર તથા શરીર સાથે સંબંધ ધરાવતી પ્રત્યેક વસ્તુનો જ્યારે નાશ થવાનો છે ત્યારે એના પ્રત્યે આસક્તિ રાખવાથી સિવાય દુઃખ કંઈ પણ હાથ આવવાનું નથી. પરંતુ મનુષ્ય પોતાને અમર માનીને એવા કામ કરે છે જેનાથી બીજાને કષ્ટ પહોંચે છે, દુઃખ થાય છે. એ પોતાના શ્રેયને ભૂલી જાય છે. એટલે બધા મહાન પુરુષોએ કહ્યું છે કે, જેમણે શ્રેય સાધવું હોય, આત્મ કલ્યાણ કરવું હોય, તેઓ શરીરની અનિત્યતા સમજે. મૃત્યુ ગમે ત્યારે આવી શકે છે એ વાતને ભૂલ્યા વિના, પોતાને પાપ-કર્મથી બચાવે.

મૃત્યુનું સ્મરણ રાખનારથી બુરાઈ નથી થઈ શકતી કારણ કે એ જાણે છે કે એણે બધું છોડીને જવાનું છે. જે શરીર અસ્થિર છે એનો સારા કાર્યમાં ઉપયોગ કરવો જ હિતકારી છે. અનિત્ય-વિનાશી-ચીજોની પાછળ પડીને શક્તિનો દુરુપયોગ કરવો સાધકને સારો નહિ લાગે અને પોતાની એક ક્ષણ પણ વ્યર્થ ન ગુમાવતાં, એ પોતાનો વિકાસ કરતો રહેશે.

અશરણ

જે પોતાને અત્યંત શક્તિશાળી અને બળવાન માને છે એ પણ ખરેખર તો કેટલો અસમર્થ છે? બિમારીથી બચવા માટે ભલે એ વૈદ્યનું ..ણું લે, ડોકટરની સહાયતા ઇચ્છે. પરંતુ કોઈનું કાંઈ નથી ચાલતું.

એને કોઈ રોગ-મુક્ત નથી કરી શકતું એને કોઈ નિશ્ચિંત નથી કરી શકતું. કોઈનો આશ્રય એને દુઃખથી, મોટોથી નથી બચાવી શકતું. આમ પોતાની અલ્પ શક્તિ અને અનાથપણાનો કે અશરણતાનો ખ્યાલ સાધકને સાધનામાં બળ આપે છે. એ જાણે છે કે આત્મા જ મિત્ર માત્ર હોય છે. આત્મશક્તિ જ એને ઉગારનારી શક્તિ છે. સત્તા, સંપત્તિ કે પ્રતિષ્ઠાના ગમે તેટલા ઉપાયો મનુષ્યને નથી બચાવી શકતા.

સંસાર

સંસારની ઉત્પત્તિ, વ્યય અને ધ્રુવ : આ ત્રિ-સ્વરૂપનું ચિંતન ઘણું સાધનામાં આવશ્યક છે. કારણ કે આપણે તથાકથિત સાંસારિક સંબંધોના પાશમાં આપણા જીવન-સંબંધને ભૂલી જઈએ છીએ. આસક્તિના કારણે આપણે સાંસારિક ભોગોને જ સારભૂત માનીએ, [illegible] માટે આનંદનો વિકાસ કરીએ તો જાણીએ ખરો, માનવતાને જ ભુલાવન. [illegible] 'સ્વ'ની ભ્રાન્તિ એટલી કે શરીર અને શરીર [illegible] મનુષ્યને ભુલાવી [illegible] છે, કેટલી શરીર અને શરીર [illegible] આસક્તિનો ત્યાગ કરવો કઠિન છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

એકત્વ

[illegible]

મનુષ્યનું કર્તવ્ય છે અને એ કાર્ય કોઈ પ્રકારનો મોહ કે આસક્તિ રાખ્યા વગર કરવું જોઈએ.

અન્યત્વ

આસક્તિના કારણે શરીર અને એના હ્રાસ-વિકાસને મનુષ્ય પોતાનો હ્રાસ કે વૃદ્ધિ માની બેસે છે. એ એવા કામ પણ કરી નાખે છે, જે કરવા યોગ્ય નથી હોતા તથા બાધક હોય છે. એટલે ચેતન અને જડનું ચિંતન એને પોતાના વિકાસ-માર્ગે આગળ લઈ જાય છે, મોહ કે આસક્તિથી રોકે છે. એ શરીરનો ઉપયોગ વિકાસમાં કરે છે. શરીરને આધીન નથી હોતો, શરીર એને વશ હોય છે. વૃદ્ધત્વ, બિમારી અને મૃત્યુ આદિ અવસ્થાઓ સ્વાભાવિક જ હોય છે. એને ટાળી શકાતી નથી. હા, એની ઓછામાં ઓછી અસર થાય એટલું કરી શકાય છે. શરીરનો ઉપયોગ માનવતાના વિકાસ માટે કરી શકાય છે. સાધકે યાદ રાખવું જોઈએ કે એ પદાર્થ નથી.

અશુચિ

સૌથી વધારે આસક્તિ શરીર પ્રત્યે હોય છે. એને ઓછી કર્યા વિના વિકાસ પ્રતિ પ્રગતિ મુશ્કેલ છે. શરીરના અશુચિ રૂપનું ચિંતન આસક્તિ દૂર કરવામાં સહાયક છે. શરીરની ઉત્પત્તિ અશુચિમાં જ થાય છે. દેહ અશુચિમય જ થાય છે, છતાં પણ આત્માની શુચિતાનું દર્શન આ શરીરમાં કરવાથી અશુચિતા ઓછી થાય છે.

આસ્રવ

ઇંદ્રિય-ભોગોની નશ્વરતાનું ચિંતન કરવાથી ભોગોથી બચી શકાય છે. જે લોકો ઇંદ્રિય-વિષયક ભોગોમાં લીન રહે છે તેઓ શારીરિક અને માનસિક કષ્ટ ભોગવે છે. જેમ સ્વાદેન્દ્રિયને વશ ન કરવાના કારણે રોગોના શિકાર બનીએ છીએ. એવી જ રીતે સ્પર્શેન્દ્રિયનું પણ હોય છે. જે લોકો મન પરથી કાબુ ગુમાવી બેસે છે, તેઓ ગમે તેવાં ખરાબ કર્મ કરે . એના પરિણામ ભોગવ્યા વિના છુટકારો નથી. શરીર-ત્યજ્યા પછી ભોગવવું પડે છે, કારણ કે આસક્તિના કારણે જ કર્મોનો બંધ થયા

છે. આ રીતે આત્મહિતનો ખ્યાલ રાખનારાઓ માટે દુઃખોના કારણરૂપ [illegible] ભાવોના પરિણામોનું ચિંતન હિતકારી છે. [illegible]

સંવર

આસ્રવ [illegible] વૃત્તિને રોકવાને, [illegible] ચિંતન [illegible] છે. [illegible] વિચાર [illegible] છે. [illegible] ચિંતન હિતકર છે. [illegible]

નિર્જરા

પૂર્વકર્મોનો કે સંસ્કારોનો વિનાશ [illegible] નિર્જરાનો [illegible] છે. [illegible]

[illegible]

[illegible]

લોક

[illegible]

બોધિ દુર્લભ

યત્નાચારથી ચાલનાર સાધક એવી ભાવનાનું ચિંતન કરે છે કે, આ સંસારમાં અસંખ્ય પ્રાણી છે, એમને પોતાના વિકાસનો વિચાર જ નહિ, તેઓ સંસારના પ્રવાહમાં તણાઈ રહ્યા છે. પરંતુ એના કારણો વિશે વિચાર કરવાની અને વિકાસની વાત સૂઝતી નથી. શરીર અને શરીર-સંબંધમાં અટવાયેલાં છે. ક્યારેક વિચાર આવી જાય તો પણ એવું આચરણ હોતું નથી. શુદ્ધ બુદ્ધિ કે સદ્‌વિચાર આવવો મુશ્કેલ છે. જીવ-જગત પ્રત્યે એવી ભાવનાનું ચિંતન ખૂબ ઉપયોગી છે. વાસ્તવમાં સદ્‌-જ્ઞાનની પ્રાપ્તિ ભારે મુશ્કેલ છે. સમતાથી જ એવું જ્ઞાન થાય છે.

ધર્મ

વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે. ધર્મ-તત્ત્વ પ્રવાહી છે. ધર્મ ભાવનાનું ચિંતન સાધકના ચિત્તમાં ઉદારતા તથા નિર્મળતા નિર્મિત કરે છે.

જેમ આત્મવિકાસની વૃત્તિનું નિર્માણ મુશ્કેલ છે, એમજ બધાની ભલાઇના માર્ગ પર નિષ્ઠા રાખીને એ પ્રમાણે આચરણ કરવું મુશ્કેલ છે. ધર્મમાં સ્થિર સાધક સ્વાધ્યાય, ચિંતન, મનન, તથા શ્રવણ દ્વારા કર્તવ્યથી ચ્યુત થતાં જીવોને ધર્મમાં સ્થિર કરે છે. એમને પ્રોત્સાહન આપે છે, પ્રભાવના કરે છે.

• • •